પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૮-૪-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૫, અંક : ૪૪

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

અંતરમાં સંઘર્ષ ચાલતો હોય અને ચહેરો હસતો હોય... એ જ જીવનનો શ્રેષ્ઠ અભિનય છે...

હોમ ડીલીવરી મળશે
ચણાદાળ
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ
મો.9429189105

ગુજરાતે ફરી એક વખત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને "જાકારો" આપ્યો

# સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ભગવો લહેરાયોઃ ભાજપની પ્રચંડ જીત

## મત ગણતરીના પ્રથમ રાઉન્ડથી જ મહાપાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતમાં ભાજપના ઉમેદવારોને જંગી લીડઃ અનેક બેઠકો પર કમળ ખીલ્યું

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા સત્તાના સેમિ ફાઈનલ સમી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ગત રવિવારે યોજાયેલા મતદાન બાદ આજે સવારથી હાથ ધરવામાં આવેલી મત ગણતરીમાં વધુ એક વખત ગુજરાતની જનતાએ ભાજપ પર પ્રેમ વરસાવ્યો છે. પરિવર્તન કરવાના સંકલ્પ સાથે નીકળેલા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને જનાદેશ પ્રાપ્ત થયો નથી. મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ભાજપનો બેઠકો પર કમળ ખીલ્યું છે. રાજ્યની ૯ નવરચિત મહાપાલિકા સહિત ૧૫ કોર્પોરેશનમાં ભાજપના મેયર હશે તેવું ચિત્ર હાલ ઉપસી રહ્યું છે. મોટાભાગની જિલ્લા પંચાયતોમાં પણ મતદારોએ કમળ તરફી જનાદેશ આપ્યો છે. ભાજપના સમર્થકો અને કાર્યકરો દ્વારા વિજયોત્સવની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



તસવીરઃ શૈલેષ વાડોલીયા



લહેરાયો છે. મોટાભાગની મહાપાલિકામાં ભાજપ પૂર્ણ બહુમત સાથે ફરી સત્તારૂઢ થવા તરફ આગળ વધી રહ્યું છે. જિલ્લા પંચાયતમાં પણ ભાજપ તરફી જનાદેશ પ્રાપ્ત થયો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. નગરપાલિકાની ચૂંટણીમાં પણ મતદારોએ ભાજપને મેન્ડેટ આપ્યું હોય તેવું હાલ દેખાઈ રહ્યું છે. તાલુકા પંચાયતોમાં પણ સર્વત્ર કમળ ખીલી રહ્યું છે.

રાજ્યની જે ૯ મહાનગરપાલિકાની ચૂંટણી પ્રથમ વખત યોજાઈ હતી. તેમાં



વિજય વાવટો લહેરાયો છે. મત ગણતરીના પ્રથમ રાઉન્ડથી ભાજપના ઉમેદવારોને જંગી લીડ મળી ચુકી છે. જ્યારે અનેક કાળઝાળ ગરમીમાં ૫૦% સુધીના મતદાને પણ કમળને સોળે કળાએ ખીલવી દીધું છે. આમ આદમી પાર્ટીના કારણે વધુ એક વખત કોંગ્રેસને મોટી નુકશાની થઈ હોવાનું પૂરવાર થયું છે.

### રાજ્યની નવરચિત ૯ મહાનગરપાલિકા સહિત તમામ ૧૫ કોર્પોરેશનમાં ભાજપના મેયર હશેઃ મોટાભાગની જિલ્લા પંચાયતોમાં પણ કમળ તરફી જનાદેશ

| | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| મહાપાલિકા ૧૦૪૪/ | ૨૫૩ | ૧૫ | ૦૨ |
| નગરપાલિકા / ૨૬૨૪ | ૮૨૮ | ૧૦૬ | ૩૩ |
| જિલ્લા પંચાયત /૧૦૯૦ | ૧૧૩ | ૧૪ | ૧૦ |
| તાલુકાપંચાયત/૫૨૩૪ | ૪૫૨ | ૫૬ | ૨૮ |

### મહાનગરપાલિકામાં કોને કેટલી બેઠક

| મહાપાલિકાનું નામ | કુલ કેટલી બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| રાજકોટ | ૭૨ | ૨૪ | ૪ | - |
| અમદાવાદ | ૧૯૨ | ૫૬ | ૮ | ૧ |
| સુરત | ૧૨૦ | ૨૪ | - | - |
| વડોદરા | ૭૬ | ૨૪ | ૮ | - |
| જામનગર | ૬૪ | ૨૪ | - | - |
| ભાવનગર | ૫૨ | ૨૦ | - | - |
| મોરબી | ૫૨ | ૨૪ | - | - |
| સુરેન્દ્રનગર | ૫૨ | ૧૨ | - | - |
| પોરબંદર | ૫૨ | ૧૬ | - | - |
| ગાંધીધામ | ૫૨ | ૮ | - | - |
| વાપી | ૫૨ | ૨૮ | ૪ | - |
| નવસારી | ૫૨ | ૧૬ | - | - |
| નડિયાદ | ૫૨ | ૧૬ | - | - |
| આણંદ | ૫૨ | ૨૦ | ૧ | - |
| મહેસાણા | ૫૨ | ૨૦ | - | - |

## ભુજ નગરપાલિકામાં ઓવૈશીની એન્ટ્રી, ૩ ઉમેદવારોની જીત

### અન્ય ૧ બેઠક પર કોંગ્રેસને જીત મળી સત્તાધારી પક્ષ ભાજપને એક પણ બેઠક ના મળી

ભુજથી નપામાં એઆઈએમઆઈએમ એટલે કે ઓવૈશીની પાર્ટીની એન્ટ્રી થઈ છે. અહીં વોર્ડ ૧ માં અઈખઈખના ૩ ઉમેદવારો જીતી ગયા છે. જ્યારે અન્ય ૧ બેઠક પર કોંગ્રેસને જીત મળી છે. કચ્છના પાટનગર ભુજમાં સ્થાનિક સ્વરાજ્યની રાજનીતિમાં એક મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ભુજ નગરપાલિકામાં પ્રથમ વખત અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી (ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન) એ શાનદાર એન્ટ્રી કરી છે.વોર્ડની કુલ ૪ બેઠકોમાંથી ૩ બેઠકો પર **AIMIM**ના ઉમેદવારોએ ભવ્ય વિજય મેળવ્યો છે.બાકી રહેલી ૧ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો છે.આ વોર્ડમાં સત્તાધારી પક્ષ ભાજપને એક પણ બેઠક મળી નથી.ભુજ નગરપાલિકામાં અઈખઈખ ની એન્ટ્રી એ સંકેત આપે છે કે મતદારો હવે પરંપરાગત પક્ષો સિવાયના વિકલ્પો તરફ પણ વિચારી રહ્યા છે, ખાસ કરીને લઘુમતી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં પતંગે ઊંચી ઉડાન ભરી છે.જીત આગામી સમયમાં નગરપાલિકાના વિપક્ષી નેતા પદ અને અન્ય સમિતિઓની રચનામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.વિજય સાથે જ ભુજના રાજકારણમાં હવે નવા સમીકરણો રચાયા છે અને આગામી દિવસોમાં પાલિકાના કામોમાં **AIMIM**નો અવાજ પણ ગુંજતો જોવા મળશે.



રાજ્યની ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણી માટે ગત રવિવારે મતદાન યોજાયું હતું. એસઆઈઆર બાદ પ્રથમ વખત યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ગત ચૂંટણી જેટલી જ રહેવા પામી હતી. જેના કારણે તમામ રાજકીય પક્ષોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જનાદેશ ક્યા તરફી હશે તે અંગે કોઈ સચોટ આગાહી થઈ શકતી ન હતી. દરમિયાન આજે સવારે તમામ સ્થળોએ એકસાથે મત ગણતરી શરૂ કરવામાં આવી હતી. જેમાં પ્રથમ રાઉન્ડથી જ ભાજપનો વિજય વાવટો મતદારોનો મિજાજ કેવો રહેશે તેના પર સૌની મીટ મંડાયેલી હતી પરંતુ તમામ સ્થળોએ હાલ ભાજપને બે તૃતીયાંશથી વધુ બહુમતી મળી હોય તેવું દેખાઈ રહ્યું છે. કેટલીક બેઠકો પર ક્રોસ વોટીંગના કારણે પેનલ ટુ પેનલ જીતવાના બદલે પેનલ ભાંગીને

(અનુ. આઠમા પાને)

# ભાજપ માટે વિધાનસભાનો રસ્તો વધુ સરળ બન્યો


## સત્તાના સેમિ ફાઈનલ સમા ચૂંટણી જંગમાં કેસરિયો માહોલ સર્જાતા હવે દોઢ વર્ષ બાદ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપ સામે કોઈ મજબૂત પડકાર નહિં

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને વિધાનસભાની ચૂંટણી પહેલા સત્તાના સેમિ ફાઈનલ સમા જંગ માનવામાં આવતો હોય છે. જે રીતે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં ભાજપનું બુલડોઝર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર ફરી વળ્યું છે. તે જોતા એવું સ્પષ્ટ થઈ ગયું છે કે હવે દોઢ વર્ષ બાદ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે રાજ્યમાં આઠમી વખત સત્તારૂઢ થવા માટે કોઈ મોટા પડકારનો સામનો કરવો પડશે નહિં. આસાનીથી તોતીંગ બહુમતીથી ૨૦૨૭માં પણ ભાજપ ગુજરાતમાં ફરી સત્તાનું સુકાન સંભાળી લેશે.

લોકસભાની ચૂંટણીમાં ૨૦૧૪ અને ૨૦૧૯માં સતત બે વખત રાજ્યની તમામ ૨૬ બેઠકો જીત્યા બાદ જ્યારે ૨૦૨૪માં લોકસભાની ચૂંટણીમાં ભાજપે બનાસકાંઠા લોકસભા બેઠક ગુમાવવી પડી ત્યારે એવી ચર્ચાઓ થવા માંડી હતી કે ગુજરાત વિધાનસભાની ૨૦૨૭માં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ભાજપે ખૂબ જ મોટા પડકારનો સામનો કરવો પડશે. કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં ખૂબ જ મજબૂતાઈ સાથે ઉભરી રહી હોવાના કારણે ૨૦૨૭માં ભાજપ સામે એક નહિં પરંતુ બે પડકાર હશે. જો કે, આ ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે. કારણ કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના પરિણામોને વિધાનસભાની ચૂંટણી પહેલા સત્તા માટેનો સેમિ ફાઈનલ માનવામાં આવતો હોય છે. આ સેમિ ફાઈનલને ભાજપે એક તરફી જીતી લીધો હોય તેવું લાગી રહ્યું છે. હવે દોઢ વર્ષ બાદ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ રાજ્યમાં આઠમી વખત સત્તારૂઢ થાય તે લગભગ નિશ્ચિત જેવું બની ગયું છે. ૨૦૨૨માં ભાજપ ૧૫૬ બેઠકો જીત્યું હતું. હાલ ભાજપ પાસે ૧૮૨ ધારાસભ્યો પૈકી ૧૬૧ ધારાસભ્યોનું સંખ્યાબળ છે. હવે આ સંખ્યા આગામી ચૂંટણીમાં વધે તો પણ કોઈ શંકા નહિં તેવું માની શકાય.

કોંગ્રેસને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મોટા પરિણામની આશા હતી પરંતુ આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના મત કાપ્યા હતા. જેના કારણે 'આપે' પોતાની સાથે કોંગ્રેસની નૈયા પણ ડૂબાડી દીધી છે. ફાઈનલ પરિણામો આવતા-આવતા સાંજ પડી જશે પરંતુ એક વાત નિશ્ચિત છે કે સત્તાના સેમિ ફાઈનલ સમી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે એક તરફી જીત હાંસલ કરી લીધી છે. હવે જોવાનું એ રહે છે કે કોંગ્રેસને કારમી હારની સમિક્ષા ગંભીરતાપૂર્વક કરશે કે પછી હમેંશાની માફક હાર સ્વીકારી પ્રજા વચ્ચેથી ફરી અલિપ્ત થઈ જશે.



## આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના મત તોડ્યાઃ ભાજપને મોટો ફાયદો

આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના મત મોટાપાયે તોડ્યા હતા. જેનો ભાજપને ખૂબ જ મોટો ફાયદો મળ્યો હતો. ભાજપના પરંપરાગત મતદારો ૪૪ ડિગ્રી તાપમાનમાં પણ પક્ષ સાથે જોડાયેલા રહ્યા જેના કારણે ભાજપને સત્તાસુખ જાળવી રાખવામાં કોઈ મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નહિં. આમ આદમી પાર્ટીએ મોટાભાગની બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા. જેનાથી ત્રિપાંખયો જંગ હોય તેવો માહોલ દેખાતો હતો પરંતુ એવું મત ગણતરીમાં ક્યાય સામે આવ્યું નથી. ભાજપના ઉમેદવારોની લીડ વધી છે. સામા પક્ષે કોંગ્રેસે પારાવાર નુકશાની વેઠવી પડી હતી. છેલ્લા ઘણા સમયથી આમ આદમી પાર્ટીના કારણે ભાજપને ફાયદો મળતો રહે છે. આજેપણ આ વાત પ્રસ્તાપિત થઈ ચુકી છે.

## લુપ્ત થઈ રહી છે, ચોમાસાની મધુર ધૂન

# કુદરતનું થર્મોમીટર: દેડકા કહે છે પર્યાવરણની હાલત

### વિશ્વમાં તેનું ૨૬૫ કરોડ વર્ષ પહેલાં અસ્તિત્વ હતું: હાલ દુનિયામાં તેની ૪૮૦૦ પ્રજાતિ જોવા મળે છે: તે પૂંછડી વગરનું કરોડરજ્જુવાળું પ્રાણી છે: પાણીના અભાવમાં તે સુષુપ્ત અવસ્થામાં જઈ શકે છે: આપણી ઈકોસિસ્ટમ માટે તેની મહત્વપૂર્ણ ભૂમિકા: પૃથ્વી પર જીવજંતુની તે વસ્તી ઘટાડે છે, અને રોગોને અટકાવે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ઉભયજીવીનો ઉસ્તાદ એવા દેડકાનું અનોખું વિશ્વ છે. તે પાણી અને જમીન બંનેનો રહેવાસી છે, તેની બે-ધારી જિંદગી છે,તેની ઘટતી વસ્તી પૃથ્વીની ઈકોસિસ્ટમ તોડી નાખશે. તે ચોમાસાનો ગાયક અને કુદરતનો રક્ષક છે. પ્રકૃતિના નાના જાસૂસ દેડકા પોતાના રંગ બદલીને પર્યાવરણમાં ભળી જાય છે, જેને 'કેમેલિયન' ઈફેકટ કહેવાય છે; તેમની આંખો ૩૬૦ ડિગ્રી ફેરવી શકે છે અને એક જ વખતમાં બે દિશામાં જોઈ શકે છે. વિશ્વનો સૌથી મોટી દેડકો 'ગોલિયથ ફ્રોગ' ૩૨ સે.મી. લાંબી હોય છે, જ્યારે સૌથી નાની 'પાઈસા ફ્રોગ' માત્ર ૭ મિ.મી.ની આ નાના જીવો ૭૦૦૦ થી વધુ પ્રજાતિ ઓમાં વિભાજિત છે, જેમાંથી કેટલીક ઝાડ પર રહે છે, કેટલીક રણમાં અને કેટલીક પાણીમાં, તે ત્વચા દ્વારા શ્વાસ લે છે અને કેટલીક પ્રજાતિના દેડકા 'ફ્લાયિંગ ફ્રોગ' જેવા પેરાશૂટથી ઉડ્ડાણ ભરે છે.

દેડકાનો 'ડ્રાઉં ડ્રાઉં' અવાજ ૨૬૫ કરોડ વર્ષ પહેલા શરૂ થયો હતો. આજે વિશ્વ દેડકા બચાવ દિવસની ઉજવણી થઈ રહી છે, ત્યારે આપણી ઈકો સિસ્ટમમાં તેની મહત્વની ભૂમિકા છે, જે જીવજંતુઓની વસ્તી ઓછી રાખીને રોગોને અટકાવે છે. દુનિયામાં દેડકાને પુરતો પ્રેમ અને ઓળખ મળી નથી, મધમાખીઓ જેવી રીતે પૃથ્વી પરથી ખતમ થઈ રહી છે, તેવી જ રીતે દેડકાનું અસ્તિત્વ ધીમે ધીમે ઘટતું જાય છે. ૨૦૦૮ થી ઉજવાતો આ દિવસ એપ્રિલ મહિનાના છેલ્લા શનિવારે ઉજવાતો હતો પણ, ૨૦૨૩થી તે ૨૮ એપ્રિલના રોજ ઉજવાય છે. દેડકા ઘણા લાંબા સમયથી આખી દુનિયામાં જોવા મળી રહ્યા છે. આધુનિક દેડકાના પહેલા પૂર્વજ ટ્રાયસીક સમયગાળાના છે, તે સંપૂર્ણ માસાહારી છે, અને દરેક જીવજંતુઓ ખાય છે.

તેને મચ્છર ગમતા ન હોવાથી તેને બનતા પહેલા જ ખાઈ જાય છે. તેને ભેજવાળા વાતાવરણની વધુ જરૂર પડતી હોય છે. તેના અદભુત અવાજના કારણે લોકોને વરસાદી વાતાવરણમાં આનંદ આવતો હોય છે. દુનિયામાંથી તેની ઘણી પ્રજાતિઓ ૧૯૭૦ થી સતત ઘટતી જોવા મળે છે, ત્યારે ૧૯૮૦ માં તેની ઘણી પ્રજાતિઓ પૃથ્વી પરથી અદ્રશ્ય થઈ ગઈ હતી. ઈજિપ્તમાં ૧૫૦૦ બીસી માં તેનો ભયંકર ઉપદ્રવ વધ્યો હતો. ૧૯૯૫ માં એક પોપટ શોમા તે પ્રથમવાર ચમકયો હતો, અને ૧૯૭૦ માં દેડકા ઉપરનું પ્રથમ ગીત રિલીઝ થયું હતું. એક વિચિત્ર મોટા અવાજ થી વરસાદના આગમનની છડી પોકારે તે દેડકો પૂંછડી વગરની પ્રજાતિ છે, જેની વિશ્વભરમાં ૪૮૦૦ જેટલી પ્રજાતિઓ જોવા મળે છે. પહેલા તે પ્રાચિન ગ્રીકમાં જોવા મળ્યા હતાં. સમગ્ર દુનિયા સાથે ભારતમાં પણ વિવિધ કલરના ચિત્ર-વિચિત્ર દેડકા જોવા મળે છે, તેમનું વિચિત્ર શરીર માનવ રચના સાથે મળતું હોવાને કારણે સંશોધનમાં તબિબ શિક્ષણમાં તેનો ઉપયોગ ઊંદર, સસલુ અને ગીની પીંગ સાથે




થાય છે. તબિબી શિક્ષણમાં બેઝીક સમજણ માટે તેનો ઉપયોગ આજકાલ થતો જોવા મળે છે. ગ્રંથીઓની ચામડીને કારણે આપણને ગમતું નથી વિવિધ કલરો સાથે રંગ બદલતા ડેડકા પણ પૃથ્વી પર છે. ભૂરા, લીલા, ચમકતા લાલ-પીળા અને કાળા રંગના દેડકા શિકારીથી બચવા છલકપણ પણ કરતાં જોવા મળે છે. કેટલીક પ્રજાતિ વૃક્ષ પર પણ રહે છે, તે સામાન્ય રીતે પાણીમાં ઈંડા આપે છે, તે શાકાહારી સાથે સર્વાહરી પણ છે. મોટા ભાગે નાના જીવ-જંતુ તેનો મુખ્ય ખોરાક છે. આપણા સાહિત્ય, ધર્મ, સંસ્કૃતિમાં તેનું મહત્વ વિશેષ જોવા મળે છે. ૧૯૫૦ તેની વસ્તીમાં ઘણી ગીરાવટ જોવા મળી હતી. આ ગાળામાં ૧૨૦ જેટલી પ્રજાતી નષ્ટ પામી હતી. વિશ્વમાં અમુક જગ્યાએ ૩૨૫ કિલોના વિશાળ દેડકા પણ જોવા મળે છે.

દેડકા વિશે અવનવી વાતો સાથે ઘણી લોક વાયકા પણ આમ જનતામાં જોવા મળે છે. તે પૃથ્વી પર ૨૬૫ કરોડ વર્ષ પહેલા જોવા મળ્યાના અશ્મિઓ રૂપે પૂરાવા છે. દેકડો પૂંછડી વગરનું કરોડરજજુ વાળું પ્રાણી છે. તેમના ઈંડામાંથી ટેકપોલ તરીકે નીકળે છે અને પાણીમાં જીવે છે તેને ત્યારે પૂંછડી હોય છે. દેડકો ચામડી દ્વારા શ્વાસ લેવાની ક્રિયા કરે છે. ૭.૭ મી.મી. થી ૧૨ ઈંચના દેકડા પણ જોવા મળે છે. દેડકો ખોરાક, પાણી વગર બેભાન અવસ્થામાં જમીન નીચે પડયો રહે છે. અને પાણી મળતાં જાગૃત બને છે, તે સુસુપ્ત અવસ્થામાં મહિનો સુધી પડયો રહે છે. તેમનો ડ્રાંઉ ડ્રાંઉ અવાજ જાણીતો છે, ઘણીવાર ગળું ફૂલાવીને દૂર સુધી સંભળાય તેમ અવાજ કરે છે. તેને કાન હોતા નથી પણ આંખ પાસેના છિદ્રોથી તે સાંભળી શકે છે. તેની આંખ ઉપર ત્રણ પોપચાના પડ હોય છે જે પૈકી પારદર્શક પડ પાણીમાં ડૂબકી લગાવે ત્યારે બંધ કરે છે. આગળના ટુંકા અને પાછળના લાંબા પગ તેને લાંબા કૂદકા લગાવવામાં મદદ કરે છે. તે થોડા સમયે ચામડી ઉતારે છે જે બાદમાં નવી આવી જાય છે. તેને જડબામાં ઉપર બે દાંત હોય છે. તેનાથી તે ખોરાકને પકડી ગળે ઉતારે છે. દેડકો કયારેય ખોરાક આવતો નથી.દેડકાની આંખો મોટી હોવાથી અને માથા ઉપર બંને તરફ ઉપસેલી હોવાથી તે ચારે દિશામાં જોઈ શકે છે. તે જમીન અને પાણી એમ બન્નેમાં રહી શકેછે. પૂંછડી વાળા ટેડપોલનો વિકાસ થતાં ચાર પગ આવે છે. પૂંછડી નાશ પામે છે. હાલ વિશ્વમાં છેલ્લા સંશોધન મુજબ ૪૮૦૦ થી વધુ પ્રકારનાં દેકડા દુનિયામાં વસવાટ કરે છે. જાંબુડીયા કાચબા જેવા દેડકા તેમનું આખું જીવન ભૂગર્ભમાં જ વિતાવે છે. તે થોડા દિવસ જ જમીન સપાટી પર આવે છે.

**અમુક પ્રજાતિના દેડકાનું વજન ૩૨૫ કિલો !!**

દુનિયામાં વિવિધ પ્રકારના દેડકા નું અસ્તિત્વ જોવા મળી રહ્યું છે, ત્યારે અમુક ખાસ પ્રકારની તેમની પ્રજાતિના દેડકાનું વજન ૩૨૫ કિલો જેટલું સંશોધનકારોને જોવા મળ્યું છે. બ્રાઝિલના રેન ફોરેસ્ટમાં વિચિત્ર અવાજો કાઢતા દેડકાઓ પણ જોવા મળે છે. મુશ્કેલીની સમયમાં એકબીજાને અવાજોના સંકેતથી ચેતવણી પણ આપે છે. વિશ્વમાં સૌથી વધુ ૨૦૦૦ થી વધુ ઉભયજીવી પ્રજાતિઓ બ્રાઝિલના જંગલોમાં જોવા મળે છે. દુનિયામાં ઘણા દેડકાઓ પોતાના કદ કરતા વધુ મોટાનો શિકાર પણ કરી શકે છે. હું પ્રજાતિના દેડકામાં પગના પંજા નીચે જાડી હોવાથી એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર છલાંગ પણ લગાવવાની ક્ષમતા ધરાવે છે.

### મેડિકલ સંશોધનમાં અત્યંત મહત્વપૂર્ણ જીવ

દેડકા જેને આફ્રિકન ફ્રોગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મેડિકલ સંશોધનમાં અત્યંત મહત્વપૂર્ણ જીવ છે. તેના ટ્રાન્સપેરન્ટ ઈમ્બ્રાયોને કારણે વિકાસીય બાયોલોજી અને જનીનશાસ્ત્રના અભ્યાસમાં વપરાય છે, જેમ કે ૧૯૯૦ના દાયકામાં તેના થડકા પરથી મળેલા પ્રોટીન 'FGF'એ માનવ કોષોના વિકાસ અને કેન્સર સંશોધનને નવી દિશા આપી હતી, જેનાથી આજે ઈન્સુલિન અને હાર્ટ ડિસીઝના ઈલાજમાં મદદ મળી રહી છે.

### ચાર દાયકાથી દેડકાની સતત ઘટતી વસ્તી જીવજંતુઓના ઉપદ્રવમાં વધારો કરશે એવી દેહશત છે, ખાસ કરીને ઉધઈનુ પ્રમાણ વધી જશે: દેડકા પાણી અને જમીન બંને ઉપર રહી શકે છે: તેના ઉપર હવામાનના ઉષ્ણતામાન, ભેજ, પવન કે રેતીના તોફાનની કોઈ અસર થતી નથી

---

### વૈષ્ણવાચાર્ય વાકપતિ પીઠાધીશ પૂજયપાદ ગોસ્વામી

# મથુરેશ્વરજી મહારાજનો પાર્થિક દેહ પંચ મહાભૂતમાં વિલીન

### બહોળી સંખ્યામાં વૈષ્ણવજનોએ કર્યા અંતિમ દર્શન

**અબતક, રાજકોટ**

વડોદરા ખાતે વૈષ્ણવ સમાજ માટે અત્યંત શોકમય વાતાવરણ વચ્ચે વૈષ્ણવાચાર્ય વાકપતિ પીઠાધીશ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રીનો અગ્નિ સંસ્કાર વિધિવત રીતે સંપન્ન થયો હતો.

આ પ્રસંગે પૂજ્ય શ્રી યોગેશ્વરજી મહોદયશ્રી, પૂજ્ય શ્રી દ્રુમિલકુમારજી મહોદયશ્રી તેમજ પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના આશીર્વચનોથી વૈષ્ણવ સમાજને ધૈર્ય આપ્યું હતું.

આ સાથે અનેક રાજકીય આગેવાનો તથા સમાજના અગ્રણીઓએ પણ હાજરી આપી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

મોટી સંખ્યામાં વૈષ્ણવો દ્વારા અંતિમ દર્શન કરવામાં આવ્યા હતા અને આશ્રુભીની વિદાય આપવામાં આવી હતીમ શ્મશાન યાત્રામાં પણ વિશાળ સંખ્યામાં વૈષ્ણવો જોડાયા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિ અને ભાવનાથી ભરપૂર બન્યું હતું.

પૂજ્ય શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રીનો જીવનપ્રવાસ અત્યંત પ્રેરણાદાયી રહ્યો છેમ સમસ્ત વલ્લભકુલ પરિવારમાંથી પ્રથમ પેહલ કરીને તેમણે વિદેશમાં પુષ્ટિમાર્ગનો ધ્વજ લહેરાવવાનો ઐતિહાસિક પ્રારંભ કર્યો હતોમ અંદાજે ૪૦ વર્ષ પહેલાં અમેરિકાની ધરતી પર હ્યુસ્ટન અને ન્યુયોર્ક ખાતે બે હવેલીના નિર્માણ દ્વારા તેમણે પુષ્ટિમાર્ગને વૈશ્વિક સ્તરે સ્થાપિત કર્યો હતો.

તેમણે અસંખ્ય વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી અને વિશ્વના લગભગ ૫૦ દેશોમાં ધર્મધ્વજ લહેરાવવાનો પાયો નાખ્યો હતોમ તેઓ એવા પ્રથમ વૈષ્ણવાચાર્ય રહ્યા જેમણે વૈશ્વિક સ્તરે પુષ્ટિ પરંપરાનો પ્રસાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ગુજરાત સહિત વિદર્ભ, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં પણ તેમણે વ્યાપક પ્રવાસ કરીને અનેક મંદિરોની સ્થાપના કરી હતી અને વૈષ્ણવ સમાજને સંગઠિત કરવાનો મહાન પ્રયાસ કર્યો હતો.

દક્ષિણ ભારતમાં ચેન્નઈ ખાતે લગભગ ૩૦ વર્ષ પહેલાં વિશાળ વૈષ્ણવ કોલેજની સ્થાપના કરીને શિક્ષણ ક્ષેત્રે અનોખું યોગદાન આપ્યું હતું, જ્યાં આજે આશરે ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છેમ તેમ જ તિરુપતિ ખાતે ભવ્ય દક્ષિણ શ્રીનાથ ધામ ની સ્થાપના કરી છે તેમજ તિરુમલા ખાતે ભવ્ય શ્રી મહાપ્રભુજીની બેઠકજી અને રામેશ્વર ખાતે સુંદર શ્રી મહાપ્રભુજીની બેઠકજીનું નિર્માણ પણ પૂજ્ય શ્રીની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવ્યું છે.

તેમના નિધનથી વૈષ્ણવ સમાજે એક મહાન માર્ગદર્શક, પ્રેરણાસ્રોત અને આધ્યાત્મિક નેતૃત્વ ને ગુમાવ્યા છેમ તેમના દર્શાવેલા માર્ગ પર ચાલીને જ સાચી શ્રદ્ધાંજલિ અર્પણ થઈ શકે છે. વૈષ્ણવાચાર્યોમાં પુષ્ટિમાર્ગના સૌથી વયોવૃદ્ધ વૈષ્ણવાચાર્ય વાકપતિ પીઠાધીશ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રી ભૂતલ પર ૯૦ વર્ષ સુધી આપશ્રીએ સંપ્રદાયના ભાવિકોને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના સિદ્ધાંત સહિતના સાહિત્યથી લાભાન્વિત કર્યા.

---

# વડિયા: સ્વામિનારાયણ દિવ્યધામ ૨૨મો પાટોત્સવ અને શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ભકતો થયા તરબોળ





### ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાયો

**અબતક**
**માહિર સુમરા, વડિયા**

શ્રી સ્વામિનારાયણ દિવ્યધામ - વડિયા ખાતે ઘનશ્યામ મહારાજના ૨૨મા વાર્ષિક પાટોત્સવ તથા અ.નિ. સ્વા. દેવકૃષ્ણદાસજી સ્મૃતિ મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન તા.૧૮ થી ૨૪ એપ્રિલ ૨૦૨૬ દરમ્યાન સાત દિવસ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સદ્ માનત સ્વામી શ્રી રામકૃષ્ણદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી યોજાયેલ આ ભવ્ય મહોત્સવમાં વકતા તરીકે શા. સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ પોતાની સૂરીલી દિવ્ય વાણી થી ભાગવતામૃતના દિવ્યજ્ઞાનનુ રસપાન સરળ શૈલીમાં રસપાન કરાવ્યું હતું.


આ મહોત્સવ માં પોથીયાત્રા, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, જળયાત્રા, રૂકમણી વિવાહ, મારૂતિ યજ્ઞ, અભિષેક, અન્નકોટ જેવા અનેક ધાર્મિક કાર્યક્રમો ઉત્સાહ ભેર ઉજવાયા હતા અને મોટી સંખ્યામા ભકતો અને ગ્રામજનો જોડાઈને ભક્તિના રંગે રંગતા જોવા મળ્યા હતા.આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ અને શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૨માં પાટોત્સવ મહોત્સવમાં સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ધામો જૂનાગઢ, ગઢપુર, ધોલેરા, વડતાલ, અમદાવાદ, ભુજ વગેરેમાંથી સંતો પધારી ભકતોને દર્શન અને આશીર્વાદ આપ્યા હતા. સતત સાત દિવસ સુધી વડિયાના સ્વામિનારાયણ દિવ્યધામ ખાતે ભજન, ભોજન અને ભકિત રૂપી સંગમ રચાયો હતો મોટી સંખ્યામાં લોકોએ તેનો લાભ લીધો હતો. આ ધર્મ ઉત્સવને સફળ બનાવવા વડિયા સ્વામિનારાયણ મંદિરના સંતો અને હરિભકતો એ ભારે જહેમત ઉઠાવી હતી.

---

# શ્રીકષ્ટભંજન દાદાને ઓર્કિડના પુષ્પોનો શણગાર અને સુખડીનો અન્નકૂટ

**અબતક, રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તથા કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ આજે દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વિશેષ ફૂલની ડિઝાઈનના કલાત્મક વાઘા ધરાવવામાં આવ્યા હતા. સમગ્ર સિંહાસનને વિદેશી ઓર્કિડના ફૂલો વડે અત્યંત આકર્ષક અને દિવ્ય રીતે સજાવવામાં આવ્યું હતું. શ્રીકષ્ટભંજનદેવ દાદાને સુખડીનો અન્નકૂટ ધરાવી પ્રસાદનો ભોગ લગાડવામાં આવ્યો હતો.



વહેલી સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી અને સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. ''આજના પવિત્ર મંગળવારે દાદાના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરી હજારો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. મંદિર પરિસર 'જય કષ્ટભંજન'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.'' અનેક શ્રદ્ધાળુઓએ દાદાના દર્શન અને અન્નકૂટના દર્શનનો લાભ લઈ મનોકામના પૂર્ણ કરવાની પ્રાર્થના કરી હતી.

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૮-૦૪-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પીનટ સુપ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ડેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ઊંટ બાઈક કાર)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ ગૌધામ શિવ કથા' અંતર્ગત 'દિવ્ય ભક્તિ સંધ્યા' (લાઈવ)

**તારીખ ૨૯-૦૪-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## અબતક પંચાગ

### તા.૨૯-૪-૨૦૨૬ બુધવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ તેરશ
**નક્ષત્ર** હસ્ત
**યોગ** હર્ષણ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૬.૧૮ **સુર્યાસ્ત:** ૭.૧૨
**ચંદ્ર રાશી** કન્યા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા**
લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા**
ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૧૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | ૬ | | ૯ |
| | ૩ | | ૬ | ૮ | | ૭ | | |
| | ૧ | ૮ | | | ૯ | ૫ | ૪ | |
| | ૬ | ૩ | | ૫ | | | ૨ | ૮ |
| | | ૨ | | | | | ૫ | |
| | | ૧ | | | | ૯ | | |
| ૩ | ૨ | ૪ | ૧ | ૯ | | | ૬ | |
| | | | | ૪ | ૩ | | ૯ | |
| ૫ | | | ૨ | ૬ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૨ | ૯ | ૫ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૮ | ૪ | ૬ | ૩ | ૧ | ૭ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૧ | ૯ | ૨ | ૪ | ૬ | ૩ | ૮ | ૭ |
| ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૪ | ૨ | ૩ | ૬ |
| ૪ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ | ૮ |
| ૨ | ૩ | ૮ | ૬ | ૭ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ |
| ૯ | ૫ | ૩ | ૭ | ૬ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૭ | ૨ | ૪ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૯ |

---

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૯.૪.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ તેરસ, હસ્ત નક્ષત્ર, હર્ષણ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તબિયતની કાળજી લેવી,ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ)** : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યકિતથી મુલાકાત થાય.

**મિથુન (ક,છ,ઘ)** : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક (ડ,હ)** : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ (મ,ટ)** : તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસેથી કામ લઈ શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ)** : તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા (ર,ત)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગારમાં સારું રહે, પ્રગતિ થાય.

**મકર (ખ,જ)** : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ (ગ,સ,શ)** : ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ)** : આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

# રાજ્યની તમામ ૧૫ મહાપાલિકાઓમાં કમળ ખિલ્યું : જિલ્લા પંચાયતોમાં પણ ભાજપનો ભગવો

## રાજકોટ, અમદાવાદ, સુરત, બરોડા, જામનગર અને ભાવનગર ઉપરાંત નવરચિત નવ મહાનગરપાલિકાઓમાં ભાજપ પુર્ણ બહુમત તરફ : ૩૪ જિલ્લા પંચાયતોમાં પણ ભાજપના ઉમેદવારો આગળ

**અબતક, જામનગર**

શહેરી વિસ્તારોમાં ભાજપનો દબદબો યથાવત રહેવા પામ્યો છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભાજપે પોતાનું અડીખમ સામ્રાજ્ય ઉભુ કરી દીધું હોય તેવું હાલ દેખાઈ રહ્યું છે. રાજ્યની નવરચિત નવ મહાપાલિકા સહિત ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ પુર્ણ બહુમત સાથે સત્તાસુખ હાસલ કરવા તરફ આગળ વધી રહ્યું છે. ૩૪ પૈકી મોટાભાગની જિલ્લા પંચાયતોમાં પણ ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. અગાઉ પાલિકાની ચૂંટણીમાં ભાજપનો હાથ ઉંચો રહેતો હતો પરંતુ પંચાયતમાં થોડી કચાસ રહી જતી હતી પરંતુ હવે ભાજપે શહેરી વિસ્તારોના મતદારો સાથે ગ્રામ્ય વિસ્તારોના મતદારોને પણ પોતાની તરફ આકર્ષિત કરવામાં સફળતા મેળવી લીધી હોય તેવું લાગી રહ્યું છે.

આ લખાય રહ્યું છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા, અમદાવાદ મહાનગરપાલિકા, સુરત મહાનગરપાલિકા, વડોદરા મહાનગરપાલિકા, જામનગર મહાનગરપાલિકા, ભાવનગર મહાનગરપાલિકા, મોરબી મહાનગરપાલિકા, સુરેન્દ્રનગર મહાનગરપાલિકા, પોરબંદર મહાનગરપાલિકા, ગાંધીધામ મહાનગરપાલિકા, વાપી મહાનગરપાલિકા, નવસારી મહાનગરપાલિકા, નડિયાદ મહાનગરપાલિકા, આણંદ મહાનગરપાલિકા અને મહેસાણા મહાનગરપાલિકામાં આગામી મેયર ભાજપના જ હશે તે લગભગ ફાઈનલ મનાઈ રહ્યું છે. રાજ્યની ૮ મહાનગરપાલિકામાં વર્ષોથી ભાજપ એકહથુ શાસન ભોગવી રહ્યું છે. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ ૯ નગરપાલિકાઓના મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છની પાંચ નગરપાલિકાનો સમાવેશ થતો હતો. મોરબી, સુરેન્દ્રનગર, પોરબંદર, ગાંધીધામ, વાપી, નવસારી, નડિયાદ, આણંદ અને મહેસાણા મહાનગરપાલિકાની ચૂંટણી પ્રથમ વખત યોજાઈ હતી. આ નવરચીત તમામ નવ મહાપાલિકામાં પ્રથમ મેયર ભાજપના હશે તેવું હાલ દેખાઈ રહ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ભલે સરેરાશ રહેવા પામી હોય પરંતુ મતદારોનો મિજાજ સંપૂર્ણપણે ભાજપ તરફી રહ્યો હોય તેવું દેખાઈ રહ્યું છે. શહેરી વિસ્તારો ઉપરાંત જિલ્લા પંચાયતમાં પણ હાલ ભાજપને બહુમતિ મળતી હોય તેવું પ્રારંભીક સમીકરણ રચાઈ રહ્યું છે. ૩૪ પૈકી મોટા ભાગની જિલ્લા પંચાયતોમાં હાલ ભાજપ બહુમતી તરફ અગ્રેસર બનીને આગળ ચાલી રહ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલી શાનદાર જીતથી રાજ્યભરમાં ભાજપના કાર્યકરોમાં જબરો ઉત્સાહ છવાઈ ગયો છે. ઠેર ઠેર વિજયોત્સવની ઉજવણી થઈ રહી છે. કાળઝાળ ગરમીના કારણે મતદાનની ટકાવારી સાપેક્ષ રીતે ઓછી રહેતા એવુ લાગી રહ્યું હતું કે, આપ અને કોંગ્રેસ ભાજપ સામે થોડી મુશ્કેલી ઉભી કરશે પરંતુ આ વાત માત્ર હવામાં જ રહેવા પામી હતી.

**ખંભાળીયા નગરપાલીકા ચૂંટણીમાં વોર્ડ નં.૧માં ૩ ભાજપના ઉમેદવારનો અને ૧ અપક્ષ ઉમેદવારનો વિજય થયો હતો. જેમાં દક્ષાબેન વાળીયા બીજેપી, મધુબેન નકુમ બીજેપી, ઉદય ગઢવી અપક્ષના ઉમેદવારનો વિજેતા થયા હતા.**

**ચોટીલા નગરપાલીકા ચૂંટણીમાં વોર્ડ નં.૧માં ચારેય બેઠક પર કોંગ્રેસ પેનલનો વિજય થયો હતો. ચોટીલા નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં.૨ અને ૩માં ભાજપની પેનલનો વિજય.**

**તાલાલા નગરપાલીકા ચૂંટણીમાં વોર્ડ નં.૨માં ભાજપની પેનલનો વિજય થયો હતો.**

**ગોંડલ નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ ૨ અને ૭ની બે બેઠક પર ભાજપનો વિજય તેમજ નગરપાલીકાની ૧૧ વોર્ડની ૪૪ બેઠક પર ભાજપના ઉમેદવારો વિજેતા થયા હતા.**

**બગસરા નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં.૧માં ભાજપની પેનલનો વિજય થયો હતો.**

**માળીયા નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં.૧માં કોંગ્રેસની પેનલનો વિજય થયો હતો.**

## જેતપુર તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો
### ચાંપરાજપુર બેઠક પર રવિરાજસિંહ વાળાનો ભવ્ય વિજય



જેતપુર તાલુકા પંચાયતની બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપના વિજય રથની આગેકૂચ જારી રહી છે. તાલુકાની પ્રતિષ્ઠાભરી ગણાતી ચાંપરાજપુર બેઠક પર ભારતીય જનતા પાર્ટીના મજબૂત ઉમેદવાર રવિરાજસિંહ વાળાએ ભવ્ય વિજય હાંસલ કર્યો છે.

મતગણતરીના અંતે સત્તાવાર રીતે રવિરાજસિંહ વાળાના વિજયની જાહેરાત કરવામાં આવતા જ જેતપુર ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. આ જીત સાથે ચાંપરાજપુર સીટ પર ભાજપે ફરી એકવાર પોતાનો ગઢ મજબૂત કર્યો છે. વિજેતા ઉમેદવાર રવિરાજસિંહ વાળાને ફૂલહાર પહેરાવી અને અબીલ-ગુલાલની છોળો ઉડાડી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું

આ વિજય બાદ સ્થાનિક નેતાઓએ જણાવ્યું હતું કે, ચાંપરાજપુરના મતદારોએ ભાજપની વિકાસની રાજનીતિ અને સરકારની કામગીરી પર અતૂટ વિશ્વાસ મૂક્યો છે. રવિરાજસિંહ વાળાની આ જીત આગામી સમયમાં ચાંપરાજપુર વિસ્તારના વિકાસકાર્યોને નવી ગતિ આપશે. પરિણામ જાહેર થતા જ ''ભારત માતા કી જય'' અને ''જય હો ભાજપ'' ના નારાઓથી જેતપુર પંથક ગુંજી ઉઠ્યો હતો. મોટી સંખ્યામાં લોકોએ રવિરાજસિંહ વાળાના નિવાસસ્થાને અને કાર્યાલયે પહોંચી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધારી નગરપાલીકામાં કેસરીયો

ધારી નગરપાલીકા ચૂંટણીમાં પ્રથમવાર વોર્ડ નં.૧ આપના ૩ ઉમેદવાર અને બીજેપીના ૧ ઉમેદવારનો વિજય થયો., સરાજેબેન બારીયા એએપી, કિરણબેન સાવલીયા એએપી, જગદીશ પટોડીયા એએપી, ગૌતમ દાફડા બીજેપીના ઉમેદવારો વિજેતા થયા હતા. વોર્ડ નં.૨માં ચારેય બેઠકો પર ભાજપની પેનલનો વિજય થયો હતો. જેમાં ઉમેદવારો ઉમેશભાઈ ધાંધલ, જગદીશભાઈ પરમાર અને મનષિ નકુમ,સોનલબેન દાફડા ચૂંટાઈ આવ્યા હતા. જયારે વોર્ડ નં.૪માં ભાજપની પેનલનો વિજય થયો હતો. જેમાં પરેશભાઈ ભગુભાઈ પટ્ટણી, પુનમબેન હિતેશભાઈ જોશી, મનિષાબેન ચિરાગભાઈ ચાવડા, લાલજીભાઈ બટુકભાઈ સોલંકી વિજેતા થયા હતા. વોર્ડ નં. ૫માં દક્ષાબેન વાડોદરીયા, મનીષાબેન જયસ્વાલ, રાજેશભાઈ વાઘેલા, શરદકુમાર ગોરડીયા, ભાજપના ઉમેદવાર વિજેતા થયા હતા.

**કુતિયાણા નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં. ૬ માં સમાજવાદી પાર્ટી ઉમેદવાર રાંભીબેન કાનાભાઈ ૬૦ મતે વિજય**

**કુતિયાણા નગરપાલિકા ચૂંટણીમાં ટીમ કાંધલની જીત**

**ટંકારા નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં.૧માં ચારેય બેઠકો પર કેસરયો લહેરાયો. ભાજપના ઉમેદવારો સીરાજભાઈ અંબરાણી, જયેશભાઈ ભડાસણા, મનીષાબેન દુબલીયા, ભારતીબેન પાંચોટીયા વિજેતા થયા હતા.**

**પાટડી નગરપાલીકા ચૂંટણીમાં વોર્ડ નં.૩ અને ૪માં કેસરીયો લહેરાયો હતો.**

**પોરબંદર નગરપાલીકા ચૂંટણીમાં વોર્ડ નં.૭માં ભાજપની પેનલનો વિજય થયો હતો. ભાજપના ઉમેદવારો કિશ્નાબેન રાજા, સાગરભાઈ મોદી, નીતાબેન જોષી, વિક્રમભાઈ વડોદરા વિજેતા થયા હતા.**

**રાણાવાવ નગરપાલિકા પેટા ચૂંટણીમાં વોર્ડ નં.૬માં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર રણવીર ભૂતિયાનો ૮૭૪ મતે વિજય થયોહતો.**

## સાયલા તાલુકા પંચાયતમાં ભાજપનું વિજયી, ધજાળા અને ચોરવીરા બેઠક પર કેસરીયો લહેરાયો

ઘનશ્યામ ભટ્ટી સુરેન્દ્રનગર

સરેન્દ્રનગર જિલ્લાની સાયલા તાલુકા પંચાયતની ચૂંટણીના પ્રાથમિક પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ મજબૂત પક્કડ જમાવી છે. સાયલા તાલુકા પંચાયતની કુલ ૨૦ બેઠકો પૈકીની અત્યાર સુધીની ગણતરીમાં ભાજપે શાનદાર પ્રદર્શન કરતા ધજાળા અને ચોરવીરા બેઠકો પર ભાજપની આખી પેનલનો ભવ્ય વિજય થયો છે. સાયલા તાલુકા પંચાયતમાં અત્યાર સુધીની સ્થિતિ મુજબ ભાજપ ૩ બેઠકો સાથે સરસાઈ ભોગવી રહ્યું છે, જ્યારે કોંગ્રેસ અને અન્ય પક્ષોના હજુ સુધી ખાતા પણ ખૂલ્યા નથી. ભાજપના ઉમેદવારોની આ જીત સાથે જ કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને કેસરીયો માહોલ છવાયો છે.

## લોધીકા તાલુકા પંચાયતમાં 'આપ'ની એન્ટ્રી, ભાજપના ગઢ ચાંદલીમાં મોટો ઉલટફેર

રાજકોટ જિલ્લાના રાજકારણમાં મોટા સમાચાર સામે આવી રહ્યા છે. લોધીકા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ગઢ ગણાતી ચાંદલી બેઠક પર આમ આદમી પાર્ટીએ ગાબડું પાડ્યું છે. લોધીકા તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીએ પોતાનું ખાતું ખોલાવીને ઈતિહાસ રચ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ચાંદલી બેઠક પર ભાજપના ઉમેદવાર વૈશાલીબેન પરમાર અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર રમાબેન બગડા વચ્ચે રસાકસીભર્યો જંગ ખેલાયો હતો. અંતે રમાબેન બગડાએ માત્ર ૬ મતોની પાતળી સરસાઈથી ભાજપના ઉમેદવારને પરાજય આપી ભવ્ય વિજય મેળવ્યો છે. ભાજપના સુરક્ષિત ગણાતા ગઢમાં 'આપ'ના આ વિજયથી રાજકીય વિશ્લેષકોમાં ભારે ચર્ચા જાગી છે અને આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે

## પોરબંદર જિલ્લા પંચાયતની કુતિયાણાની ચોટા બેઠક પર ભાજપના અમરીબેન સોલંકી નો વિજય

અબતક અશોક થાનકી પોરબંદર

પોરબંદર જિલ્લા પંચાયતની ૧૮ બેઠકો ની મતગણતરી દરમિયાનકુતિયાણાની ચોટા બેઠક પર ભાજપે ખાતું હોય તેમ ભાજપના અમરીબેન સોલંકી ની ૧૭૫૦ મતે વિજય થયા હતા. પોરબંદર જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મતગણતરીના પ્રથમ રાઉન્ડથી જ ભારે રસાકસી રહી હતી અને ભાજપના ઉમેદવારે ખાતું ખોલાવ્યું હતું

## કુતિયાણા તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં ભાજપનો ભગવો

પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકા પંચાયતની ખાલી પડેલી બેઠકોની પેટાચૂંટણીના પરિણામો જાહેર થયા છે, જેમાં ભારતીય જનતા પાર્ટીએ શાનદાર દેખાવ કરતા વિજય પતાકા લહેરાવી છે. કુતિયાણાની રોઘડા તાલુકા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવાર મુક્તાબેન જગદીશભાઈ જલુનો ૧૮૮ મતોથી ભવ્ય વિજય થયો છે. નોંધનીય છે કે ભાજપે આ બેઠક કોંગ્રેસના કબજામાંથી આંચકી લીધી છે, જે પક્ષ માટે મોટી જીત માનવામાં આવે છે. આ ઉપરાંત, હામંદપરા તાલુકા પંચાયત બેઠક પર પણ ભાજપના ઉમેદવાર રાભીબેન અજયભાઈ ઓડેદરા વિજેતા જાહેર થયા છે.

પેટાચૂંટણીમાં બંને બેઠકો પર ભાજપનો વિજય થતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**અમરેલી નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં. ૧માં ૩ સીટ પર કોંગ્રેસ અને ૧ સીટ પર અપક્ષ ઉમેદવારોનો વિજય થયો અને વોર્ડ નં. ૨ માં ત્રણ ભાજપ જીત અને એક બિન હરીફ**

**ધ્રાંગધ્રા નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં. ૨ અને ૧ માં કેસરિયો લહેરાયો**

**લીમડી નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં. ૧ માં કેસરિયો લહેરાયો**

## કુતિયાણા તાલુકા પંચાયત ચૌટા બેઠક પર અપક્ષનો દબદબો, ભાજપની કારમી હાર

કુતિયાણા તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં એક મોટો ઉલટફેર જોવા મળ્યો છે. કુતિયાણાની ચૌટા-૦૧ તાલુકા પંચાયત બેઠક પર અપક્ષ ઉમેદવાર ડાંગર વેજીબેન રણમલભાઈનો ભવ્ય વિજય થયો છે. વેજીબેન ડાંગરે ભાજપના ઉમેદવારને મ્હાત આપી ૨૩૩ મતોની સરસાઈ સાથે જીત મેળવી છે. આ બેઠક પર સત્તાધારી પક્ષ ભાજપની કારમી હાર થઈ છે અને અપક્ષ ઉમેદવારના વિજયથી રાજકીય સમીકરણોમાં નવો વળાંક આવ્યો છે. એક તરફ જ્યાં ભાજપે અન્ય બેઠકો પર જીત મેળવી છે, ત્યાં ચૌટા બેઠક પર અપક્ષે બાજી મારીને સૌને ચોંકાવી દીધા છે.

## ઉપલેટામાં કોંગ્રેસનો પંજો લહેરાયો, ડુમીયાણી બેઠક પર વર્ષાબા વાઘેલા વિજેતા

રાજકોટ જિલ્લાની ઉપલેટા તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસે મહત્વની જીત મેળવી છે. ઉપલેટા તાલુકાની ડુમીયાણી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વર્ષાબા વાઘેલાનો ભવ્ય વિજય થયો છે.

મતગણતરીના અંતે વર્ષાબા વાઘેલાને વિજેતા જાહેર કરવામાં આવતા જ કોંગ્રેસના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ડુમીયાણી બેઠક પર કોંગ્રેસે કબ્જો જમાવીને તાલુકા પંચાયતમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે. વિજેતા ઉમેદવાર વર્ષાબા વાઘેલાના સમર્થકોએ આ જીતને લોકશાહીનો વિજય ગણાવી વધામણાં કર્યા હતા.

## અમરેલી જિલ્લા પંચાયતની ભેરાઈ બેઠક પર ભાજપના ઉમેદવારની જીત

અબતક ચેતન વ્યાસ રાજુલા

અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠક ના મતગણતરીમાં જિલ્લા પંચાયતની ભેરાઈ બેઠક પર ભાજપના અરજણભાઈ ખીમાભાઈ વાઘ ૨૭૩૯ મતથી વિજેતા થયા હતા અમરેલી જિલ્લા પંચાયતમાં ભાજપનું ખાતું ખુલ્યું છે અને અનેક બેઠક પર સીધે સીધી ટક્કર જાવી છે બપોર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે

# અમરેલીમાં પંચાયત ભાજપનો દબદબો અને બગસરામાં 'આપ'ની એન્ટ્રી

## લીલીયા અને લાઠીમાં ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય, જ્યારે મોટા મુંજીયાસરમાં આમ આદમી પાર્ટીએ મારી બાજી

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની મતગણતરી વચ્ચે પરિણામો આવવાના શરૂ થઈ ગયા છે. શરૂઆતી વલણોમાં ભાજપનો વિજય રથ આગળ વધી રહ્યો છે, તો બીજી તરફ અમુક બેઠકો પર આમ આદમી પાર્ટીએ પણ મજબૂત હાજરી નોંધાવીને વિરોધ પક્ષોને ચોંકાવ્યા છે. લીલીયા, લાઠી અને બગસરા પંથકમાં ઉમેદવારોના ભાવિનો ફેંસલો થતા જ કાર્યકરોમાં ક્યાંક વિજયોત્સવ તો ક્યાંક રસાકસીનો માહોલ જોવા મળી રહ્યો છે.

**લીલીયા તાલુકા પંચાયત**

લીલીયા તાલુકામાં ભાજપના ઉમેદવારોએ શાનદાર દેખાવ કર્યો છે. ઈંગોરાળા બેઠક પર ભાજપના ઉમેદવાર માજુબેન રબારી એ જીત મેળવી કેસરીયો લહેરાવ્યો છે. તે જ રીતે નાના લીલીયા બેઠક પર પણ ભાજપના રણજીતભાઈ ખુમાણ વિજેતા જાહેર થયા છે.

**બગસરા અને લાઠી તાલુકા પંચાયત**

બગસરા તાલુકા પંચાયતમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. મોટા મુંજીયાસર બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર રમેશભાઈ સતાસિયા એ ભવ્ય જીત મેળવી ભાજપ-કોંગ્રેસને પછડાટ આપી છે. બીજી તરફ લાઠી તાલુકા પંચાયતની કાચરડી બેઠક પર ભાજપના નટુભાઈ સુતરીયા વિજયી બનતા ભાજપની પકડ મજબૂત બની છે. અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપ અને આપ વચ્ચે સીધી ટક્કરના સંકેતો મળી રહ્યા છે.

**પંચાયત જંગ**

ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય, ભેરાઇ બેઠક પર અરજણભાઈ વાઘ ૨૭૩૯ મતોથી વિજેતા

અમરેલી તાલુકાની વડેરા સીટ પર ભાજપના ઉમેદવાર ગીતાબેન રમેશભાઈ માંડણકાએ ૫૯૭ મતોની સરસાઈથી ભવ્ય જીત મેળવી છે. આ બેઠક પર ભાજપને ૧૫૯૩ મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસને ૯૯૬ અને આપને ૪૩૨ મતોથી સંતોષ માનવો પડ્યો છે. તેવી જ રીતે, પ્રતાપપરા સીટ પર ભાજપના ઉમેદવાર અંબાબેન મુકેશભાઈ રૂપાવટીયાએ ૧૩૦૫ મતોના જંગી માર્જિનથી કોંગ્રેસ અને આપના ઉમેદવારોને પછડાટ આપી.

## જુનાગઢ જિલ્લા પંચાયતની 30 બેઠકની ગણતરીમાં બીલખામા ભાજપ અને ડુંગરપુર બેઠક પરથી આપનો વિજય

અબ તક દર્શન જોશી જુનાગઢ

જુનાગઢ જિલ્લા પંચાયતી 30 બેઠક પર ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ અને આપ વચ્ચે રસાક્સી થઈ હતી મત ગણતરીના પ્રથમ તબક્કામાં જ જિલ્લા પંચાયતની બિલખા બેઠક પરથી ભાજપના ઉમેદવાર ચંપાબેન ઠુંમર વિજેતા થયા હતા ત્યારે ડુંગરપુર ની બેઠક પરથી આપના રૈયા ભાઈ કાનાભાઈ ભાદરકા વિજય જાહેર કર્યા હતા

# દેવભૂમિ દ્વારકાના ભાણવડમાં જામ્યો જંગ, ભાજપ અને 'આપ' વચ્ચે સીધી ટક્કર!

## ભાણવડ તાલુકા પંચાયતની ૫ બેઠકોના પરિણામ જાહેરઃ ભાજપે ૩ અને આમ આદમી પાર્ટીએ ૨ બેઠકો પર મેળવ્યો વિજય

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ભાણવડ તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામોમાં રસપ્રદ જંગ જોવા મળી રહ્યો છે. ભાણવડ તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો પૈકી અત્યાર સુધીમાં ૫ બેઠકોના પરિણામો સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યા છે. આ શરૂઆતી પરિણામોમાં ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટી વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી રહી છે, જ્યારે કોંગ્રેસ હજુ સુધી ખાતું ખોલાવી શકી નથી.

ભાણવડ તાલુકાની ચોખંડા તાલુકા પંચાયત બેઠક પર મોટો ઉલટફેર જોવા મળ્યો છે, જ્યાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચેતન સોમતભાઈ નંદાણીયા વિજેતા જાહેર થયા છે. તે જ રીતે, કાટકોલા તાલુકા પંચાયત બેઠક પર પણ 'આપ'નો દબદબો જોવા મળ્યો છે અને ત્યાં શાંતિબેન લખમણ ભાઈ ગાગલિયાએ જીત મેળવી છે.

અત્યાર સુધીની સ્થિતિ મુજબ, કુલ ૧૬ બેઠકોમાંથી જાહેર થયેલી ૫ બેઠકોમાં ભાજપે ૩ બેઠકો પર કબ્જો જમાવ્યો છે, જયારે આમ આદમી પાર્ટીએ ૨ બેઠકો અંકે કરીને મજબૂત પક્કડ સાબિત કરી છે. ભાણવડ પંથકમાં 'આપ'ની એન્ટ્રીથી રાજકીય સમીકરણો બદલાયા છે અને બાકી રહેલી ૧૧ બેઠકો પર પણ ભારે રસાકસી થવાની સંભાવના સેવાઈ રહી છે. વિજયી ઉમેદવારોના સમર્થકોમાં અત્યારે ભારે ઉત્સાહ અને હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે.

## કુતિયાણા તાલુકા પંચાયતઃ દેવડા અને ઈશ્વરીયા બેઠક પર ભાજપના મહિલા ઉમેદવારોનો ભવ્ય વિજય

પોરબંદર જિલ્લાની કુતિયાણા તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ શાનદાર દેખાવ કરીને ગ્રામ્ય સ્તરે પોતાની પકડ વધુ મજબૂત બનાવી છે. કુતિયાણાની બે મહત્વની બેઠકો પર ભાજપના મહિલા ઉમેદવારોએ જીત મેળવી વિરોધ પક્ષોને પછડાટ આપી છે.

કુતિયાણા તાલુકાની દેવડા તાલુકા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવાર મીતુબેન મહેન્દ્રભાઈ સંતોકીનો ભવ્ય વિજય થયો છે. મતદારોએ વિકાસના કાર્યો પર મહોર મારી ભાજપના ઉમેદવારને વિજયી બનાવ્યા છે.

તેવી જ રીતે, કુતિયાણા તાલુકાની ઈશ્વરીયા તાલુકા પંચાયત બેઠક પર પણ ભાજપે જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે. અહીં ભાજપના ઉમેદવાર ચંપાબેન મહેશકુમાર રાઠોડ વિજેતા જાહેર થયા છે. કુતિયાણા તાલુકા પંચાયતમાં ભાજપના ઉમેદવારોની સતત જીતથી કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને જીતની ઉજવણી શરૂ થઈ ગઈ છે. ગ્રામીણ મતદારોએ ફરી એકવાર ભાજપમાં અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

તંત્રી લેખ

# જીવ માત્રની આજીજી સૂરજદાદા શાંત થાવ

પુત્રના પગ પારણામાંથી... કહેવત ની જેમ આ વખતે ઉનાળો ભારે આકરો અને આભ માંથી અગન વરસાવનારો બની રહે તેવા સંકેતો મળી રહ્યા છે

ભારતમાં ૨૦૨૬નો ઉનાળો અસામાન્ય રીતે વહેલો અને આકરો શરૂ થયો છે. માર્ચ મહિનાથી જ તાપમાન સામાન્ય કરતાં ૪થી ૮ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર એપ્રિલથી જૂન સુધી અનેક વિસ્તારોમાં ગરમીના દિવસો સામાન્ય કરતાં વધુ રહેવાની આગાહી છે. અત્યારે ઉત્તર, મધ્ય અને પૂર્વીય ભારતમાં તીવ્ર હીટવેવની સ્થિતિ છે. અનેક શહેરોમાં તાપમાન ૪૦થી ૪૫ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે પહોંચી ગયું છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઓડિશામાં ૪૩-૪૫ ડિગ્રીની ગરમી નોંધાઈ છે જેનાથી ભારતના અનેક શહેરો વિશ્વના સૌથી વધુ ગરમી ધરાવતા સ્થળોમાં સામેલ થઈ ચૂક્યા છેગુજરાતમાં પણ ઉનાળાની આકરી શરૂઆત થઈ છે. અમદાવાદ, રાજકોટ, ડીસા જેવા વિસ્તારોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર કરી ગયું છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર હીટવેવની સ્થિતિ જોવા મળી છે અને આગામી દિવસોમાં તાપમાન હજુ ઊંચે જાય તેવી શક્યતા દેખાઈ રહી છે, એપ્રિલથી જૂન ૨૦૨૬ દરમિયાન પૂર્વ, મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં હીટવેવના દિવસો વધુ હશે. ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકના અમુક વિસ્તારોમાં એપ્રિલમાં જ વધુ ગરમી અને રાત્રે પણ તાપમાનનો પારો નીચે ન ઉતરે તેવી સ્થિતિમાં દિવસની જેમ જ રાત પણ અકળાવનારી બની રહી છે.આ વર્ષે 'સુપર એલ નીનો' જેવી પરિસ્થિતિના કારણે ગરમી વધી રહી છે અત્યારે ચોખ્ખું નભ સૂકી હવા અને પશ્ચિમી પવનના વિક્ષેપ ના કારણે ગરમી દિવસે દિવસે વધી રહી છે ઘણા વિસ્તારોમાં યેલો અને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે ગરમીના કારણે પાણીની વીજળીની અછત કૃષિ પર પણ ઉત્પાદન શાળા ની આફત તોલાઈ રહી છે.

ઉત્તર ભારતમાં હિમાલયન પવન ના સુસ્વાટા વચ્ચેદિલ્હીમાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી છે અને ઘણા વિસ્તારોમાં રેડ અલર્ટ જાહેર કરાયું છેરાજસ્થાનના શ્રીગંગાનગરમાં ૪૪.૫ ડિગ્રી જેવું તાપમાન નોંધાયું છે. વિદર્ભ, ઉત્તરપ્રદેશ, બિહાર અને ઝારખંડમાં પણ તીવ્ર હીટવેવ અને ગરમ-ભેજવાળી હવાની સ્થિતિ છે. આગામી એક-બે અઠવાડિયામાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને મધ્યપ્રદેશમાં હીટવેવની આગાહી કરી છે,ગ્લોબલ વોર્મિંગ અનેઆબોહવા પરિવર્તનને કારણે હીટવેવ વધુ તીવ્ર બની રહ્યા છે ચોમાસામાં પણ ઉનાળાની આકરી ગરમી અને વરસાદની ઘટ સમસ્યાવધુ વિકરાળ બનાવે તેવી દેશે જ વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે ભારે લુના વાતાવરણમાં સાવચેતી ની આલબેલ વચ્ચે લોકોને છાયામાં રહી હળવા કપડાં પહેરવા વૃદ્ધોને બાળકોને ખાસ કાળજી રાખવાની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે . સૂર્યનારાયણ ના આંકરા મિજાજ અને ઉનાળાની કાળજાળ ગરમીથી સુરક્ષિત રહેવા સાવચેતી એ જ સલામતી ના સૂત્રો પર ઉનાળો આકરો હોય પણ વિતાવવો જરૂરી છે ગરમી અને લુથી આવતી મુશ્કેલીઓ થી બચવા સુજબુજ થી કામ લેવા સિવાય છૂટકો નથી. ઉનાળાનો આ આકરો મિજાજ પણ ગ્લોબલ વોર્મિંગની દેન હોવાનું વૈજ્ઞાનિકો જણાવી રહ્યા છે અને તેમાં આપણે કેટલા ભાગીદાર થી તેની ત્રિરાશી આપણે માંડવાની.

# મુંદ્રાની અદાણી પબ્લીક સ્કુલનાં રપમાં સ્થાપના દિને આધુનિક ઓડિયોરીયમનું ઉદ્‌ઘાટન

## કચ્છના ગ્રામ્ય વિસ્તારના બાળકો માટે હાઈકલાસ શિક્ષણ વ્યવસ્થાની અદાણી પરિવારની નેમની સરાહના

**અબતક,રાજકોટ**

મુન્દ્રા સ્થિત અદાણી પબ્લિક સ્કૂલ (એપીએસ) એ યુવા માનસના ઘડતરના ૨૫ વર્ષ પૂર્ણ કર્યાના રજત જયંતિ ઉત્સવની તેહદીલથી કરેલી ભાવનાત્મક ઉજવણીમાં વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકગણને ગૌરવ અને ચિંતનની આ સહિયારી ક્ષણમાં શામેલ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના સર્વાંગી વિકાસ પરના ધ્યાનની મજબૂત ગવાહી રુપે કચ્છમાં બેડમિન્ટન, પિકબોલ અને ટેબલ ટેનિસ માટે સુવિધાઓ ધરાવતા એક ઈન્ડોર રમત ગમત સંકૂલ અને ૫૫૮ બેઠકોની ક્ષમતા ધરાવતા અત્યાધુનિક ઓડિટોરિયમ પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.





ગ્રામ્ય વિસ્તારોમાં વસતા બાળકોના શૈક્ષિણક અને શારીરિક ગણતર અને ઘડતર માટે એક ગુણવત્તાસભર આધુનિક સાધન સગવડથી સજ્જ શાળાના નિર્માણની ૨૦૦૧માં પરિકલ્પના કરનાર અદાણી સમૂહના અદાણી ફાઉન્ડેશનની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખના અધ્યક્ષા ડો. પ્રીતિ અદાણીના વડપણ હેઠળ આ ઉજવણી કરવામાં આવી હતી.

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ આ સીમાચિહ્નરૂપ પ્રસંગને ચિહ્નિત કરી જણાવ્યું હતું કે અદાણી પબ્લિક સ્કૂલ ૨૫ વર્ષ પૂર્ણ કરે છે, આ ક્ષણ ફક્ત એક સંસ્થાથી વિશેષ અનેક સંવેદનાસભર ક્ષણોની ઉજવણી કરે છે. તેમણે કહ્યું હતું કે આસપાસના બાળકોના સુષુપ્ત સપના અને ઘડાયેલા ભવિષ્યનું અહીં સન્માન થઈ રહ્યું છે. તેમણે શાળાની રજત જયંતિના સીમાચિહ્નસમા અવસરે આશા વ્યકત કરી હતી.

આ ૨૫ વર્ષની આ સફર પર નજર કરતાં ડો. પ્રીતિ અદાણીએ કહ્યું હતું કે પચીસ વર્ષ અગાઉ કચ્છના તોફાની દરિયાકાંઠે એક સરળ વિચાર આવેલો કે દુનિયા માટે બારી ખોલવાની ક્ષમતા ધરાવતો પ્રત્યેક બાળક એવું શિક્ષણ મેળવવાને પાત્ર છે. તેમણે જણાવ્યું હતું કે આશાના નાના કિરણ તરીકે જે પ્રકટ્યું તે આજે એક દેદીપ્યમાન દીવો બની પ્રજ્વલિત થયો છે જેણે સમાજ જીવન અને સમુદાયોને તેજોમય કર્યો છે. ડો. અદાણીએ આ સફર દરેક શિક્ષકની છે તેમનો ભારપૂર્વક ઉલ્લેખ કરતા કહ્યું કે આ શિક્ષકો જેમણે વિશ્વાસ કર્યો, દરેક માતાપિતા જેણે ભરોસો કર્યો, અને દરેક બાળક જેણે સ્વપન જોવાની હિંમત કરી તે આ સફરના યશાધિકારી છે.

૨૩૩ વિદ્યાર્થીઓ અને ૨૭ શિક્ષકોના પ્રારંભિક સમૂહથી લઈને ૨,૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૧૦૦ થી વધુ શિક્ષક સમુદાય સાથે સમૃદ્ધ સંસ્થા બની ચૂકેલી અદાણી પબ્લિક સ્કૂલ સર્વાંગી શિક્ષણ અને સમાનતામાં ગૌરવની તેની માન્યતાને સમર્પિત છે.

આ પ્રસંગે ડો. પ્રીતિ અદાણી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે વાર્તાલાપ ઉજવણીની એક નિર્ણાયક ક્ષણ બની રહી હતી.

# સૌરાષ્ટ્રની આઠ જિલ્લા પંચાયતના ચૂંટણી પરિણામમાં ભાજપનો દબદબો, ક્યાંક કોંગ્રેસ અને આપએ કાઠું કાઢ્યુ

## મત ગણતરીના પ્રારંભિક તબક્કાથી જ મોટાભાગની બેઠકો પર કસોકસની ટક્કર, ભારે ઉતેજના વચ્ચે સૌરાષ્ટ્રમાં લોક ઉત્સવનો માહોલ

**અબતક રાજકોટ**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં ૨૬ થયેલા મતદાન બાદ આપે મત ગણતરી ના પ્રથમ રાઉન્ડથી સૌરાષ્ટ્રની તમામ આઠ જિલ્લા પંચાયતોની મતગણતરીમાં પ્રથમ રાઉન્ડથી જ ભારે રસાકસી રહી હતી ભાજપ કોંગ્રેસને આમ આદમી પાર્ટી અને કેટલાક બાહુબલી અપક્ષ વચ્ચે કસોકસની ટક્કર થઈ હતી પ્રથમ રાઉન્ડથી ભારે ઉત્તેજના સાથે એક એક રાઉન્ડ ની ગણતરી બાદ ચિત્ર સ્પષ્ટ થવા ભણી આગળ વધ્યું હતું જેમાં ભાજપ કોંગ્રેસને આમ આદમી પાર્ટી વચ્ચે ટક્કર થઈ હતી

સૌરાષ્ટ્રના રાજકોટ,મોરબી, જામનગર, જુનાગઢ, દ્વારકા, પોરબંદર, સોમનાથ અને અમરેલી સહિતજિલ્લાની ૮ જિલ્લા પંચાયતો ની બેઠક પર મતદાન થયું હતું૮જિલ્લા પંચાયતોમાં સરેરાશ ૬૧.૯૦ ટકા મતદાન થયું હતું ગરમી તો સૌરાષ્ટ્રમાં સર્વત્ર હતી, લગ્નગાળો અને વેકેશન પણ હતા પરંતુ, મતદાનના આંકડામાં ભારે વિષમતા એટલે કે ક્યાંક સાવ નિરસ,કંગાળ તો ક્યાંક ૮૦ટકાને પાર થયું છે.

રાજકોટ જિ.પં.માં ગત ચૂંટણીમાં ૬૩.૪૭ ટકા મતદાન વધીને આ વખતે ૬૮.૯૮ ટકાએ પહોંચ્યું છે. આમ, રાજકોટ મહાનગર પાલિકા કરતા જિલ્લા પંચાયતનું મતદાન ૧૦ટકા વધારે રહ્યું છે જે શહેરી મતદારોમાં નિરાશા દેખાઈ હતી

અમરેલી અને પોરબંદર જિલ્લા પંચાયતમાં પણ પાંખુ મતદાન અનુક્રમે ૫૨.૯૫કા અને ૫૦.૮૩ટકા થયું છે.

જ્યારે જામનગર, દ્વારકા, જુનાગઢ, ગીર સોમનાથ જિલ્લામાં ૬૦ ટકા કરતા વધુ મતદાનનું વલણ આ ચૂંટણીમાં પણ જળવાયું છે.

### ચૂંટણી પરિણામો પૂર્વે પોલીસ એકશન મોડમાં

# વિજય સરઘસ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફૂટ પેટ્રોલિંગ

## પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા દ્વારા મત ગણતરી કેન્દ્રની કરી વિઝીટ

**અબતક રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે મતગણતરી હાથ ધરવામાં આવી છે.

બાદ વિજય સરઘસ દરમિયાન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. વધુ વિગત મુજબ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીની મતગણતરી તેમજ વિજય સરઘસ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા દ્વારા તમામ પોલીસ મથક અને મહત્વની બ્રાન્ચને રાઉન્ડ



ક્લોક પેટ્રોલીંગ અને સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે ના આદેશ અનુસાર, સંવેદનશીલ વિસ્તારો અને મુખ્ય માર્ગો પર પોલીસ કાફલા દ્વારા ફૂટપેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. તેમજ પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા ડીસીપી ક્રાઈમ જગદીશ અને ડીસીપી ઝોન ટુ રાકેશ દેસાઈ દ્વારા મત ગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી તેમજ અધિકારીઓ સાફ હશેથી કાયદો અને વ્યવસ્થા અંગેની માહિતી મેળવી હતી.વહીવટી તંત્ર દ્વારા મતગણતરી કેન્દ્રો પર પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે જેથી ગણતરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ શકે.ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ વિજેતા ઉમેદવારો કે સમર્થકો દ્વારા ઉન્માદમાં આવી કોઈ ગેરશિસ્ત ન આચરવામાં આવે તે માટે પોલીસ કમિશનર દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. હાલમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરીને પરિસ્થિતિ પર બાજ નજર રાખવામાં આવી રહી છે અને જનતાને પણ શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે.

# વિસનગર: સાંકળચંદ યુનિવર્સિટીમાં મેલેરીયા દિવસની રેલી સાથે ઉજવણી

**અબતક,રાજકોટ**

સાંકળચંદ યુનિવર્સિટીના નૂતન કોલેજ ઑફ નર્સિંગ દ્વારા બી.એસી. નર્સિંગના સાતમા સેમિસ્ટરના વિદ્યાર્થીઓએ મેલેરિયા વિષે જાગૃતિ આવે એ હેતુથી કમાણા ગામના લોકો સમક્ષ ગઈકાલે રેલીનું આયોજન કરી વિશ્વ મલેરીયા દિવસે ની ઉજવણી કરી હતી.જેમાં ૨૦૨૬ માં મેલેરિયા દિવસની થીમ છે,




રેલીનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં મેલેરિયા અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ રેલી માં કામાણા ગામાના સરપંચ હેમતુજી ઠાકોર અને ડેપ્યુટી સરપંચ ચેતનભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતાં. રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ બેનરો, પોસ્ટરો અને સૂત્રોચ્ચારો દ્વારા લોકોને સ્વચ્છતા અને મચ્છર નિયંત્રણ વિશે સમજાવ્યું.

આ કાર્યક્રમમાં નૂતન કોલેજ ઑફ નર્સિંગના ફેકલ્ટી પ્રો. બ્યુલા એસ એસ, ભૂમિકા પરમાર, ઉપસ્થિત રહ્યાં હતાં. જે બદલ સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણી, નૂતન કોલેજ ઑફ નર્સિંગના પ્રિન્સિપાલ ડો. શિવાસુબ્રમણ્યમ, વાઈસ પ્રિન્સિપાલ ડો. મહાલક્ષ્મી, પ્રો. બ્યુલા તેમજ તમામ ફેકલટીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# રાજકોટ રેલવે ડિવિઝનના ૩ કર્મચારીને સેફટી પુરસ્કારથી સન્માનિત કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ: પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ ફેબ્રુઆરી ૨૦૨૬ માટે વિવિધ ડિવિઝનના ૧૪ કર્મચારીઓને પ્રતિષ્ઠિત મેન ઓફ ધ મંથ સેફ્ટી પુરસ્કારથી સન્માનિત કર્યા. આમાં રાજકોટ ડિવિઝનના ત્રણ કર્મચારીઓની પસંદગી થવી એ ડિવિઝન માટે ગૌરવની બાબત છે. આ સન્માન પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે આયોજિત એક સમારોહમાં આપવામાં આવ્યું હતું. આ કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સતર્કતા, નિષ્ઠા અને ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા માટે સન્માનિત



કરવામાં આવ્યા હતા, જેમના પ્રયત્નોથી સંભવિત રેલ અકસ્માતો ટાળીને સુરક્ષિત રેલ સંચાલન સુનિશ્ચિત થયું છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીના ના જણાવ્યા અનુસાર, સન્માનિત કર્મચારીઓની વિગત નીચે મુજબ છે:

**૧.શ્રી રવીન્દ્ર કુમાર ચૌધરી, ટ્રેક મેન્ટેનર ગ્રેડ-૧**

લાઈનના નંબર ૧ ની ટંગ રેલમાં ફ્રેક્ચર જોવા મળ્યું હતું. તેમણે તરત જ સંબંધિત અધિકારીઓને જાણ કરી. ત્વરિત સમારકામ કાર્ય કરીને સવારે લગભગ ૦૭:૦૨ કલાકે ટ્રેકને સુરક્ષિત રીતે પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો.

**૨.શ્રી મંગલ સિંહ મીણા, પોઈન્ટ્સમેન**

માલગાડીના પ્રસ્થાન સમયે એક વેગનમાંથી અસામાન્ય તણખા અને બળવાની ગંધ જોવા મળી હતી. તત્પરતા દાખવીને તેમણે લાલ ઝંડો બતાવી ટ્રેનને રોકાવી હતી.

**૩.શ્રી કૃષ્ણ એ. બૈરવા, સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ**

માલગાડીના નિરીક્ષણમાં એક વેગનની ટ્રોલીમાંથી તણખા નીકળતા જોયા હતા. તરત જ રેડ હેન્ડ સિગ્નલ બતાવી ટ્રેનને રોકવામાં આવી હતી. તપાસમાં બ્રેક બ્લોક ફસાયેલો જોવા મળ્યો હતો.જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ સન્માનિત કર્મચારીઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે તેમની નિષ્ઠા, સતર્કતા અને ફરજ પ્રત્યેનું સમર્પણ સમગ્ર પશ્ચિમ રેલવે માટે પ્રેરણારૂપ છે.

# દેશમાં અકસ્માતે મૃત્યુ પામનારના પરિવારને આર્થિક સહાય અર્પણ કરતા પૂ.મોરારિબાપુ

## ગુજરાત, દિલ્હી, છતીસગઢ, પંજાબ સહિતના રાજ્યોમાં રૂ.૧૭ લાખથી વધુની મદદ

**અબતક, રાજકોટ**

ગુજરાત સહિત દેશમાં થયેલાં અકસ્માતોમાં થયેલાં અકાળ મરણથી મોરારિબાપુ દ્વારા સંવેદના સહાયતા અલગ અલગ દુર્ઘટનામાં થયેલ ૧૧૭ મરણથી કુલ રૂપિયા ૧૭,૫૫,૦૦૦ સહાયતા સાથે અર્પી શ્રદ્ધાંજલિ ઈશ્વરિયા સોમવાર તા.૨૭-૪-૨૦૨૬ ગુજરાત સહિત દેશમાં છેલ્લાં પખવાડિયામાં થયેલાં અકસ્માતોમાં થયેલાં અકાળ મરણથી મોરારિબાપુ દ્વારા સંવેદના સહાયતા અર્પણ કરી છે. અલગ-અલગ દુર્ઘટનામાં થયેલ ૧૧૭ મરણથી કુલ રૂપિયા ૧૭,૫૫,૦૦૦ સહાયતા સાથે શ્રદ્ધાંજલિ અર્પી છે. પ્રદેશ કે દેશ અથવા પરદેશ, જ્યાં કોઈ આકસ્મિક દુર્ઘટનામાં અકાળ મરણ થતાં મોરારિબાપુ દ્વારા સંવેદના સહાયતા અર્પણ કરવામાં આવે છે. ગુજરાત સહિત દેશમાં છેલ્લાં પખવાડિયામાં સર્જાયેલાં ૨૫ અકસ્માતોમાં ૧૧૭ વ્યકિતઓનાં થયેલાં અકાળ મરણથી મોરારિબાપુ દ્વારા સંવેદના સહાયતા અર્પણ કરી છે. ચિત્રકુટ ધામ તલગાજરડા અંતર્ગત મોરારિબાપુ દ્વારા



શ્રદ્ધાંજલિ અર્પણ કરી નીચે મુજબ દુર્ઘટનામાં ભોગ બનનારના વારસદારને રૂપિયા ૧૫,૦૦૦ હજાર લેખે કુલ રૂપિયા ૧૭,૫૫,૦૦૦ સહાયતા મોકલવામાં આવી રહી છે. અલગ-અલગ જીવલેણ અકસ્માતોની યાદી મુજબ લખતર ધોરીમાર્ગ પર અકસ્માતમાં વિરમગામના ૭ પદયાત્રી, મહારાષ્ટ્ર થાણે ધોરી માર્ગ અકસ્માતમાં ૧૧ વ્યકિત, સુરત ગાડી અકસ્માતમાં ૧ મહિલા, છત્તીસગઢ વેદાંતા પાવર કંપનીમાં બોઈલર અકસ્માત થતાં ૧૦ વ્યકિત, દિલ્હી રોહિલા વિસ્તાર ઝૂંપડપટ્ટીમાં આગ લાગતાં ૨ બાળક, પંજાબ ફતેહગઢ સાહિબ જિલ્લામાં વાહન અકસ્માત થતાં ૬ વ્યક્તિ, પાલિતાણા પાસે શેત્રુંજી નહેરમાં ડૂબી જતાં અનિડા ગામનો ૧ કિશોર, લીંબડીમાં મકાનમાં આગ દુર્ઘટનામાં ૨ વ્યકિત, બોટાદ પાળીયાદ માર્ગ પર રાણપુર પાસે અકસ્માતમા પીપરડીના બાળક અને માતા એમ ૨ વ્યક્તિ, સુરતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અકસ્માતમાં ચાલક ૧ ચાલક, જમ્મુ કાશ્મીરમાં ઉધમપુર બસ અકસ્માતમાં ૧૫ યાત્રિકો, સિહોર તાલુકાનાં ઈશ્વરિયાનાં ઈશ્વરપૂર વિસ્તારમાં પાણીમાં ડૂબી જતાં આંબલાનો ૧ યુવાન, વલસાડ જિલ્લાના કપરડા તાલુકાના વીરક્ષેત્ર પાસે અકસ્માત સર્જાતા ૭ વ્યક્તિ, નળ સરોવર વિરમગામ માર્ગ પર અકસ્માતમાં સુરેન્દ્રનગર લખતરની ૩ વ્યક્તિ, સિહોર પાસેનાં સોનગઢ એકલિયા તળાવમાં ડૂબી જતાં પીપરલા ગામનો ૧ યુવાન, સુરત પુણા માર્ગ પર અકસ્માતમાં ટ્રક સાથે અથડાતાં ૧ વ્યક્તિ, જસદણ પાસે સાગર જળાશયમાં ડૂબવાની ઘટનામાં ૪ કિશોરો, આમ અલગ-અલગ દુર્ઘટનામાં કુલ ૭૫ વ્યક્તિઓએ જીવ ગુમાવતાં કુલ રૂપિયા ૧૭,૫૫,૦૦૦ સંવેદના સહાયતા મોકલવામાં આવશે.

# વડિયા તાલુકામાં વહીવટી સેવાના કર્મચારીની કાયમી નિમણુંક માંગણી

## સુરગપરામાં બગીચા પાસે ત્રણ માળની ઈમારત ૫ વર્ષથી ભુતબંગલા જેમ ઉભી છે

**અબતક, વડિયા**

અમરેલી જિલ્લા નુ છેવાડાનું ઉદ્યોગો વિહોણું ગ્રામીણ તાલુકા મથક એટલે વડિયા અહીં તાલુકાની મોટાભાગની કચેરીઓ આવેલી છે. પરંતુ તંત્ર મોટે ભાગે ચાર્જ માં ચાલે છે તો કોઈ કર્મચારી અહીં ટકતો નથી જે કર્મચારી આવે છે તે થોડા સમયમાં રાજકીય કે અન્ય વગ લઈને અન્ય જગ્યાએ બદલી કરતો જોવા મળે છે.

તેમાં પણ ખાસ રહેવા માટે ની સુવિધાઓ. વડિયા ગામ ઉદ્યોગો વિહોણું હોવાથી રોજગારી ના અભાવે મોટાભાગ ના લોકો શહેરોમાં સ્થળાતર કરે છે

જેથી વડિયા ની કચેરીઓ ને પૂરતા કાયમી કર્મચારી મળે, કર્મચારી વડિયામાં વસવાટ કરી શકે, અપડાઉન કરતા કર્મચારીઓની સંખ્યા ઘટે તો સરકારી કચેરીઓની કામગીરી પણ નિયમિત બંને જેનો સીધો ફાયદો સામાન્ય લોકોને થાય.



અમરેલી જીલ્લા નો આર એન્ડ બી વિભાગ દ્વારા આ જર્જરિત ક્વાટર્સ ને પાડવાના મુર્હતની છેલ્લા પાંચ વર્ષ થી રાહ તે રાહ જોવાતી હોય તેમ એ જગ્યા હાલ ઢોર વાડા તરીકે પ્રચલિત બની ચુકી છે. ત્યારે આ બહુમાળી ઈમારત સાથે તે જ કેમ્પસ માં મામલતદાર ના ક્વાટર્સ પણ હતા તે પણ હાલ જર્જરિત છે અને રહેવા લાયક નથી.

આ બંને ક્વાટર્સ ને જમીન દોસ્ત કરી નવા બાંધકામ ને મંજૂરી આપી અધ્યતન બિલ્ડીંગ બનાવવા માં આવે તો અનેક કર્મચારી ને પડતી તકલીફો દૂર થઈ શકે સાથે વડિયા ઉપર કર્મચારીઓ માટે લાગેલું સજાના કેન્દ્ર નુ લેબલ હટાવી શકાય. આ મુદ્દે વર્તમાન સમય માં ગ્રામ પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપ પક્ષની સરકાર છે. વડિયા માથી તમામ લોકો ખોબલે ખોબલે મત મેળવી ને વિજેતા બન્યા છે.

સરકાર ના હાથ પગ ગણાતા કર્મચારીઓની ચિંતા શું વર્તમાન સરકારના આ વિસ્તાર ના ચૂંટાયેલા નેતાઓ કરશે ખરા ? શું સાંસદ ભરત સુતરીયા અને મંત્રી કૌશિક વેકરીયા આ બાબતે કાર્યવાહી કરાવી નવા સરકારી ક્વાટર્સ મંજુર કરાવી વડિયા ને સજાના કેન્દ્રના મેણાં માંથી બહાર કાઢવા આગળ આવશે કે નહિ તે તો આવનારો સમય જ બતાવશે ??? સુવિધાઓને અભાવે વડિયાના પીડિત કર્મચારીની લાગણી સરકાર સુધી પહોંચે તો ચોક્કસ આ દિશા કામ કરવુ જરૂરી બંને છે જેનો સીધો ફાયદો સરકાર ની યોજનાઓના અમલીકરણ તરફ થશે અને લોકોને તેનો વધુ લાભ આપવી શકાશે તો આ બાબત ને ગંભીરતાથી વિચારણા હેઠળ લઈ ને કાર્યવાહી કરવામાં આવે તેવી વડિયામાં વસવાટ કરતા અને નોકરી કરતા કર્મચારીમાં સાંભળવા મળી રહી છે.

# ગોંડલમાં ટ્રાન્સપોર્ટરના મકાનમાં તસ્કર ત્રાટક્યાં: સાત લાખની મતા ઉઠાવી ફરાર

## યુવાન પરિવાર સાથે રાજકોટ રહેતા માતા-પિતાના ઘરે જતા બંધ મકાનમાંની તિજોરીમાંથી તસ્કરો દાગીના અને રૂ.૧ લાખ રોકડ ઉસેડી ગયા

**અબતક, રાજકોટ**

ગોંડલમાં ગુંદાળા રોડ પર વ્રજવાટીકા એપાર્ટમેન્ટમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીના એક દિવસ માટે બંધ રહેલા મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ અહીં દરવાજાના તાળા તોડી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા એક લાખ સહિત કુલ રૂપિયા ૭ લાખની મત્તા ચોરી કરી ગયા હતા. જે અંગે ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ ચકાસી ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગોંડલના ગુંદાળા રોડ પર ગંગોત્રી સ્કૂલ વાળી શેરી વ્રજવાટીકા એપાર્ટમેન્ટમાં ચોથા માળે ફ્લેટ નંબર ૪૦૪ માં રહેતા રાજદીપભાઈ નંદલાલભાઈ ઉજીયા(ઉ.વ.30) નામના યુવાન દ્વારા ચોરીની આ ઘટના અંગે ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. રાજદીપભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે.ગઈ તા. ૨૬/૪ ના સાંજના સાડા ચારેક વાગ્યે આસપાસ તે તેમના પરિવાર સાથે રાજકોટમાં રહેતા માતા-પિતાના ઘરે આંટો મારવા માટે ગયા હતા. રાજકોટમાં માતા-પિતાના ઘરે રાત રોકાયા બાદ સવારના ૭:30 વાગ્યા આસપાસ તેઓ અહીં ઘરે આવ્યા હતા. અહીં આવી જોતા મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું હોય કંઈક અજુગતું બન્યાની શંકા ગઈ હતી. બાદમાં ઘરમાં જઈ જોતા સામાન વેરવિખેર હતો જેથી ચોરી થયાનુ માલુમ પડ્યું હતું. બાદમાં ઘરમાં તપાસ કરતા તસ્કરોએ દરવાજાનું મુખ્ય તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી કબાટના દરવાજા ખોલી કબાટની તિજોરીમાં રહેલ સોના-ચાંદીના ઘરેણા કિંમત રૂપિયા ૬ લાખ અને રોકડ રૂ. ૧,૦૦,૦૦૦ સહિત કુલ રૂપિયા ૭ લાખની મત્તા ચોરી કરી ગયા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી તેમણે તુરંત આ અંગે પોલીસને જાણ કરી હતી બનાવને લઈ ગોંડલ પોલીસ મથકનો સ્ટાફ તાકીદે અહીં પહોંચી ગયો હતો. ટ્રાન્સપોર્ટના ધંધાથી યુવાનની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી પી.આઈ જે.પી.રાવની રાહબરી હેઠળ ટીમે ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

## જેતપુરના મકાનના લોકરમાંથી ૮૦ હજાર રોકડની ચોરી: જાણભેદુ કળા કરી ગયાની આશંકા

જેતપુરમાં ધોરાજી રોડ પર જાગૃતિનગર ગરબી ચોક પાસે રહેતા લખધીરભાઈ દાદાભાઈ કાળીયા (ઉ.વ.૩૫) દ્વારા જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ટ્રાવેલ્સની ઓફિસમાં નોકરી કરે છે અને અહીં પરિવાર સાથે રહે છે. દોઢેક મહિના પહેલા પત્ની ધારાબેનને સાડીનો ધંધો કરવો હોય જેથી પૈસાની જરૂર પડતા દાગીના ગીરવે મૂકી લોન લીધી હતી. જેના રૂપિયા ૯૧,૧૦૦ મળ્યા હતા. જે રૂપિયા પત્નીને આપ્યા હતા તેણે આ રૂપિયા કબાટના લોકરમાં રાખ્યા હતા તેમજ પગારના રૂપિયા ૧૨૦૦૦ આપ્યા હતા જે પણ કબાટના લોકરમાં મૂક્યા હતા. જે પૈકી ખર્ચના રૂપિયા ૨૨ હજાર તેમાંથી કાઢ્યા હતા અને આશરે ૮૦ હજાર રોકડ તથા સોનાના દાગીના કબાટના લોકરમાં પડ્યા હતા. દરમિયાન ગઈકાલ રાત્રીના યુવાને પત્નીને કહ્યું હતું કે, ઘરમાં પૈસા રાખવા કરતા બેંકમાં પૈસા મૂકી દઈએ જેથી લોકર ખોલતા અંદર રોકડ રકમ જોવા મળી ન હતી. આ બાબતે પત્નીને પૂછતા તેણે કહ્યું હતું કે છેલ્લે ગઈ તા. ૨૨/૪/૨૦૨૬ ના રોજ લોકરમાંથી રૂપિયા ૫,૦૦૦ કાઢ્યા હતા ત્યારે પૈસા હતા. કબાટમાં પૈસાની બાજુમાં દાગીના પડ્યા હોય જેની ચોરી થઈ નથી માત્ર રોકડ રૂપિયા ૮૦,૦૦૦ ની ચોરી થઈ હોય જેથી ઘરમાંથી કોઈ સભ્યએ ચોરી કરી હોવાની શંકા સાથે યુવાને આ મામલે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે અંગે પીઆઈ એસ.કે.ગરચર તથા ટીમે તપાસ હાથ ધરી છે.

# જસદણમાં મૈત્રી કરાર કરી દેવાની ના પાડનાર વકીલની ઓફિસમાં તોડફોડ

## મહિલા અગાઉથી પરણીત હોવાની જાણ થતાં વકીલે સોગંદનામું કરવાનો ઈન્કાર કર્યો'તો: વિફરેલી મહિલાએ ખુનની ધમકી આપી ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં નુકશાની સર્જી

**અબતક, રાજકોટ**

જસદણમાં પરણીત સ્ત્રીને મૈત્રી કરાર કરી આપવાનો ઈનકાર કરનાર વકીલની ઓફિસમાં તોડફોડ કરવામાં આવી હતી. વકીલની ઓફિસ ખાતે મૈત્રી કરાર કરાવવા આવેલ યુગલ પૈકી મહિલા અગાઉથી પરણીત હોય તે બાબતની જાણ થતાં વકીલે સોગંદનામું કરવાની ના પાડી દીધી હતી. જે બાદ ઉશ્કેરાયેલી મહિલા સહિતના શખ્સે અસભ્ય વર્તન કરી ખુનની ધમકીઓ આપી ઓફિસમાં તોડફોડ કરતા વકીલે જસદણ પોલીસ મથકે બેલડી વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

બનાવ અંગે જસદણની છત્રીબજાર ખાતે આવેલ જૂની મામલતદાર ઓફિસ સામે રહેતા 30 વર્ષીય વકીલ મનનભાઈ અશ્વિનભાઈ શેઠએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભરત જયતાભાઈ કુવાડિયા (રહે. જંગવડ, જસદમ, રાજકોટ) અને કાજલબેન પ્રકાશભાઈ પટોડિયા (હાલ રહે. શ્યામ પાર્ક ગેઈટ નં. ૩ કોઠારિયા રોડ રાજકોટ, મુળ રહે. જંગવડ, જસદણ)નું નામ આપતા જસદણ પોલીસની ટીમે બીએનએસની કલમ ૩૨૪ (૪), ૩૫૨, ૩૫૧ (૩), ૫૪ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વકીલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૫ના રોજ સવારના સમયે અમારી ઓફિસ ખાતે આવી એક અસીલે કહેલ કે, તેઓ સોમવારે એટલે કે, તા. ૨૭/૪ના રોજ જરૂરી ડોક્યુમેન્ટ લઈને આવશે અને તેઓ મૈત્રી કરાર કરાવશે. તેવુ કહી જતા રહેલ હતાં. બાદ તા. ૨૭ના રોજ સવારના ૧૧ વાગ્યા આસપાસ અમારી ઓફિસે આવેલ અસીલે પોતાના ડોક્યુમેન્ટ આપતા તેમની ઓળખ ભરત જયતાભાઈ કુવાડિયા અને કાજલબેન પ્રકાશભાઈ પટોડિયા તરીકે થયેલ હતી. જેમાં કાજલબેના બે વખત લગ્ન થયેલ હોય અને છેલ્લા લગ્નજીવનથી છુટાછેડા નહીં થયા હોવાનું જાણવા મળતા તે બાબતની સમજણ આપી બન્ને લોકોના મૈત્રી કરાર થઈ શકે નહીં તે બાબતે વાતચીત કરી હતી. દરમિયાન કાજલબેન એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મારી સાથે એલફેલ બોલી અસભ્ય વર્તન કરવા લાગેલ હતાં. તેઓ મને કહેવા લાગેલ કે તમે વકીલ હોવ તો શું થઈ ગયું જો તમે અમે કહીએ તે રીતે મૈત્રીકરાર કે સોગંદનામું નહીં કરી આપો તો સારાવાટ રહેશે નહીં અને તમને જોઈ લેવા પડશે તેવી ધમકી આપી હતી. બાદમાં તેમણે દબાણ પૂર્વક મને મૈત્રી કરાર અને સોગંદનામું કરાવવા પ્રયત્ન શરૂ કર્યો હતો. પરંતુ તે બાબતે મે સ્પષ્ટ ના પાડી દેતા કાજલબેને અમારી ઓફિસમાં રહેલ પ્રીન્ટર, ટેબલમાં તોડફોડ શરૂ કરી હતી. તેમણે પ્રિન્ટર સાથેનો વાયર તોડી ઝેરોક્ષ મશીનમાં પણ તોડફોડ કરી નુકશાન સર્જ્યુ હતું તેમ છતાં મે તેમને સમજાવવાની કોશીષ કરી હતી પરંતુ તેઓ ટસથી મસ થયા ન હતાં બાદમાં મે પોલીસ સ્ટેશને ફરિયાદ કરવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે, તે કોઈથી બીતા નથી અને વહીવટી ધોરણે છૂટી જશું જો પોલીસમાં ફરિયાદ કરીશ તો માથા ફોડી નાખીશું તેવી ધમકી આપી હતી. વધુમાં કાજલબેને ધમકી આપતા જણાવ્યું હતું કે, હું પોતે સ્ત્રી છું ગમે તે થશે તો પણ અમારુ કશુ થશે નહીં બાદમાં જતા જતા તેમણે કોમ્પ્યુટર સિસ્ટમમાં લાગેલ વાયર તોડી નાખેલ હતાં. દરમિયાન મારા નાના ભાઈ જયનો મોબાઈલ ઝુટવી લેવાની કોશીષ કરતા મોબાઈલ નીચે પડી ગયેલ હતો. અને તેમાં પણ નુકશાની સર્જાઈ હતી. વધુમાં જતા જતા કાજલબેન અને ભરતભાઈએ ધણકી આપી હતી કે, આ બનાવ સબંધે કોઈ પણ ફરિયાદ કરીશ તો પાછા આવી જાનથી મારી નાખીશું, અમારુ કોઈ કંઈ બગાડી નઈ લે. બનાવ સબંધે પરાણે મૈત્રી કરાર કરાવવા દબાણ કરી યુગલે વકીલની ઓફિસમાં તોડફોડ કરી ધમાલ મચાવતા જસદણ પોલીસ મથકે સમગ્ર મામલે મહિલા સહિત બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

### ઓફિસમાં ધમાલ મચાવ્યા બાદ બનાવ અંગે ફરિયાદ કરશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપનાર યુગલ વિરૂદ્ધ જસદણ પોલીસ મથકે ગુનો નોંધાયો

# વઢવાણના વડોદ ગામે ગેસ લાઈનમાં આગ ભભૂકી

## ગેસ કંપનીની બેદરકારીના કારણે આગ લાગતા ખેતરની વાડ બળીને ખાખ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



વઢવાણ તાલુકાના વડોદ ગામ પાસે આગની ઘટનામાં ખેતર ફરતી વાડ બળીને ખાખ થઈ જતા ખેડૂતને નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. આ અંગે મળતી માહિતી મુજબ વડોદ ગામ પાસે ખેતર નજીકથી પસાર થતી ગેસ લાઈનમાં કોઈ કારણસર આગ લાગતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેની ઝપેટમાં ખેતર ફરતી વાડ આવી જતા વાડ સંપૂર્ણપણે બળી ગઈ હતી. આ ઘટનાથી ભોગ બનનાર ખેડુત ગજુભાઈ કરશનભાઈ જાદવે ગેસ કંપનીની બેદરકારી સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. જે અંગે ભોગ બનનાર ખેડુતના જણાવ્યા મુજબ ગેસ લાઈનની યોગ્ય દેખરેખના અભાવે આગનો બનાવ બન્યો હોવાનું લાગી રહ્યું છે જેના કારણે આર્થિક નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. તેમજ ગેસ કંપની સામે યોગ્ય તપાસ કરી નુકશાનનું વળતર ચૂકવવાની પણ માંગ ઉઠવા પામી છે જયારે લાંબા સમય સુધી આગના બનાવને કારણે સ્થાનિકો અને વાહન ચાલકોમાં પણ ચિંતા જોવા મળી હતી.

# ઉપલેટામાં હાઈવેના કોન્ટ્રાકટમાં દખલગીરીની શંકાએ યુવાનની હત્યાની કોશિષ

## મોડી રાત્રે બીએમડબ્લ્યુ કારમાં ધસી આવેલા ચાર શખ્સો પાઈપ વડે તૂટી પડ્યા : હાથ-પગ ભાંગી નાખ્યા

### હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ ચાર શખ્સોની ટોળકી સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ઉપલેટામાં સતત બીજા દિવસે હત્યાના પ્રયાસનો બીજો બનાવ બનતાં લોહિયાળ બન્યું હતું. સાફ સફાઈના કોન્ટ્રાક્ટમાં દખલગીરીની શંકાએ યુવકની હત્યાનો પ્રયાસ થતાં ચકચાર મચી ગઈ હતી. જે બનાવમાં ઉપલેટા પોલીસે ચાર શખ્સો સામે હત્યાની કોશિશની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે ઉપલેટામાં બસ સ્ટેન્ડ પાછળ ઢાંકની ગારીમાં રહેતાં જયદેવભાઈ અમૃતલાલ કુહાડીયા (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય દિનુ સોલંકી, રણજીત ઉર્ફે રાણો ચંદ્રવવાડીયા, જયદીપ ચંદ્રવાડીયા અને સાવન પટેલ (રહે. તમામ ઉપલેટા) નું નામ આપતાં ઉપલેટા પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની ગંભીરત કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ બે ભાઈઓ છે. જેમા મોટો પોતે અને નાનો કશ્યપભાઈ છે. તે અગાઉ વિજય સોલંકી સાથે જેતપુર-પોરબંદર હાઈ-વેના કોન્ટ્રાક્ટમાં ભાગીદાર હતો.

છ મહિના અગાઉ જેતપુર-પોરબંદર હાઈ-વે માં સાફ સફાઈના કોન્ટ્રાક્ટમાં વિજય સોલંકીની સાથે પાર્ટનરમાં કામ કરતો હતો. બાદમાં ભાગીદારીમા કામ ન કરવુ હોય જેથી વિજય સોલંકીથી અલગ થઈ ગયેલ હતો, જેથી વિજય અવાર નવાર અન્ય માણસો સાથે જણાવતો હતો કે, તારે હાઈ-વે ના કામ અંગે કોઈ દખલગીરી કરવી નહીં કે હાઈવે બાજુ જવું નહી. જેથી ફરીયાદી કામ સિવાય હાઈ-વે બાજુ જતો ન હતો. ગઈકાલે રાત્રીના આશરે એક વાગ્યાની આસપાસ વિજય સોલંકીનો વોટ્સ એપમાં ફોન આવેલ કે, તુ હાઈ-વે ના કામમા કેમ દખલગીરી કરે છે, તેમ કહી ધમકાવતો હતો.

જેથી તેઓ ઉપલેટા બસ સ્ટેન્ડ બાજુથી ઘર તરફ એકટીવા લઈને જતો હતો ત્યારે ઢાંકની ગારીમા શ્રી ટાવર સામેની શેરીમાં પહોંચતા તે રાત્રીના દોઢેક વાગ્યે પોતાની બીએમડબલ્યુ કાર લઈને આવેલ અને એકટીવાની આગળ પોતાની ફોર વ્હીલ ગાડી આડી કરી ઉભો રખાવી કાર માંથી વિજય સોલંકી લોખંડના પાઈપ સાથે નીચે ઉતરેલ અને બીજા ત્રણ માણસો જેમાં રણજીત ઉર્ફે રાણો ચંદ્રવાડીયા, જયદીપ ચંદ્રવાડીયા તથા સાવન પટેલ પણ ઉતરેલ અને આ ત્રણેય જણાએ પકડી રાખેલ અને કહેલ કે, અગાઉ આપણે નક્કિ કરેલ તે મુજબ આને મારવાનો છે, તેમ કહી વિજય સોલંકીએ શરીરે આડેધડ મારવા લાગેલ જેથી યુવક નીચે પડી ગયેલ હતો.તેમ છતાં આ વિજય મારી નાખવાના ઈરાદે માથામા લોખંડનો પાઈપ મારવા જતા હાથ આડો રાખતા તેમાં ઈજા થયેલ અને મારામારીમા દરમિયાન જોરથી રાડો નાંખતા આજુબાજુમાંથી માણસો ભેગા થઈ જતા આ વિજય તથા તેની સાથેના માણસો કહેતા હતા કે, આ વખતે તુ બચી ગયો તને જાનથી મારી નાખવો છે તેવી ધમકી આપી પોતાની ફોરવ્હીલ ગાડી લઈને જતા રહેલ હતાં. યુવકને હાથમાં તથા બંન્ને પગમા ગંભીર ઈજા થતા લોહી નિકળવા લાગેલ અને ત્યાં હાજર માણસોમાંથી કોઈએ એમ્બ્યુલન્સને ફોન કરેલ અને સારવારમાં ખસેડેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ઉપલેટા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા પીઆઈ એચ.એમ.ધાંધલ અને ટીમે ચક્રો ગતિમાન કર્યા હતાં.

# શાપર (વે.)માં યુવાન પર વાહન ચડાવી દેવાની કોશીષ: ધોકા-પાઈપ વડે હુમલો

## વાહન સરખુ ચલાવવાનું કહ્યા બાદ મહિલા સહિતની ત્રિપુટીએ ઘરે ધસી આવી ધમાલ મચાવી

### યુવાનનો હાથ ભાંગી નાખ્યો, વાહનમાં તોડફોડ: ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ શાપર-વેરાવળ ખાતે યુવાન પર મોટર સાયકલ ચડાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે બાદ યુવાનના ઘરે ધસી આવી મહિલા સહિતની ત્રિપુટીએ ધોકા-પાઈપ વડે હુમલો કરી યુવકનો હાથ ભાંગી નાખ્યો હતો. વધુમાં યુવાનના મોટરસાયકલમાં પણ તોડફોડ કરી હતી. જે મામલે શાપર (વે.) પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મુળ બગસરા તાલુકાના ખારી ખિજડિયા ગામના વતની અને હાલ રાજકોટની ભાગોળે શાપર વેરાવળ મુકામે વિરવા રોડ પર શિવમપાર્ક સોસાયટી શેરી નં. ૩ બ્લોક નં. ૧૩ ખાતે રહેતા ૨૯ વર્ષીય યુવાન અનિલ કુમાર ભુપતભાઈ મકવાણાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે નરેશ અશોકભાઈ, દિપક અશોકભાઈ (બન્ને રહે. આનંદ રેસીડેન્સી, લોધીકા) અને સોનલબેન (રહે. શિવમ પાર્ક શાપર-વેરાવળ)નું નામ આપતા જણાવ્યું હતું કે, ગત તા. ૨૭ ના રોજ સવારના ૯:૩૦ કલાકે હું મારા ઘરેથી દુકાને દુધ લેવા ચાલીને જતો હતો ત્યારે મારી સામેથી નરેશભાઈ પોતાનું સ્પ્લેન્ડર મોટરસાયકલ લઈ આવતા હોય તેણે કાવો મારી મારી ઉપર વાહન ચડાવી દેવાની કોશીષ કરેલ હતી. જેથી મે નરેશભાઈને મોટરસાયકલ સરખુ ચલાવવાનું કહેતા તેણે મને કહેલ કે, તારા બાપનો રોડ નથી જેથી મે તેને આવુ બોલવાનું ના પાડતા તેણે કહેલ કે તુ શિવમ પાર્ક બહાર આવતો રહે ત્યાં બધુ પતાવી દેશું કહી તે જતો રહેલ હતો. અને હું પણ ઘરે આવતો રહ્યો હતો. થોડીવાર બાદ નરેશભાઈ, દિપકભાઈ અને સોનલબેન મારા ઘર પાસે ધસી આવેલ હતાં. ત્યારે નરેશભાઈ અને દિપકભાઈ બન્નેના હાથમાં લાકડાનો ધોકો હતો. તેઓ કહેતા હતાં કે આ અનિલનું મકાન છે આ મોટર સાયકલ પણ અનિલનું છે. કહી ને ઘર બહાર પાર્ક કરેલું મારુ મોટરસાયકલ જેના રજી. નં. જીજે ૧૪ બીબી ૦૨૨૫ માં નરેશભાઈ અને દિપકભાઈ લાકડાના ધોકા વડે ઘા ઝીંકી તોડફોડ કરી હતી. બાદ હું ઘર બહાર નિકળતા બન્ને મને ગાળો આપવા લાગેલ હતાં. જેથી મે ગાળો આપવાની ના પાડતા નરેશભાઈએ ધોકા વડે મને જમણા કાનની પાછળના ભાગે ઘા ઝીંકી દેતા હું નિચે પડી ગયેલ હતો. બાદ દિપકભાઈ અને સોનલબેને મને પકડીરાખેલ જ્યારે નરેશભાઈએ ધોકા વડે જમણા હાથ પર કોણીના ભાગે, ખભા પર, બન્ને સાથળના ભાગે, પીઠના ભાગે ઘા ઝીંકી દીધા હતાં. જ્યારે દિપકભાઈએ તેના હાથમાં રહેલ સ્ટીલના પાઈપ વડે મને પીઠના ભાગે ઘા ઝીંકી ગાલ ઉપર ફડાકા મારેલ હતાં. સોનલબેને મને માથામાં તેમજ શરીરે પાટા વડે માર મારેલ હતો. બાદમાં સ્થાનિકો એકત્રિત ન થતાં ત્રણેય શખ્સો નાશી ગયેલ હતાં બાદ મારા પત્ની, ભાઈ, આવી જતાં મને સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં મને જમણા હાથમાં કોણીના ભાગે ફ્રેક્ચર થયાનું તબીબે જાહેર કર્યુ હતું. હોસ્પિટલના બીછાનેથી યુવાને હુમલો કરનાર મહિલા સહિત ત્રિપુટી વિરુદ્ધ ફરિયાદ આપતા શાપર-વેરાવળ પોલીસની ટીમે ગુનો નોંધી ત્રણેય શખ્સોની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# પડધરી: ખીજડીયા ગામે વાડીમાંથી જુગારધામ ઝડપાયું, રાજકોટના વાડી માલિકની શોધખોળ

## રોકડ, કાર અને મોબાઈલ મળી રૂ.૫.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે, ચાર મહિલા સહિત પાંચ પત્તા પ્રેમી પકડાયા

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના ખીજડીયા ગામે વાડીમાં ચાલતા જુગાર ધામ પર પડધરી પોલીસે દરોડો પાડી, જુગાર રમતી ચાર મહિલા સહિત પાંચ પત્તા પ્રેમીને ઝડપી લઇ, જુગારના પટમાંથી રોકડ, કાર કાર અને મોબાઈલ મળી રૂ.૫.૮૨ લાખનો મુદ્દામાલ પોલીસે કર્યો કબ્જે, દરમિયાન વાડી માલિક નાસી જતા પોલીસે તેની શોધખોર હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પડધરી પોલીસની ટીમ પેટ્રોલિંગમાંમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, રાજકોટમાં હરિધવા રોડ પર આવેલી રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતો અશોક દેવરાજભાઈ પેઢરીયા નામનો શખ્સ ખીજડીયા ગામે પોતાની વાડીમાં જુગાર ગામ ચલાવી રહ્યો છે. પોલીસે વાડીમાં દરોડો પાડી જુગાર રમતો રાજકોટમાં હરિધવા રોડ પર આવેલી રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતો નિતેશ ગોરધનભાઈ સાવલિયા, જામનગરના ભાવનાબેન મગનભાઈ ઓડેદરા, સંતોકબેન પરબતભાઈ બોખરીયા, શાંતીબેન રાજુભાઈ વિસાવડીયા અને રાજકોટમાં ગાંધીધામ શેરી નંબર ૦૨ માં રહેતા અલકાબેન દિલીપભાઈ સોમૈયા ને ઝડપી લઇ, જુગારના પટમાંથી ૭૬ હજારની રોકડ, કાર અને પાંચ મોબાઈલ મળી રૂ.૫.૮૨ લાખનો મુદ્દા માલ કબ્જે કર્યો છે. જ્યારે દરોડા દરમિયાન વાડી માલિક અશોક દેવરાજભાઈ પેઢરીયા નાસી જતા તેની શોધ ખોળ હાથ ધરી છે.

# ગોંડલ: બેકાબુ આઈસર કેબીન વાહનો અને હોસ્પિટલની દિવાલ તોડી એમ્બ્યુલન્સ સાથે અથડાયું

## સ્ક્રેપ ખાલી કરેલા વાહનની અન્ય યુવકે ચાલુ કરી દુર્ઘટના સર્જી: મોટી જાનહાની ટળી

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ભગવતપરા માં સરકારી હોસ્પિટલ પાસે સવારે અકસ્માત ની ઘટના બની હતી.જેમાં ભંગાર ઉતારી રહેલા યુવાને આઈશર ને ચાલુ કરી દેતા અકસ્માત સર્જાયો હતો.જેમાં આઈશર ચાલુ કરનાર યુવાન ઈજાગ્રસ્ત થતા સરકારી હોસ્પિટલ માં સારવાર લઈ વધુ સારવાર માટે રાજકોટ રવાનાં થયો હતો. પ્રાપ્ત વિગત મુજબ સરકારી હોસ્પિટલ પાસે જીજે-૧૫-એક્સ ૧૪૪૦ નંબર નું આઈશર ભંગાર નો સામાન ખાલી કરી રહ્યું હતુ.તેનો ચાલક નીચે ઉભો હતો.અને આઈશર ની ચાવી આઈશર માં ભરાવેલી હતી. દરમિયાન નદી નાં ખાડા માં રહેતો અર્જુન હિરાભાઇ સોલંકી ઉ.૨૧ અચાનક આવી ચડી આઈશર ની કેબીન માં પ્રવેશી ડ્રાઈવર સીટ પર બેસી ચાવી વડે આઈશર ચાલુ કરતા અને લીવર ઉપર પગ દબાતા આઈશર ભાગ્યુ હતુ.બેકાબુ આઈશર પાનની કેબીન એકટીવા સહિત અન્ય વાહનો ને હડફેટ લઈ હોસ્પિટલ ની દિવાલ તોડી અંદર ઘુસ્યુ હતુ.અને ઉભેલી એમ્બ્યુલન્સ સાથે અથડાઈ ને અટકી ગયુ હતું.અકસ્માત માં કેબીન ટુવ્હિલર વાહનો અને એમ્બ્યુલન્સ ને નુકસાન થયુ હતું.આઈશર નો આગલો મોરો પણ ડેમેજ થયો હતો.સદનસબે કોઈ જાનહાની થઈ નથી.બનાવ સમયે લોકોએ નાશભાગ કરી મુકી હતી.

બનાવ અંગે સીટી પોલીસ એએસઆઈ પુરોહીતે તપાસ હાથ ધરી ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# થાનના રાવરાણી ગામે ગૌચરની જમીનમાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદે ખનન પકડાયું

## સ્થળ પર તંત્ર દ્વારા ચેકીંગ દરમિયાન ભૂમાફિયાઓ દ્વારા અંદાજે ૦૮ ફુટ ઉંડો ખાડો ખોદવામાં આવ્યો હતો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં ભૂમાફિયાઓ દ્વારા સરકારી તેમજ ખાનગી માલિકીની જમીનમાં ગેરકાયદેસર ખોદકામ કરી ખનીજ સંપત્તિનું ખનન અને વહન થતું હોવાની અનેક વખત ફરિયાદો ઉઠવા પામી છે. તંત્ર દ્વારા પણ થાન, મુળી, સાયલા સહિતના તાલુકાઓમાં અવારનવાર રેઈડ કરવામાં આવે છે પરંતુ તેમ છતાંય ભૂમાફિયાઓ દ્વારા ખનીજ ચોરી બંધ કરવામાં નથી આવતી ત્યારે થાન તાલુકાના રાવરાણી ગામની સીમને અડીને આવેલ સર્વે નંબર ૧૩૪ વાળી ગૌચર જમીન પર ગેરકાયદેસર ખનન થતું હોવાની બાતમીના આધારે થાન મામલતદાર સહિતની ટીમે સ્થળ પર ચેકીંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન ભૂમાફિયાઓએ તાજો ખાડો ખોદી કોલસાનું ખનન શરૂ કર્યું હોવાનું અને અંદાજે ૦૮ ફૂટ ઉંડો ખાડો ખનન કરવાના ઈરાદે ખોદયો હોવાનું બહાર આવ્યુ હતું.

# ધ્રોલ નજીક ટ્રકની હડફેટે બાઈક ચાલકનું મોત

## રાજકોટનો યુવાન જામનગર ખાતે જઈ રહ્યો હતો ત્યારે નડ્યો અકસ્માત

**અબતક**
**સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ રાજકોટ-જામનગર હાઈવે પર એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં પૂરપાટ ઝડપે જઈ રહેલા ટ્રક ચાલકે એક બાઈક સવાર યુવાનને અડફેટે લેતા તેમનું ગંભીર ઈજાઓને કારણે કમનસીબ મોત નીપજ્યું છે.આ બનાવ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ટ્રક ચાલક વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવવા અને મોત નિપજાવવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, તારીખ ૨૬/૦૪/૨૦૨૬ના રોજ સવારના આશરે ૦૯:૦૦ વાગ્યાના સુમારે રાજકોટના નહેરૂ નગર, રજા મસ્જીદ પાસે રહેતા અમીરભાઈ રફીકભાઈ શેખ પોતાની બી.એમ.ડબલ્યુ. બાઈક (રજી. નં. ટીએન-૩૭-સીક્યુ-૪૬૯૯) લઈને રાજકોટથી જામનગર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ ધ્રોલ ખાતે રાજકોટ-જામનગર હાઈવે પર એસ.આર. પેટ્રોલ પંપની સામે પહોંચ્યા ત્યારે સામેથી આવી રહેલા ટ્રક (રજી. નં. જીજે-૩૬-એક્સ-૫૦૦૪) ના ચાલકે પોતાના હવાલાવાળો ટ્રક અત્યંત પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારીને રોડ પર આવેલ કટમાંથી કોઈ પણ જાતના સિગ્નલ કે ચિન્હો આપ્યા વગર અચાનક વાળી લીધો હતો. ટ્રક ચાલકની આ બેદરકારીને કારણે અમીરભાઈનું બાઈક ટ્રકની અડફેટે આવી ગયું હતું, જેને પરિણામે તેઓ રોડ પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતમાં તેમના માથાના તેમજ શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.આ ગંભીર બનાવ અંગે મૃતકના પિતા રફીકભાઈ ઈકબાલભાઈ શેખે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે એ.એસ.આઈ. ડી.જે. ગાગીયા અને એ.એસ.આઈ. જે.એ. દવેની ઉપસ્થિતિમાં ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ દુખદ બનાવને પગલે મૃતકના પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

### રાજકીય આકાઓ ભાન ભૂલતા આઈપીએસ લોબી મેદાને

# ગોપાલ ઈટાલિયાના વિવાદાસ્પદ નિવેદન પર આઈપીએસ એસોસિએશન લાલચોળ: ચૂંટણી પંચને ફરિયાદ

## રાજકીય રોટલા સેકવા હરીફોને બદલે સરકારી અધિકારીઓને નિશાન બનાવી અગ્રણીઓ નિમ્ન કક્ષાની વાણીનો ઉપયોગ કરતા હોવાનો એસોસિયેશનનો આક્ષેપ

## મીડિયા અને પોલીસ પર લોકશાહી ખતમ કરવાનો આરોપ: લોકશાહીમાં ટીકા કરવાની સ્વતંત્રતા, પરંતુ જાહેર મંચ પરથી ચરિત્રહનન અને અભદ્ર ભાષા અસ્વીકાર્ય

**અબતક રાજકોટ**

ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ગરમાવા વચ્ચે રાજકીય નિવેદન બાજી હવે કાયદાકીય અને વહીવટી મોરચે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. આમ આદમી પાર્ટીના અગ્રણી અને ભેસાણના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સોશિયલ મીડિયાના માધ્યમથી પોલીસ અધિકારીઓ માટે અત્યંત અપમાનજનક શબ્દોના વિરોધમાં ગુજરાત આઈપીએસ એસોસિએશન મેદાને આવ્યું છે. રાજ્ય ચૂંટણી આયોગ અને ગૃહ વિભાગને લેખિત આવેદન આપી ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા વિરુદ્ધ દાખલારૂપ કાર્યવાહી કરવાની માગ કરી છે.વધુ વિગત મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર દરમિયાન વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ફેસબુક લાઈવ દરમિયાન પોલીસ તંત્ર અને ચૂંટણી પ્રક્રિયા પર ગંભીર આક્ષેપો કર્યા હતા. મીડિયા અને પોલીસ પર લોકશાહી ખતમ કરવાનો આરોપ ફરવાના આક્ષેપ કરવામાં આવતા જેને પગલે અમદાવાદ પોલીસ કમિશનર અને આઈપીએસ એસોસિએશનના પ્રમુખ જી.એસ. મલિકની આગેવાનીમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓનું



પ્રતિનિધિમંડળ ચૂંટણી આયોગની કચેરીએ પહોંચ્યું હતું. એસોસિએશનના સચિવ નિપુણા તોરવણે અને નાયબ અધ્યક્ષ પિયુષ પટેલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે, જવાબદાર પદ પર બેઠેલા લોકપ્રતિનિધિ દ્વારા પોલીસ તંત્ર માટે દલાલ, લફંગા અને દલ્લા જેવા અપશબ્દોનો પ્રયોગ કરવો એ લોકશાહીની ગરિમા વિરુદ્ધ છે.તાજેતરમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ફેસબુક લાઈવ દરમિયાન પોલીસ તંત્ર અને ચૂંટણી પ્રક્રિયા પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે, સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં પોલીસ તંત્રએ તટસ્થ રહેવાને બદલે રાજકીય પક્ષના એજન્ટ તરીકે કામ કર્યું છે. રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પર 'દલાલી' કરવાનો આક્ષેપ કર્યો હતો. મીડિયા અને પોલીસ પર લોકશાહી ખતમ કરવાના ભાગીદાર હોવાનો આરોપ લગાવ્યો હતો. આઈપીએસ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચૂંટણી ફરજ પર તૈનાત અંદાજે ૧ લાખ જેટલા સુરક્ષાકર્મીઓ, જેમાં હોમગાર્ડથી લઈને અર્ધલશ્કરી દળોનો સમાવેશ થાય છે, તેમની ભાવનાઓને આ નિવેદનથી ઠેસ પહોંચી છે. એસોસિએશને સ્પષ્ટ કર્યું કે, લોકશાહીમાં ટીકા કરવાનું સ્વાતંત્ર્ય છે, પરંતુ જાહેર મંચ પરથી ચરિત્રહનન અને અભદ્ર ભાષા અસ્વીકાર્ય છે. આ પ્રકારના પાયાવિહોણા આક્ષેપો જનતામાં પોલીસ પ્રત્યે અવિશ્વાસ પેદા કરવા અને દળોના મનોબળને તોડવાનો પ્રયાસ છે. એસોસિએશને ચૂંટણી પંચને આ મામલે આદર્શ આચારસંહિતાના ભંગ બદલ ત્વરિત અને કડક પગલાં લેવા વિનંતી કરી છે. હવે જોવાનું એ રહેશે કે ચૂંટણી પંચ અને ગૃહ વિભાગ આ ગંભીર રજૂઆત બાદ ગોપાલ ઈટાલિયા સામે કેવા કાયદાકીય પગલાં ભરે છે. આ વિવાદને કારણે રાજ્યના રાજકીય માહોલમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત તાજેતરમાં કોંગ્રેસના યુવા ધારાસભ્ય દ્વારા આઈપીએસ સામે નિમ્નકક્ષાની સાનો ભાષાનો ઉપયોગ કર્યો હોવાનું પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો તેમજ રાજકીય અગ્રણીઓ રાજકીય રોટલા શેકવા હરીફો ને બદલે તેમજ પ્રજાના પ્રશ્નો ને વાચા આપવાને બદલે સરકારી અધકારીઓને નિશાન બનાવી મીડિયા અને પોલીસ પર લોકશાહી ખતમ કરવાનો આરોપ લગાવ્યો છે.

# મોરબીમાં છરીની અણીએ વેપારીના બાઈક અને રૂ.૧૫ હજારની લૂંટ

## લીફ્ટ માગી અંધારી ગલીમાં લઈ જઈ ધમકી આપી બેલડીએ આચર્યું કૃત્ય: બે શખ્સની શોધખોળ

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી શહેરમાં મોબાઈલ અને મની ટ્રાન્સફરની દુકાન ચલાવતા વેપારીને બે ઓળખીતાં શખ્સોએ લીફ્ટના બહાને વિશ્વાસમાં લઈ મંગલ ભુવન ગરબી ચોક નજીક અંધારી ગલીમાં લઈ જઈ છરી બતાવી લૂંટ ચલાવ્યાની ઘટના સામે આવી છે.

મોરબી શહેરમાં લૂંટની ગંભીર ઘટના સામે આવી છે, જેમાં યમુનાનગર-૨ ન્યુ શ્રધ્ધા પાર્ક નવલખી રોડ મોરબી મૂળરહે. જેરાતરા જી.સાંચોર જી.જાલોરના વતની અને સરદાર રોડ ધરતી ટાવર સામે મહાદેવ મોબાઈલ નામે દુકાન ધરાવતા વેપારી ભુરારામ નરશીરામ ચૌધરીએ આરોપી દેવાસિંગ ભરતસિંગ સરદારજી રહે. લાયન્સનગર મોરબી તથા કુલદીપસિંગ ઉર્ફે કાલી સરદારજી રહે.વીસીપરા મોરબી વાળા સામે ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી ભુરારામ ચૌધરી ગત તા.૨૩/૦૪ના રોજ રાત્રે દુકાન બંધ કરીને આશરે રૂ.૧૫ હજાર રોકડ સાથે પોતાના હોન્ડા સાઈન મોટરસાયકલ નં. જીજે-૦૩-ઈક્યુ-૩૮૮૧ ઉપર ઘરે જવા નીકળ્યા હતા. દરમિયાન રેલ્વે સ્ટેશન નજીકથી પરત દુકાને જતાં રસ્તામાં રેલ્વે સ્ટેશન રોડ રેનબસેરા નજીક ઉપરોક્ત બન્ને આરોપીઓ કે જેઓ ભૂરારામના જુના ગ્રાહક હોય તેઓએ બજારમાં જવાનું કહી લીફ્ટ માંગી હતી.

વજન વધારે હોવાનું કહી બાઈક આરોપી દેવસિંગે ચલાવા લઈ લીધું હતું. થોડે દુર જઈ આરોપીએ રસ્તામાં દિશા બદલી મંગલ ભુવન ગરબી નજીક અંધારી ગલીમાં લઈ જઈ મોટરસાયકલ રોકી, પાછળ બેઠેલ કુલદીપસિંગે છરી બતાવી વેપારીના ખીસ્સામાંથી વેપારના રૂ.૧૫ હજારની રોકડ અને રૂ.૫૦ હજારના બાઈકની લૂંટ કરી હતી. હાલ લૂંટના આ બનાવ અંગે પોલીસે આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ. કલમ તથા જી.પી. એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માળીયા(મી)માં વડીલો પાર્જીત મિલકત મુદ્દે સગા ભાઈઓના પરિવારો વચ્ચે મારામારી

## દંપતિ સહિત ચારને ઈજા: ત્રણ મહિલા સહિત પાંચ સામે ફરિયાદ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી)માં બાપ-દાદાની મિલકત બાબતે સગા બે ભાઈઓના પરિવારો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી અને મારામારીનો બનાવ સામે આવ્યો છે. બનાવમાં ફરિયાદી, તેની પત્ની તથા બે દીકરીઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી,

માળીયા(મી) ખાતે જૂના બસ સ્ટેશન સામે રહેતા અકબરભાઈ સુમારભાઈ મોવર ઉવ.૪૫એ પોતાના સગા નાનાભાઈ હૈદરભાઈ સુમારભાઈ મોવર, સાયનાબેન હૈદરભાઈ મોવર, ઈરફાન હૈદરભાઈ મોવર, નુરબાનુ ઈરફાનભાઈ મોવર અને રહીમા હૈદરભાઈ મોવર સહિતનાઓ સામે મારામારીની ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદ મુજબ, ગત તા.૨૪/૦૪ના રોજ સાંજના સમયે એક જ ફળીયામાં રહેતા બે સગા ભાઈઓ વચ્ચે બાપ-દાદાની મિલકત અને રસોડાના ઉપયોગ મુદ્દે બંને પરિવારો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી, જે ઝપાઝપી અને મારામારીમાં ફેરવાઈ હતી. આ બનાવમાં ફરિયાદી અકબરભાઈ, તેમની પત્ની હલીમાબેન તથા દીકરીઓ હવા અને નાઝને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જેમાં ઈજાગ્રસ્તોને પ્રથમ મોરબી સરકારી હોસ્પિટલ અને બાદમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ સમગ્ર બનાવ અંગે પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદની ચરાડવા બેઠક પર 'આપ'નો ભવ્ય વિજય: ચંદુ મોરીએ ૧૪૦૦થી વધુ મતોની સરસાઈ સાથે વિરોધીઓના સુપડા સાફ કર્યા

**અબતક ઋષિ મહેતા મોરબી**

મોરબી જિલ્લાની હળવદ તાલુકા પંચાયતની સૌથી રસાકસીભરી ગણાતી ચરાડવા બેઠકનું પરિણામ જાહેર થઈ ગયું છે. આ બેઠક પરથી આમ આદમી પાર્ટીના લોકપ્રિય ઉમેદવાર ચંદુભાઈ મોરીનો ૧૪૦૦થી વધુ મતોની પ્રચંડ સરસાઈથી વિજય થયો છે. મતગણતરીના પ્રથમ રાઉન્ડથી જ લીડ જાળવી રાખીને ચંદુભાઈએ ભાજપ અને કોંગ્રેસના હરીફોને મોટા અંતરથી હરાવ્યા છે. આ જીત સાથે જ ચરાડવા પંથકમાં કાર્યકરો દ્વારા વિજય ઉત્સવ મનાવવામાં આવી રહ્યો છે.

# લાલપર નજીક કારની ઠોકરે રાહદારી યુવતિ ગંભીર

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબીના લાલપર નજીક સોનેટ સીરામીકના લેબર ક્વાર્ટરમાં રહેતા અને મૂળ માળીયા(મી) કુંભારીયા ગના રહેવાસી મુકેશભાઈ દેવજીભાઈ પરમારની ૧૯ વર્ષિય દીકરી ગત તા.૨૭/૦૪ના રોજ સોનેટ સીરામીકથી પુરેકો કારખાનામાં કામ કરવા જતી હોય તે દરમિયાન રોડ કરોડ કરતી વેળા વાંકાનેર તરફથી આવતી બલેનો કાર રજી.નં. જીજે-૩૬-એજે-૫૩૩૨ ના ચાલક દેવભાઈ હરેશભાઈ કાગડા રહે. વાંકાનેર દરબાર ગઢ રામચોક ફુલવાળી શેરી વાળાએ પોતાની કાર ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી ચલાવી આવી મુકેશભાઈની દીકરીને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ઈજાગ્રસ્તની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. ત્યારે હાલ મુકેશભાઈની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી બલેનો કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માળિયા મિયાણા તાલુકા પંચાયતની બગસરા અને ભાવપર બેઠક પર ભાજપનો કેસરીયો

મોરબી જિલ્લાની માળિયા મિયાણા તાલુકા પંચાયતની બેઠકોના પરિણામોમાં ભાજપે શાનદાર દેખાવ કર્યો છે. તાલુકાની બે મહત્વની બેઠકો બગસરા અને ભાવપર પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોએ વિજય મેળવીને કબ્જો જમાવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બગસરા બેઠક પર ભાજપના ઉમેદવારઅને ભાવપર બેઠક પર ભાજપના ઉમેદવાર વિજેતા જાહેર થયા છે. આ બંને બેઠકો પર જીત હાંસલ થતા જ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને વિજયી ઉમેદવારોના સમર્થકોએ ફટાકડા ફોડીને વિજયોત્સવ મનાવ્યો હતો. આ પરિણામો સાથે માળિયા મિયાણા તાલુકા પંચાયતમાં ભાજપની પકડ વધુ મજબૂત બની છે.

# બગથળા બેઠક પર કોંગ્રેસનો પંજો લહેરાયો, સુરેશભાઈ બાવરવા વિજેતા

**અબતક ઋષિભાઈ મોરબી**

મોરબી તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામોમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. મોરબી તાલુકા પંચાયતની પ્રતિષ્ઠિત ગણાતી બગથળા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ નારણભાઈ બાવરવાએ ભવ્ય વિજય મેળવ્યો છે. આ જીત સાથે જ મોરબી તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાર્ટીએ પોતાનું ખાતું ખોલાવ્યું છે.બગથળા બેઠક પર કોંગ્રેસે કબ્જો કરતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને જીતના ગુલાલ ઉડાડી વધામણાં કરવામાં આવ્યા છે. તાલુકા પંચાયતની આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિજેતા જાહેર થતા જ સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

# મોરબી: જુગાર ખેલતા પાંચ શખ્સો પકડાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વીસીપરામાં રમેશ કોટન મિલની ચાલીમાં રોડ ઉપર જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમતા ભીખાભાઈ હાસમભાઈ સુમરા ઉવ.૪૨ રહે. વીશીપરા રમેશ કોટન મીલની ચાલી મોરબી, ઈસ્માઈલભાઈ કાસમભાઈ સુમરા ઉવ.૬૩ રહે. વીશીપરા મદીના સોસાયટી મોરબી, આમદભાઈ કાસમભાઈ સુમરા ઉવ.૪૪ રહે.વીશીપરા વિજયનગર મોરબી મુળ રહે. વનાળીયા તા.જી.મોરબી, ફીરોજભાઈ તૈયબભાઈ સુમરા ઉવ.૪૦ રહે. વાવડી રોડ ક્રિષ્ના પાર્ક શેરી નં.૦૩ મોરબી તથા રાજેશભાઈ ચતુરભાઈ રાઠોડ ઉવ.૫૧ રહે.જોન્સનગર વીશીપરા મોરબી વાળાને રોકડા ૭,૨૫૦/-સહિતના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યા હતા. હાલ પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના લાલપર નજીક હિટ એન્ડ રન: યુવકનું મોત

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી નજીક લાલપર વિસ્તારમાં અજાણ્યા વાહનચાલકે ગફલતભરી રીતે પોતાનું વાહન ચલાવી આવી બાઈકને ટક્કર મારતા ૧૭ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. મોરબીના વજેપર શેરી નં.૧૩માં રહેતા મૂળ નવા દેવળીયા તા.હળવદના વતની મધુબેન રાજેશભાઈ વડેચાએ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે તેમનો દીકરો ધ્રુવ ઉવ.૧૭ ગત તા.૨૬ એપ્રિલની રાત્રે પોતાના મિત્ર સાથે જાંબુડીયા ગામે ચા પીવા ગયા બાદ પરત મોરબી તરફ આવી રહ્યા હતા. ત્યારે લાલપર ગામ પાસે શૈલેષ કાંટા સામે રોડની કટ ઉપર પહોંચતા અજાણ્યા વાહનચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન હંકારી ધ્રુવના બાઈક રજી.નં. જીજે-૩૬-એએન-૪૨૯૭ને ટક્કર મારી હતી. અકસ્માતમાં ધ્રુવને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો. હાલ હિટ એન્ડ રનના બનાવ અંગે તાલુકા પોલીસે આરોપી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર નજીક સળગેલી હાલતમાં અજાણી વ્યક્તિની લાશ મળી

## પોલીસે મોતનું કારણ જાણવા મૃતદેહને ફોરેન્સીક માટે ખસેડ્યો: વાલી વારસની શોધખોળ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના ઢુવા-માટેલ રોડ પર ખુલ્લી જગ્યામાં અજાણી વ્યક્તિની સળગેલી હાલતમાં લાશ મળી આવતાં ચકચાર મચી છે. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત નોંધી તપાસ હાથ ધરી છે.

વાંકાનેર તાલુકાના ઢુવા-માટેલ રોડ પર રેસી સીરામીક નજીક ખુલ્લી જગ્યામાં એક અજાણી વ્યક્તિની સળગેલી હાલતમાં લાશ મળી આવી હતી. બનાવ અંગે રાધેશ્યામભાઈ રઘુરામભાઈ બારોલીયા રહે. રાસી સીરામીક વાંકાનેર, મૂળરહે. શખપર તા.ચોટીલા જી.સુ.નગર વાળાએ જાણ કરતા વાંકાનેર તાલુકા પોલીસે સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે મૃત્યુના બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી છે.

# રફાળેશ્વરમાં શ્રીમાળી સોની પાટડીયાના સુરાપુરા દાદાના સાનિધ્યમાં કાલે બટુક ભોજન

**અબતક, રાજકોટ**

મોરબી જીલ્લામાં રફાળેશ્વરમાં બિરાજમાન સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવારનાં સુરાપુરા દાદા ગોકળદાસ દાદા તથા તુલસીદાસ દાદાની વૈશાખ સુદ તેરસ તારીખ ૨૯/૪/૨૦૨૬ બુધવાર છે. સુરાપુરા દાદાની તેરસ ભરનારની યાદીમાં જણાવામાં આવે છે.આયોજન કમિટી વિજયભાઈ પાટડીયા, સંદિપભાઈ જડીયા, નિલેશભાઈ વાગડીયા, હિતેશભાઈ પાટડીયા, દિપકભાઈ પાટડીયા, હિતેનભાઈ પાટડીયા, પરેશભાઈ પાટડીયા, રાજુભાઈ



પાટડીયા વિગેરે કમિટી મેમ્બર દ્વારા આયોજન કરવામાં આવેલ છે.


વધુ માહિતી માટે જીજ્ઞેશ વાગડીયા રાજકોટ મોં.:- ૯૭૨૩૩૯૦૯૦૯, કલ્પેશભાઈ પાટડીયા, મો.:- ૯૭૩૭૩૯૯૯૩૯ પર સંપર્ક કરી શકશો.

# મોરબીના સાપર ગામની સીમમાંથી દારૂના જથ્થા સાથે શ્રમિક ઝડપાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન સાપર ગામની સીમમાં શંકાસ્પદ હાલતમાં થેલો લઈને જઈ રહેલ આરોપી તપનભાઈ પરષોત્તમભાઈ પ્રધાન ઉવ.૪૧ હાલ રહે. ગાળા ગામ નજીક કજારિયા કેરોબીટ કારખાનામાં મજૂરોની ઓરડી મૂળરહે.ભાવલપુર જી.બાલાસોર ઓડિશા વાળાને રોકી તેના પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૮૦મીલી.ની પાંચ બોટલ કિ.રૂ.૩૪૦/-મળી આવી હતી. હાલ પોલીસે આરોપીની અટક કતી તેની વિરૂદ્ધબપરોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# મોરબીમાં આગના બે બનાવ, ફાયર ટીમે કાબુ મેળવ્યો



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં બે અલગ અલગ સ્થળોએ આગ લાગવાના બનાવોમાં ફાયર કંટ્રોલરૂમને મળેલ કોલ આધારે રંગપર બેલા અને માળીયા-હળવદ હાઈવે ઉપર આગના બે બનાવોમાં ફાયર બ્રિગેડની ટીમ દોડી જઈ આગ પર કાબુ મેળવ્યો હતો, બંને ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની નોંધાઈ નથી.

મોરબી ફાયર કંટ્રોલરૂમમાં અલગ અલગ બે જગ્યાએ આગ લાગવાના બનાવ નોંધાયા હતા. જેમાં પ્રથમ બનાવ બપોરે અંદાજે ૨.૪૩ વાગ્યે રંગપર બેલા પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં બન્યો હતો. આગની જાણ થતા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. આ બનાવમાં કોઈ જાનહાની નોંધાઈ નથી.

જ્યારે બીજા બનાવમાં સાંજે ૬.૨૦ વાગ્યે માળીયા-હળવદ હાઈવે પર આવેલ એજીસન વિટ્રીફાઈડ પ્રા. લિ. કંપનીમાં કોઈ અજાણ્યા કારણોસર આગ લાગી હતી. બનાવની જાણ થતાં જ મોરબી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ અંદાજે બે કલાકની કામગીરી કરીને આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. આગના બન્ને બનાવોમાં સદનસીબે કોઈ જાનહાની નહીં થયા અંગે ફાયર વિભાગ દ્વારા જણાવાયું હતું.

# મોરબી: ઉંચી માંડલ નજીક કેનાલમાં ડૂબેલા યુવકનો ૩ દિવસ બાદ મૃતદેહ મળ્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના ઉંચી માંડલ નજીક આવેલી કેનાલમાં ત્રણ દિવસ પહેલા એક યુવકનો ડૂબી જવાનો બનાવ બન્યો હતો. બનાવની જાણ થતા મોરબી ફાયર બ્રિગેડની ટીમ દ્વારા સતત ત્રણ દિવસ સુધી ભારે જહેમત સાથે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન તા.૨૫ એપ્રિલના રોજ ફાયર ટીમને સફળતા મળતા ડૂબેલા યુવકનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો હતો. મૃતકની ઓળખ મુજબ, સંજયભાઈ વિનુભાઈ જસમુરિયા ઉવ.૩૫ રહે. નવલખી ફાટક પાસે પરશુરામ મંદિર મોરબી વાળા તરીકે થઈ છે. ફાયર બ્રિગેડની ટીમે મૃતદેહ બહાર કાઢી જરૂરી કાર્યવાહી માટે મૃતદેહ પોલીસને સોંપ્યો હતો. સમગ્ર મામલે મોરબી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વનાળિયા શાળામાં ધોરણ ૮નો વિદાય સમારંભ યોજાયો

## વિદ્યાર્થીઓને ઉજજવળ ભાવી માટે શિક્ષકોએ આપ્યા આશિર્વાદ

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના વનાળિયા ગામે વનાળિયા પ્રાથમિક શાળાના આંગણે તાજેતરમાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓ માટે હર્ષ અને વિદાયની મિશ્ર લાગણીઓથી ભરેલો એક ભવ્ય શુભેચ્છા સમારંભ યોજાઈ ગયો.

જેમાં કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓએ ગીત, વકતવ્ય અને નૃત્ય જેવી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી પોતાની બહુમુખી પ્રતિભાનો પરિચય આપ્યો હતો. શાળાના આચાર્ય તથા સમગ્ર શિક્ષકગણે વિદ્યાર્થીઓને હૃદયસ્પર્શી આશીર્વચન પાઠવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને જીવનના આગામી પડકારો ઝીલવા, ઉત્તમ નાગરિક બનવા અને પોતાના માતા-પિતા સહિત શાળાનું નામ રોશન કરવા પ્રેરણાદાયી માર્ગદર્શન



આપ્યું હતું.

આ તકે વિદાય લેતા વિદ્યાર્થીઓએ પણ મંચ પરથી પોતાના પ્રતિભાવો રજૂ કરતા શાળા સાથેની સુખદ યાદો તાજી કરી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ ભાવુક હૃદયે જણાવ્યું કે,આ શાળા અમારા માટે માત્ર એક સંસ્થા નથી પણ અમારું બીજું ઘર છે. અહીંથી પ્રાપ્ત થયેલા સંસ્કાર અને શિક્ષણ જીવનના દરેક વળાંકે અમને સાચો માર્ગ બતાવશે.

આ વિદાય સમારંભ અંતર્ગત શાળા પરિવાર તરફથી ધોરણ ૮ના પ્રત્યેક વિદ્યાર્થીને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ સાથે સ્મૃતિચિહ્ન અને ખાસ ભેટ સોગાદો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# હીરાસર એરપોર્ટ પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપત બોદરે કર્યું સ્વાગત



**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ એ સોમનાથ પ્રવાસ દરમિયાન રાજકોટ હિરાસર એરપોર્ટ પર ટૂંકું રોકાણ કર્યું હતું, રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર સહિતના આગેવાનોએ ગૃહમંત્રીના સ્વાગત કર્યું હતું,

ભુપતભાઈ બોદર અને ગૃહમંત્રી અમિતભાઈ શાહ એકમેકને મળ્યા હતા અને અમિતભાઈ પૂછ્યું હતું કેમ છે ભુપતભાઈ? બંને નેતાઓએ અરસપરસ ખબર અંતર પૂછ્યા હતા અને ભુપતભાઈ સાથે અમિતભાઈ એ વર્તમાન રાજકીય અને સામાજિક વિષય પર ચર્ચાપરામર્શ કર્યો હતો.

# ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચાએ મુખ્યમંત્રી સાથે ખેડુત યોજનાઓના અમલ માટે કર્યો 'પરામર્શ'

## નાના સિમાંત ખેડુતોને સરકારી યોજનાનો સમયસર લાભ માટે થઈ ચર્ચા



**અબતક, રાજકોટ**

રાજ્યના નાના સિમાંત ખેડુતોને સરકારી યોજનાઓનો સુનિયોજિત રીતે લાભ માટે સરકાર પ્રતિબદ્ધ છે ત્યારે ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચા તથા જનરલ મેનેજર કે.બી. પટેલે આજે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. આ અવસરે ખેડૂતોના હિતમાં અમલમાં મૂકાનારી વિવિધ યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા.

રાજ્યના નાના તથા સીમાંત ખેડૂતો સુધી યોજનાઓનો વ્યાપક અને અસરકારક અમલ સુનિશ્ચિત થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી. તાજેતરમાં વન ટાઈમ સેટલમેન્ટને પુનઃપ્રારંભ કરવા બાબતે રજૂઆત કરવામાં આવી, જેના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રીએ સકારાત્મક અભિગમ દર્શાવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું.

ખેડૂતોને આર્થિક રાહત પ્રદાન કરવા હેતુસર રૂા. ૨૫,૦૦૦ દામદુપટ યોજના અંગે પણ ચર્ચા કરવામાં આવી. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮ અથવા તે પહેલાં લેવાયેલા રૂા.૨૫,૦૦૦ સુધીના કૃષિ ધિરાણ ધરાવતા લોનધારકોને રાહત આપવાની જોગવાઈ અંગે માહિતી આપવામાં આવી.

તદુપરાંત, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ ના માર્ગદર્શન અને નીતિ-દ્રષ્ટિકોણને અનુરૂપ, ખેતી બેંક ખેડૂતોના કલ્યાણ, આર્થિક સશક્તિકરણ અને સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધતાપૂર્વક કાર્યરત છે. તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સનું સમારકામ અને જાળવણી કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૦૬ (ઈએલ)**
**તારીખ : ૨૪.૦૪.૨૦૨૬**

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝન પર ૩ વર્ષ માટે વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સનું સમારકામ અને જાળવણી કામ. **અંદાજિત પડતરઃ** ₹ ૭૧,૮૪,૪૬૫.૫૦/-, **ઈએમડી ખર્ચઃ** ૧,૪૩,૭૦૦/-, **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૫-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત : www.ireps.gov.in** RJT-008

અમને ફોલો કરોઃ X x.com/WesternRly

**રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ**
**શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન, જામનગર રોડ, રાજકોટ,**
**જાહેર નોટીસ**
**સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૫૬(ખોખળદળ-વડાળી)**

આથી, હિત સબંધ ધરાવનાર વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૩/૦૯/૨૦૨૫ ની બોર્ડ બેઠક નં.૧૭૮ના ઠરાવ નં.૨૦૩૮થી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ હેઠળ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૫૬(ખોખળદળ-વડાળી)નો રૂડાએ બનાવવા ઈરાદો જાહેર કરેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈ હેઠળ સદરહું યોજના નં.૫૬(ખોખળદળ-વડાળી)નો સૂચિત મુસદો ઘડીને યોજનાની જોગવાઈઓ પાર પાડવા માટેના નિયમોને આનુસાંગિક યોજનાનો મુસદો ઘડવામાં આવેલ છે.

પ્રસ્તુત સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૫૬(ખોખળદળ-વડાળી)માં નીચે પ્રમાણેના રેવન્યુ સર્વે નંબરો સમાવેશ થાય છે.

મોજે:ખોખડદળ ૧ પૈકી, ૫૦ પૈકી, ૭૫/૧, ૭૬ પૈકી, ૭૭ પૈકી, ૭૮/૧ પૈકી, ૭૮ પૈકી, ૭૮/૨ પૈકી, ૭૮/૩, ૭૯, ૮૦ પૈકી, ૮૧ પૈકી, ૮૨/૧, ૮૨/૨, ૮૩ પૈકી, ૮૪/૧, ૮૪/૨/પૈકી, ૮૫ પૈકી, ૮૬, ૮૭ પૈકી, ૮૮, ૮૯ પૈકી, ૯૦/૧ પૈકી, ૯૦/૨, ૧૧૬, ૧૧૭ પૈકી, ૧૧૮પૈકી, ૧૧૯ પૈકી, ૧૨૨ પૈકી, ૧૨૪ પૈકી, ૧૨૫, ૧૨૬ પૈકી, ૧૨૭, ૧૨૮ પૈકી, ૧૨૯, ૧૩૦ પૈકી, ૧૩૧ પૈકી, ૧૩૨, ૧૩૩/૧/૧, ૧૩૩/૧/૨ પૈકી, ૧૩૪ પૈકી, ૧૩૫ પૈકી, ૧૩૬ પૈકી, ૧૩૭/૧, ૧૩૭/૨ પૈકી, ૧૩૮, ૧૩૯, ૧૪૧/૧પૈકી, ૧૪૧ પૈકી, ૧૪૪ પૈકી, ૧૪૫/૧, ૧૪૫/૨, ૧૪૫/૩, ૧૪૫/૩, ૧૪૫/૪, ૧૪૫/૫, ૧૪૬/૧ પૈકી, ૧૮૨/૧/૧, ૧૮૨/૧/૨, ૧૮૨/૧/૩, ૧૮૨/૨, ૧૮૩/૧પૈકી, ૧૮૩/૨પૈકી, ૧૮૩/૩, ૧૮૪/૧પૈકી, ૨૬૩ પૈકી, ૨૬૪ પૈકી તથા સરકારશ્રીની માલિકીના રે.સર્વે નં. ૧૮૪/૨, ૨૬૪ પૈકીની પડતર જમીનનો સમાવેશ થાય છે.

મોજે:વડાળી રે.સર્વે નં.૨૭૮/પૈકી ૧નો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમો-૧૭ની જોગવાઈ હેઠળ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૫૬(ખોખળદળ-વડાળી)ના મુસદાની સૂચિત દરખાસ્તોની સમજણ આપવા તથા સલાહ સૂચનો મેળવવા માટે યોજના વિસ્તારમાં સમાવેશ થતા તમામ જમીનના માલિકો તથા હિત સબંધ ધરાવતા વ્યક્તિઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ છે. તેમ છતાં સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણોસર સબંધિત વ્યક્તિઓને ઉક્ત નોટીસ મળેલ ન હોય તો પણ ઉપરોક્ત યોજના વિસ્તારના જમીન માલિકોએ નીચેની વિગતે સ્થળે, સમયે અને તારીખે જમીનોના માલિકોની સભામાં ઉપસ્થિત રહેવા આથી જાણ કરવામાં આવે છે.

| તારીખ | વાર | સર્વે નં | સમય | સભાનું સ્થળ |
|---|---|---|---|---|
| ૦૭/૦૫/૨૦૨૬ | ગુરૂવાર | ૧ પૈકી, ૫૦ પૈકી, ૭૫/૧, ૭૬ પૈકી, ૭૭ પૈકી, ૭૮/૧ પૈકી, ૭૮ પૈકી, ૭૮/૨ પૈકી, ૭૮/૩, ૭૯, ૮૦ પૈકી, ૮૧ પૈકી, ૮૨/૧, ૮૨/૨, ૮૩ પૈકી, ૮૪/૧, ૮૪/૨/પૈકી, ૮૫ પૈકી, ૮૬, ૮૭ પૈકી, ૮૮, ૮૯ પૈકી, ૯૦/૧ પૈકી, ૯૦/૨ | સવારે ૧૦.૩૦ કલાકે | રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન, પ્રથમ માળ, ઓડીટોરીયમ, જામનગર રોડ, રાજકોટ, |
| | | ૧૧૬, ૧૧૭ પૈકી, ૧૧૮પૈકી, ૧૧૯ પૈકી, ૧૨૨ પૈકી, ૧૨૪ પૈકી, ૧૨૫, ૧૨૬ પૈકી, ૧૨૭, ૧૨૮ પૈકી, ૧૨૯, ૧૩૦ પૈકી, ૧૩૧ પૈકી, ૧૩૨, ૧૩૩/૧/૧, ૧૩૩/૧/૨ પૈકી, ૧૩૪ પૈકી, ૧૩૫ પૈકી, ૧૩૬ પૈકી, ૧૩૭/૧, ૧૩૭/૨ પૈકી, ૧૩૮, ૧૩૯, ૧૪૧/૧પૈકી, ૧૪૧ પૈકી | | |
| | | ૧૪૪ પૈકી, ૧૪૫/૧, ૧૪૫/૨, ૧૪૫/૩, ૧૪૫/૩, ૧૪૫/૪, ૧૪૫/૫, ૧૪૬/૧ પૈકી, ૧૮૨/૧/૧, ૧૮૨/૧/૨, ૧૮૨/૧/૩, ૧૮૨/૨, ૧૮૩/૧પૈકી, ૧૮૩/૨પૈકી, ૧૮૩/૩, ૧૮૪/૧પૈકી, ૨૬૩ પૈકી, ૨૬૪ પૈકી તથા સરકારશ્રીની માલિકીના રે.સર્વે નં. ૧૮૪/૨, ૨૬૪<br>મોજે:વડાળી રે.સર્વે નં.૨૭૮/પૈકી ૧ | | |

સદરહું સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૫૬(ખોખળદળ-વડાળી)ને લગતું તમામ સાહિત્ય, વિગતો પ્રસ્તુત સભામાં રજુ કરીને સમજાવવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

માહિતી -રાજ-૭૧-૨૬-૨૭

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક ®
સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

**૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭**

**યોજના નં. ૧**
**લવાજમ**
**રૂ.૧૧૧૧/-**




**બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ**

**યોજના નં. ૨**
**લવાજમ**
**રૂ.૧૨૨૫/-**




**પ્રીમીયમ ૧ કિલો ચા**

**વિશેષ નોંધઃ**
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

**લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.**
**આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234**

# જસદણના ચારેય મૃતક બાળકોને અંજલિ પાઠવતાં આગેવાનો: બનાવથી શહેરભરમાં ભારે શોક



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણમાં ગત રવિવારે એક ભારે દુર્ઘટના સર્જાય હતી જેમાં શહેરથી ચાર કિલોમીટર દુર આવેલા આલણ તળાવમાં ન્હાતી વખતે રામુ (ઉ.વ.૧૫) કાળુ (ઉ.વ.૧૦) રાજવીર (ઉ.વ.૧૫) કિશન (ઉ.વ.૧૫) પાણીમાં ગરક થઈ જતાં આ ચારેયના મૃતદેહો આજે સવારે પી.એમ.બાદ ઘરે આવતાં બાળકોના પરિવારમાં હૈયાફાટ રુદન વચ્ચે માતમનો કોહરામ મચી જવા પામ્યો હતો આ ચારેય બાળકોને આજે રાજકોટ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અનિતાબેન અલ્પેશભાઈ રૂપારેલિયા, જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડ, જસદણ નગરપાલિકાના પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણી જસદણ નગરપાલિકાના પાણી પૂરવઠા સમિતિના ચેરમેન જલ્પાબેન દુર્ગેશભાઈ કુબાવત એ અંજલિ અર્પણ કરી હતી અને જણાવ્યું હતું કે જસદણમાં આ કરૂણ બનાવ અંગે અમો ભારે દુઃખ વ્યક્ત કરીએ છીએ આ બનાવ અંગે અમો તેમનાં પરિવારજનો સાથે છીએ ભગવાન તેમનાં આ કારમા દુઃખ સામે તેઓને હિંમત આપે એવી અમો સંવેદના વ્યક્ત કરીએ છીએ.

# ચિતલ: વાછરડાની ગેરકાયદે હેરાફેરીના ગુનામાં બેલડીને સાત વર્ષની સજા

## સરકારી વકીલ ચંદ્રેશ મહેતાની દલીલો અને પુરાવાને આધારે અદાલતનો ધાક બેસાડતો ચુકાદો



વકીલ ચંદ્રેશ મહેતા

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના ચિત્તલ ખાતે વાછરડાંઓને કતલ માટે ગેરકાયદે રીતે લઈ જવાના ગંભીર કેસમાં સેશન્સ કોર્ટ દ્વારા ધાક બેસાડતો ચુકાદો આપવામાં આવ્યો છે. કોર્ટએ કેસમાં સંડોવાયેલા બે આરોપીઓને સાત વર્ષની સખત કેદની સજા ફટકારી છે તેમજ પ્રતિ આરોપી એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. ચિત્તલ નજીકના વિસ્તારમાંથી નાનાં વાછરડાંઓને ચોરી કરીને કતલ માટે લઈ જવાઈ રહ્યા છે. આ અંગે તરત જ જીવદયા ટીમ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. સંયુક્ત કામગીરી દરમિયાન સંદિગ્ધ વાહન પર નજર રાખવામાં આવી હતી. શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવતા ડ્રાઈવરે ગતિ વધારી દીધી હતી. પોલીસ અને સેવાભાવી કાર્યકરોના પીછા બાદ ડ્રાઈવર નિયંત્રણ ગુમાવતા કાર ખાડામાં ઉતરી ગઈ હતી. તપાસ દરમિયાન કારમાંથી ત્રણ વાછરડાંઓ ડેકીમાં અને સીટ વચ્ચે અત્યંત અમાનવીય હાલતમાં ભરેલા મળ્યા હતા. આ મામલે પોલીસે રમજાન મોહમ્મદ અલી કાલવા અને મોસીન ઉસ્માનભાઈ કાલવા સામે ગુનો દાખલ કર્યો હતો અને કેસ આગળ ધપાવ્યો હતો. અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલેલા ટ્રાયલ દરમિયાન સ્પેશ્યલ સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાએ મજબૂત પુરાવા અને અસરકારક દલીલો રજૂ કરી હતી. જેના આધારે સેશન્સ જજ રીઝવાનાબેન બુખારી દ્વારા બંને આરોપીઓને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ દોષિત ઠરાવવામાં આવ્યા. કોર્ટએ બંને આરોપીઓને સાત વર્ષની સખત કેદ સાથે પ્રતિ વ્યક્તિ રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો છે. દંડ નહીં ભરવામાં આવે તો વધારાના પાંચ માસની સાદી કેદની સજા પણ ભોગવવી પડશે.

# જસદણ ગઢડીયાની સીમના મકાનમાં ધોળા દિવસે તસ્કરોના પરોણા રૂ.૧.૦૪ લાખની મત્તાની ચોરી

## પરિવાર ગામમાં માઠા પ્રસંગે ગયો હોય દરમિયાન ત્રણ કલાક બંધ રહેલા મકાનમાંથી રોકડ દાગીનાની ચોરી

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના ગઢડીયાની સીમમાં વાડીએ રહેતા પરિવારના બપોરના સમયે માત્ર ત્રણ કલાક માટે બંધ રહેલા મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. અહીંથી તસ્કરો સોનાના ઘરેણા અને રોકડ સહિત રૂ. ૧.૦૪ લાખની મત્તા ચોરી કરી ગયા હતા જે અંગે જસદણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ જસદણના ગઢડીયા ગામની સીમમાં ટીટોડીયા વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતા સંતોષભાઈ મોહનભાઈ ચાવડા (ઉ.વ. ૪૦) નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે અહીં ગામની સીમમાં વાડીએ આવેલા મકાનમાં રહે છે.

ગઈ તા. ૨૫/૪/૨૦૨૬ ના ગઢડીયા ગામમાં માઠો પ્રસંગ હોય જેથી બપોરના બારેક વાગ્યા આસપાસ તે તથા તેની પત્ની અને દીકરી ત્રણેય અહીં જવા માટે નીકળ્યા હતા. ત્યારે વાડીએ આવેલા મકાનની લોખંડની ડેલી બંધ કરી તાળું મારી ગયા હતા ત્રણેક વાગ્યે આસપાસ જમીને પરત આવ્યા ત્યારે યુવાનની પત્નીએ ચાવીથી તાળું ખોલવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તાળું ખુલતું ન હતું જેથી દાતરડાથી તાળું મચકોડી ખોલ્યું હતું. બાદમાં ઘરમાં જઈ જોતા થેલામાં રાખેલ સોનાના ઘરેણા ચોરી થઈ ગયાનું માલુમ પડ્યું હતું. જેમાં સોનાનો ત્રણ તોલાનો હાર, સોનાની દોઢ તોલાની બુટ્ટી, સોનાનો ચેન, ચાંદીનો જુડો તેમજ રોકડ રૂપિયા ૧૨૦૦ સહિત કુલ રૂપિયા ૧,૦૪,૨૦૦ ની મત્તા ચોરી થઈ ગઈ હોવાનું માલુમ પડ્યું હતું. જે અંગે યુવાને જસદણ સિટી પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

# ખાંભા: ગૌરાણા ગામે પ્લોટના વિવાદમાં ખેડુત દંપતી પર હુમલો

## પ્લોટ પર કબજો કરતા બની ઘટના: ત્રણ સામે ગુન્હો નોંધાયો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ખાંભા તાલુકાના ગૌરાણા ગામે પ્લોટ સંબંધિત વિવાદને લઈને બનાવ બન્યો હોવાનું સામે આવ્યું છે. ગઈ કાલે સવારે આશરે ૮:૩૦ વાગ્યાના સમયે ચાર ચોક નજીક આ ઘટના બની હતી, જેમાં ત્રણ વ્યક્તિઓએ મળીને એક ખેડૂત અને તેની પત્ની પર હથિયારોથી હુમલો કર્યો હોવાની ફરિયાદ આપી છે.

ખાંભા તાલુકાના ગૌરાણા ગામે રહી ખેતી કામ કરતા લાલાભાઈ ખીમાભાઈ વાવડિયા (ઉં.વ.૩૮)એ પોતાના કાકા પાસેથી લેવાયેલ પ્લોટને લઈને આ શખ્સો સાથે અગાઉથીજ મતભેદ ચાલી રહ્યો હતો. જીણા વાલેરાભાઈ વાઘ તેમના ભાઈ અને લખમણ નનાભાઈ વાઘ નામના શખ્સો પ્લોટ પોતાના કબજામાં રાખવા ઈચ્છતા હોવાના કારણે પ્લોટમાં લોડર અને ટ્રેક્ટર ચલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ આ અંગે જાણ લાલાભાઈને થતા તેઓ સ્થળ પર પહોંચી મશીનરી બંધ કરાવી અને સમજાવટ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ દરમિયાન ત્રણે શખ્સો દ્વારા અપશબ્દો બોલી ઝગડો શરૂ કરી દીધો હતો.

બાદમાં આ બનાવથી રોષે ભરાયેલા ત્રણે જણાએ બાદમાં તેઓ તેમના ખેતર તરફ જતા હતા તે દરમિયાન રસ્તા પર રોકી કુહાડી વડે બાઈક પર હુમલો કરી તેને નુકસાન પહોંચાડ્યું હતું અને ગેરકાયદેસર રીતે અવરોધ ઉભો કર્યો હતો. ત્યારબાદ આ શખ્સોએ લાકડાં અને અન્ય હથિયારો વડે લાલાભાઈ પર આડેધડ માર માર્યો હતો. હુમલા દરમિયાન બચાવવા માટે વચ્ચે પડેલી પત્નીને પણ માર મારવામાં આવ્યો હતો, જેના કારણે બંનેને ઈજાઓ પહોંચી હતી. તેમજ છરી બતાવી તેઓને મારી નાખવાની ધમકી પણ આપી હતી.

આ અંગે ખાંભા પોલીસે જીણા વાલેરાભાઈ વાઘ, નના વાલેરાભાઈ વાઘ અને લખમણ નનાભાઈ વાઘ વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માંડલના નાના ઉભાડામાં પરણિતા પર પતિ સહિત સાસરિયાનો હુમલો

## ચાર વર્ષથી રિસામણે રહેલી પાયલબેનને ખાધા-ખોરાકીના કેસનો ખાર રાખી માર માર્યો

**અબતક, રાજકોટ**

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના નાના ઉભાડા ગામે સાસરીમાં ગયેલી પરણિતા પર તેના જ પતિ, નણંદ અને દિયર સહિતના શખ્સોએ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલી યુવતીને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા આંબેડકર નગર શેરી નં. ૧૪ માં રહેતી પાયલબેન પરેશભાઈ દવેરા (ઉં.વ. ૨૭) છેલ્લા ચાર વર્ષથી પતિના ત્રાસને કારણે પોતાના માવતરના ઘરે રિસામણે રહે છે. પાયલબેને પતિ વિરુદ્ધ ભરણપોષણ (ખાધા-ખોરાકી)નો કેસ કરેલો છે, જેમાં કોર્ટ દ્વારા પતિ પરેશ વિરુદ્ધ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું.

ગઈકાલે સવારે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ પાયલબેન આ વોરંટની બજવણી માટે અને સાસરી પક્ષે વાતચીત કરવા માટે માંડલના નાના ઉભાડા ગામે પહોંચ્યા હતા. પાયલબેન ઘરે પહોંચતા જ, ભરણપોષણના કેસનો ખાર રાખીને તેના પતિ પરેશભાઈ, નણંદ કાજલબેન, દિયર રોહિતભાઈ તથા અન્ય શખ્સોએ બોલાચાલી કરી ઝઘડો શરૂ કર્યો હતો. મામલો ઉગ્ર બનતા આ શખ્સોએ પાયલબેન પર હુમલો કરી ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો.

આ હુમલામાં પાયલબેનને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં પ્રથમ સ્થાનિક અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ભોગ બનનાર પાયલબેને હોસ્પિટલના બિછાનેથી જણાવ્યું હતું કે, ''મારા પતિના ત્રાસથી હું ચાર વર્ષથી દીકરી સાથે અલગ રહું છું. કોર્ટે ભરણપોષણનું વોરંટ કાઢ્યું હોવાથી હું ત્યાં ગઈ હતી, જેનો ખાર રાખીને મને જીવલેણ માર મારવામાં આવ્યો છે.'' ઉલ્લેખનીય છે કે, પાયલબેનનો પતિ પરેશભાઈ હોમકેરની ઓફિસ ચલાવે છે અને આ દંપતીને સંતાનમાં એક પુત્રી છે. હાલ આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલ: વતની વાટ પકડે તે પૂર્વે પ્રૌઢે અનંતની વાટ પકડી

## પરિવારને ઓરિસ્સા મોકલી પોતે વતન જવાના દિવસે સુસાઈટ નોટ લખી કર્યો આપઘાત

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ શહેરમાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. છેલ્લા ૨૭ વર્ષથી ગોંડલને જ પોતાનું ઘર બનાવીને રહેતા મૂળ ઓડિશાના શંકરભાઈ સનાતનભાઈ આચાર્ય (ઉંમર ૪૮ વર્ષ) એ ગળાફાંસો ખાઈને પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. આ ઘટનાની સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે, જે દિવસે તેઓ પોતાના વતન પરત ફરવાના હતા, તે જ દિવસે તેમણે મોતની વાટ પકડી હતી.

શંકરભાઈ શહેરના ભીમનાથ મહાદેવ મંદિર પાસે રહેતા હતા અને છેલ્લા ૨૫ વર્ષથી જૂના માર્કેટિંગ યાર્ડમાં આવેલી પાનની હોલસેલ દુકાનમાં મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા હતા. તેમના સંતાનો, દીકરી શુભલક્ષ્મી અને દીકરો શુભ આશિષ, બંનેનો જન્મ પણ ગોંડલમાં જ થયો હતો. જોકે, થોડા સમય પહેલા જ તેમણે પોતાના પરિવારને વતન ઓડિશા મોકલી દીધો હતો અને પોતે અહીં એકલા રહેતા હતા. સોમવારે બપોરે તેઓ ટ્રેન દ્વારા વતન જવા માટે રવાના થવાના હતા, પરંતુ વતન પહોંચવાને બદલે તેમણે આત્મઘાતી પગલું ભરી લીધું. પોલીસને ઘટનાસ્થળેથી ઓડિશાની ઉડિયા ભાષામાં લખેલી એક સુસાઈડ નોટ મળી આવી છે, જેને કબજે કરવામાં આવી છે. ઘટનાની જાણ થતા જ ગોંડલ એ-ડિવિઝન પોલીસ અને ૧૦૮ની ટીમ દોડી આવી હતી. શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ મારફત મૃતદેહને પીએમ અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. વર્ષોથી ગોંડલ સાથે જોડાયેલા શંકરભાઈએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું, તે અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને તેમના પરિવારને પણ જાણ કરવામાં આવી છે.

# માણાવદરના નાકરા ગામે દંપતિ વચ્ચેના ઝઘડાનો કરૂણ અંજામ: પતિ એ ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

માણાવદર તાલુકાના નાકરા ગામે ખેતમજૂરી કરવા આવેલા મૂળ રાજસ્થાનના વતની ૩૩ વર્ષીય યુવાને પારિવારિક વિવાદમાં કંટાળી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, હાલ નાકરા ગામે રમેશભાઈ મનુભાઈ ધડુકની વાડીએ રહેતા ૩૩ વર્ષીય યુવાન મૃતક રાજુભાઈ મોતીરામ ચોકીદાર (મૂળ સીનલા ગામ, જી. બ્યાવર, રાજસ્થાન) અને તેમના પત્ની મુનિબેન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પારિવારિક બાબતે અવારનવાર ઝઘડાઓ થતા હતા. આ કૌટુંબિક વિખવાદને કારણે સતત માનસિક તણાવમાં રહેલા રાજુભાઈએ આવેશમાં આવી અંતિમ પગલું ભરી લીધું હતું. રાજુભાઈએ નાકરા ગામે આવેલી વાડીમાં લીમડાના ઝાડ સાથે દોરડા વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. ઘટનાની જાણ થતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ અંગે મૃતકના પત્ની મુનિબેન રાજુભાઈ દ્વારા માણાવદર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી પીએમ સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી છે. માણાવદર પોલીસ મથકના પો.હેડ કોન્સ. પી.વી. સીંધલ દ્વારા અકસ્માત મોતનો ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં સંબંધના વિવાદમાં મારામારી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાઈ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં શહેરના ગીરીરાજ રોડ વિસ્તારમાં સંબંધના વિવાદમાં બોલાચાલી મામલે બે પક્ષો વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયો હોવાની બંને પક્ષોએ એકબીજા વિરુદ્ધ સામસામી ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જસપાલસીંગ ભાગસીંગ બેદિએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી દિવ્યા સાવલાણી, આકાશ રામાચંદાણી, કીશન રામાચંદાણી અને અજાણ્યા ઈસમે ફરિયાદીના ઘરે જઈ ગાળો બોલી હતી. આરોપીઓએ ફરિયાદી સાથે સંબંધ રાખવાની વાત નકારતા મનદુઃખ રાખી લોખંડના પાઈપથી માથાના ભાગે જીવલેણ હુમલો કર્યો હતો અને ફરિયાદી તથા તેમના માતા-પિતાને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જ્યારે સામા પક્ષે કિશનભાઈ જેરામદાસ રામવાણીએ નોંધાવેલી વળતી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, આરોપી જસપાલ અવારનવાર તેમના ઘર પાસે આવીને જાહેરમાં અશ્લીલ ગાળો બોલતો હતો. આ બાબતે સમજાવવા જતા આરોપી જસપાલ અને તેના માતા-પિતાએ ઉશ્કેરાઈને ફરિયાદી તથા તેમના દીકરા આકાશ સાથે ઝપાઝપી કરી માર માર્યો હતો.

આમ બંને પક્ષો એ નોંધાવેલી સામસામી ફરિયાદના આધારે બી ડિવિઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર મામલે વધુ તપાસ પી.એસ. આઈ. એસ.એ. સાંગાણી ચલાવી રહ્યાં છે.

# બજાણા રેલ્વે લાઈન પાસે કામ કરતા શ્રમિકનું મોત

## છેલ્લા ચાર પાંચ દિવસથી શ્રમિકને તાવ આવતો હોવાથી તબિયત લથડતા સારવારમાં મોત

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી તાલુકાના બજાણા રેલ્વે લાઈન પાસે કામ કરતા શ્રમિકની અચાનક તબિયત લથડતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોકટરે યુવક શ્રમિકને મૃત જાહેર કરતા શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ બજાણા રેલ્વે લાઈન પાસે પરપ્રાંતિય શ્રમિક પપ્પુભાઈ, ઉં.વર્ષ ૩૨ વાળા ખાનગી કોન્ટ્રાક્ટ અંતર્ગત મજૂરી કામ કરી રહ્યા હતા જે દરમિયાન અચાનક શ્રમિકની તબિયત લથડતા સાથે કામ કરતા અન્ય શ્રમિકો દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. પરંતુ ફરજ પરના ડોકટરે શ્રમિકને મૃત જાહેર કર્યો હતો. જ્યારે સાથે કામ કરતા અન્ય શ્રમિકોના જણાવ્યા મુજબ મૃતક શ્રમિકને છેલ્લા ચાર પાંચ દિવસથી તાવ આવતો હોવાનું જણાવ્યું હતું. જો કે પાટડી હોસ્પિટલ ખાતે થી ભોગ બનનાર શ્રમિકનું પીએમ કર્યા વગર જ અંતિમ સંસ્કાર માટે પોતાના વતન લઈ જવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

(પહેલા પાનાનું ચાલું)

## ભાજપનો વિજય વાવટો...

ભુક્કો થઈ ગઈ છે.

આમ આદમી પાર્ટીના ઉમેદવારો કોના મત તોડશે તેની સામે જે સવાલો ઉભા થયા હતા. તેનો જવાબ મળી ગયો છે. વધુ એક વખત આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના મત તોડ્યા છે. જે ભાજપ માટે શુકનવંતા નીવડ્યા છે. ૧૫ મહાપાલિકાની ૧૦૪૪ પૈકી ૧૦૦થી વધુ બેઠકો ભાજપ જીતી ચુક્યું છે. કોંગ્રેસ હજુ સિંગલ આંકમાં છે. ૮૪ નગરપાલિકાઓની ૨૬૨૪ બેઠકો પૈકી ભાજપ ૪૩૬ બેઠક જીતી ગયું છે. જ્યારે કોંગ્રેસને ફાળે ૩૫ બેઠકો આવી છે. અન્ય પાર્ટી ત્રણ બેઠકો પર જીત્યું છે. જિલ્લા પંચાયતની ૧૯૦ બેઠકો પૈકી ભાજપ ૬૫ બેઠકો જીતી ચુક્યું છે. જ્યારે કોંગ્રેસના ફાળે બે બેઠક આવી છે. જ્યારે અન્ય ત્રણ બેઠકો વિજેતા બન્યું છે. તાલુકા પંચાયતની ૫૨૩૪ બેઠકો પૈકી ભાજપ ૩૫૦ બેઠકો જીત્યું છે. જ્યારે કોંગ્રેસ ૧૦ બેઠકો જીત્યું છે. જ્યારે અન્ય પાર્ટી પણ ૧૦ બેઠકો જીત્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

## જગલેશ્વરનું ડીમોલેશન...

અને પુનર્વસવાટના મુદ્દાઓએ ભાજપ વિરુદ્ધ મતદાનને પ્રભાવિત કર્યું હોવાનું જણાય છે. કોંગ્રેસે આ મુદ્દાને તીવ્રતાથી ઉઠાવીને વોર્ડમાં પોતાની પકડ મજબૂત કરી હતી.

આ જીતને ભાજપ માટે મોટું સેટબેક ગણવામાં આવી રહ્યું છે, કારણ કે જંગલેશ્વર વિસ્તાર ભાજપના પરંપરાગત પ્રભાવવાળા વિસ્તારોમાંથી એક માનવામાં આવતો હતો. કોંગ્રેસના કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકો આ જીતને ''જંગલેશ્વરના લોકોની જીત'' તરીકે ઉજવી રહ્યા છે.

દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ઈતિહાસનું સૌથી મોટું મેગા ડીમોલીશન અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આજી નદીના પટ્ટા અને ટી.પી. રોડ પર આવેલા આશરે ૧૪૮૯ ગેરકાયદેસર બાંધકામોને હટાવવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં સેંકડો પરિવારો અસરગ્રસ્ત થયા હતા, જેમાં ઘણા લોકો દાયકાઓથી ત્યાં વસતા હતા. ડીમોલીશન દરમિયાન સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. કોંગ્રેસ પાર્ટીએ આ કાર્યવાહીનો તીવ્ર વિરોધ કર્યો હતો અને તેને ''લોકોના આશરા પર હુમલો'' તરીકે રજૂ કર્યો હતો. આ પરિણામ રાજકોટની રાજકીય ગતિવિધિઓમાં નવો વળાંક લાવ્યું છે અને આગામી દિવસોમાં બંને પક્ષો વચ્ચે વધુ તીવ્ર રાજકીય મુકાબલો જોવા મળી શકે છે.

# પડધરી તાલુકા પંચાયત ભાજપનો કેસરીયો લહેરાયો, ન્યારા અને ખામટા સહિતની બેઠકો પર કબજો: કોંગ્રેસે ફાળે ગઈ બે બેઠકો

## પડધરીમાં ભાજપના અજીતસિંહ ડોડીયા, કાજલબેન ડોબરીયા અને મેરામભાઈ માટીયા વિજેતા: ખાખડાબેલા અને મોવૈયામાં કોંગ્રેસનું જોર

**અબતક, ભૈમીક તળપદા. પડધરી**

રાજકોટ જિલ્લાની પડધરી તાલુકા પંચાયતની બેઠકોના પરિણામો જાહેર થતા જ રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. આ ચૂંટણી જંગમાં ભારતીય જનતા પાર્ટીએ મોટાભાગની બેઠકો પર જીત મેળવી પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે, જ્યારે કોંગ્રેસે પણ બે બેઠકો પર જીત મેળવી હાજરી પુરાવી છે.

પડધરી તાલુકાની પ્રતિષ્ઠિત ન્યારા સીટ પર ભાજપના ઉમેદવાર મેરામભાઈ માટીયાએ વિજય મેળવી કેસરીયો લહેરાવ્યો છે. તે જ રીતે પડધરી-૧ બેઠક પર ભાજપના અજીતસિંહ ડોડીયા અને ખામટા બેઠક પર કાજલબેન અશોકભાઈ ડોબરીયાનો શાનદાર વિજય થયો છે. આ ઉપરાંત, ઈશ્વરીયા અને હડમતીયા ગામની તાલુકા પંચાયતની બેઠકો પર પણ ભાજપે જીતનો ઝંડો લહેરાવી વિરોધીઓને પછડાટ આપી છે. બીજી તરફ, ભાજપની લહેર વચ્ચે પણ કોંગ્રેસ બે બેઠકો બચાવવામાં સફળ રહી છે. ખાખડાબેલા સીટ પર કોંગ્રેસના મહિલા ઉમેદવાર નીતાબા જયેન્દ્રસિંહ જાડેજાએ જીત મેળવી છે, જ્યારે મોવૈયા બેઠક પર કોંગ્રેસના લલીતભાઈ સંચાણીયા વિજેતા જાહેર થયા છે.ચૂંટણીના આ પરિણામો બાદ વિજેતા ઉમેદવારોના સમર્થકોએ વિજય સરઘસ કાઢીને જીતની ઉજવણી શરૂ કરી દીધી છે. ભાજપ માટે આ પરિણામો ઉત્સાહવર્ધક રહ્યા છે, જ્યારે કોંગ્રેસ માટે મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે.

# દુઃખદ અવસાન

**સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

## સિહોર તાલુકા કોંગ્રેસ અગ્રણી ભોજરાજસિંહ ગોહિલનું નિધન



સિહોર તાલુકાના ટાણા તાલુકા પંચાયત સીટ પર ચૂંટણી લડી રહેલા ક્રિષ્નાબા ગોહિલના પતિદેવ ભોજરાજસિંહ ગોહિલનું નિધન થયુ છે ગઈકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ ભોજરાજસિંહ નિર્મળસિંહ ગોહિલ નિધન થતા સિહોર પંથકમાં ઘેરા શોક ની લાગણી ફેલાયેલ છે ગોહિલ કોંગ્રેસ પાર્ટીના ખૂબ જ લડાય એક નેતા તરીકે જાણીતા હતા અને પ્રદેશ કોંગ્રેસના નેતાઓના પણ ખાસ વિશ્વાસુ હતા જેવા છેલ્લા ૩૦ વર્ષથી સિહોર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સક્રિય કોંગ્રેસી આગેવાન તરીકે દબદબો ધરાવતા રહ્યા જેઓનું નિધન થતા પંથકમાં ઘેરા શોક ની લાગણી ફેલાઈ છે.



**કાલાવડ:** કાલાવડ શહેરના પત્રકાર કૃષિલ વાદીના મોટા બાપુજી વિઠ્ઠલભાઈ વલ્લભભાઈ વાદી (ઉ.વ.૬૬)નું ૨૭ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૩૦ને ગુરૂવારના રોજ બપોરના ૪ થી ૬ વાગ્યે તેમના નિવાસ સ્થાને કૃષ્ણ નગર, નીલકંઠ મહાદેવ વાળી શેરી, કાલાવડ (શિતલા) ખાતે રાખેલ છે.



**મીઠાપુર :** સુરજકરાડી નિવાસી નિર્મળાબેન પ્રવિણભાઈ ઝાખરીયા (ઉ.વ.૮૦) તે જેન્તીલાલ તથા સ્વ.વિસનજીભાઈ ઠાકરસીભાઈના ભાભી તથા રોહિતભાઈના માતા તેમજ વલ્લભદાસ દેવરામભાઈ સામાણી (કેનેડીવાળા)ના પુત્રીનું અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તથા મોસાળપક્ષની સાદડી તા.૨૯-૦૪-૨૦૨૬ ને સાંજે ૫:૦૦ થી ૫:૩૦ સુધી સિદ્ધનાથ મંદિર, જય અંબે સોસાયટી, સુરજકરાડી (મીઠાપુર) ખાતે રાખેલ છે.

**જુનાગઢ:** દાઉદી વ્હોરા હાંજિયાણી સલમાબેન (ઉ.વ.૮૪) તે હાજી શેખ અસગરઅલી પાલિતાણા વાળાના પત્ની ઈબ્રાહિમભાઈ પટેલ (મહુવા)ના પુત્રી તે અબ્બાસભાઈ, મુર્તઝાભાઈ, સકીનાબેન આબિદભાઈ પારેખ (રાજકોટ)ના માતા અદનાન, હુસૈન, બતુલના દાદીમાંનું ૨૭ એપ્રિલ ૨૦૨૬ને સોમવારના રોજ જુનાગઢ મુકામે અવસાન થયેલ છે. મર્હુમાની જીયારત (કુરાનખ્વાની) ૨૯ એપ્રિલ ૨૦૨૬ને બુધવારના રોજ બપોરે ૧૨ કલાકે બુરહાની મસ્જિદ જુનાગઢ ખાતે રાખવામાં આવેલ છે. ટેલિફોનીક શોક સંદેશો (મો.૯૮૨૪૨૯૯૪૫૨ પુત્ર મુર્તઝા) ઉપર વ્યક્ત કરવો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

અંતે ડેટા માટે 'ખુદ કી દુકાન' શરૂ કરશે રિલાયન્સ

# આંધ્રપ્રદેશમાં સ્થપાશે ભારતનું સૌથી મોટું ડેટા સેન્ટર હબ


## ડેટા સ્ટોરેજમાં પણ જામનગર મોડલનું પુનરાવર્તનઃ પશ્ચિમ અને પૂર્વીય દરિયાકાંઠે રિલાયન્સ સ્થાપશે વિશ્વના સૌથી શક્તિશાળી ડેટા ટાવર્સ

### ત્રણ તબક્કામાં થશે વિકાસ

૧. પ્રથમ તબક્કોઃ વિશાખાપટ્ટનમ નજીક પોલિપલ્લીમાં ૫૦૦ મેગાવોટનું સેન્ટર સ્થપાશે, જે ઓક્ટોબર ૨૦૨૮ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

૨. બીજો તબક્કોઃ ભોગાપુરમ વિસ્તારમાં ૧ ગીગાવોટની વધારાની ક્ષમતા ઉમેરવામાં આવશે જે ૨૦30 સુધીમાં પૂર્ણ થશે.

3. ગ્રીન એનર્જીઃ આ ડેટા સેન્ટરને ચલાવવા માટે રિલાયન્સ ₹૫૧,300 કરોડના ખર્ચે સોલર પાવર અને બેટરી સ્ટોરેજ સિસ્ટમ પણ સ્થાપશે.



**અબતક રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ડેટા અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ક્ષેત્રે ભારતનું વર્ચસ્વ સ્થાપવા માટે એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. રિલાયન્સ હવે ડેટા માટે બીજા પર નિર્ભર રહેવાને બદલે પોતાની ખુદ કી દુકાન એટલે કે વિશાળ ડેટા સેન્ટર્સનું નેટવર્ક ઊભું કરવા જઈ રહી છે. આ કડીમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે ભારતનું સૌથી મોટું ડેટા સેન્ટર ક્લસ્ટર સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે.

"આ પ્રોજેક્ટ પાછળ રિલાયન્સ અંદાજે ₹૧.૬ લાખ કરોડ નું જંગી રોકાણ કરશે.આ સેન્ટરની કુલ ક્ષમતા ૧.૫ ગીગાવોટ હશે. આ ક્ષમતા એટલી વિશાળ છે કે તે ગૂગલ અને એમેઝોન જેવી વૈશ્વિક દિગ્ગજ કંપનીઓના પ્લાનિંગને પણ પાછળ છોડી દેશે.આ માત્ર ડેટા સ્ટોરેજ નહીં, પણ ખાસ કરીને AI-રેડી ડેટા સેન્ટર હશે, જે ભવિષ્યની ટેકનોલોજી અને જનરેટિવ AI સેવાઓને વેગ આપશે.

રિલાયન્સનું આંધ્રપ્રદેશનું આ ડેટા સેન્ટર ગુજરાતના જામનગરમાં બની રહેલા ગીગાવોટ-સ્કેલ AI સેન્ટરના 'ટ્વિન' (જોડિયા) તરીકે કામ કરશે. જામનગર અને વિશાખાપટ્ટનમના આ બે થાંભલાઓ મળીને ભારતને વૈશ્વિક ડેટા મેપ પર ટોચ પર લઈ જશે.

અત્યાર સુધી ભારતીય ડેટા મોટાભાગે વિદેશી સર્વરો પર નિર્ભર હતો. રિલાયન્સના આ પગલાથીભારતનો ડેટા ભારતમાં જ સુરક્ષિત રહેશે જિયો જેવી ક્રાંતિ ડેટા સ્ટોરેજ અને અઈ ક્લાઉડ ક્ષેત્રે પણ જોવા મળશે.હજારો કુશળ આઈટી પ્રોફેશનલ્સ માટે નવી તકો ઊભી થશે.

### વિશાખાપટ્ટનમમાં અદાણી-ગૂગલના વિઝાગ એઆઈ હબનું નરેન્દ્ર મોદી દ્વારા ભૂમિપૂજન

આંધ્રપ્રદેશના વિકાસમાં એક નવો સૂર્યોદય થવા જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશાખાપટ્ટનમના તારલુવાડા ખાતે વિશાળ એઆઈ હબનું ખાતમુહૂર્ત કર્યું આ પ્રકલ્પ દ્વારા આંધ્રપ્રદેશ વિશ્વના આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં મોટી હરણફાળ ભરશે.આ યોજના પાછળ અંદાજે ૧.૩૫ લાખ કરોડ રૂપિયા (૧૫ અબજ અમેરિકી ડોલર) નું જંગી રોકાણ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રના નિર્માણમાં અદાણી કોનેક્સ, ગૂગલ ક્લાઉડ અને એરટેલની નેક્સ્ટ્રા જેવી ખ્યાતનામ કંપનીઓ સહયોગ આપી રહી છે.અહીં ૧ ગીગાવોટની ક્ષમતા ધરાવતું ભારતનું સૌથી મોટું ડેટા સંગ્રહ અને પ્રક્રિયા કેન્દ્ર બનાવવામાં આવશે.આ સંપૂર્ણ સંકુલ પર્યાવરણને અનુકૂળ રહે તે રીતે 'ગ્રીન એનર્જી' એટલે કે કુદરતી ઊર્જા સ્રોતો દ્વારા ચલાવવામાં આવશે.આ પ્રોજેક્ટ આવવાથી વિશાખાપટ્ટનમ માત્ર પ્રવાસન જ નહીં, પણ ટેકનોલોજીનું મુખ્ય કેન્દ્ર બનશે. તેનાથી થનારા મુખ્ય લાભોમાં રાજ્યમાં આઈટી (માહિતી ટેકનોલોજી) ક્ષેત્રે હજારો નવી નોકરીઓની તકો ઉભી થશે.સ્થાનિક યુવાનો માટે કૌશલ્ય વિકાસ અને સંશોધનના નવા દ્વાર ખુલશે.હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને ઝડપી ડેટા પ્રોસેસિંગની સુવિધાથી સ્થાનિક ઉદ્યોગોને વેગ મળશે.

વિશ્વની દવા બજારમાં સન ફાર્મા મધ્યાહ્ને

# સન ફાર્માએ રૂ.૯૮,000 કરોડમાં અમેરિકન કંપની ઓર્ગેનને હસ્તગત કરી

## મહિલા આરોગ્ય અને બાયોસિમિલર્સ ક્ષેત્રે સન ફાર્મા ગ્લોબલ લીડર બનીને વિશ્વની ટોચની ત્રણ કંપનીઓમાં થશે સામેલ

**અબતક મુંબઈ**

ભારતીય ફાર્મા ઉદ્યોગના ઈતિહાસમાં એક નવો અધ્યાય લખતા, દિલીપ સંઘવીની આગેવાની હેઠળની સન ફાર્માસ્યુટિકલ્સે અમેરિકા સ્થિત મલ્ટિનેશનલ કંપની ઓર્ગેનન ને ખરીદવાની સત્તાવાર જાહેરાત કરી છે. અંદાજે ૧૧.૭૫ બિલિયન ડોલર (આશરે ₹૯૮,000 કરોડ) ના આ 'ઓલ-કેશ' સોદાએ ભારતીય કોર્પોરેટ જગતમાં હલચલ મચાવી દીધી છે. આ અત્યાર સુધીનો કોઈપણ ભારતીય ફાર્મા કંપની દ્વારા કરવામાં આવેલો સૌથી મોટો વિદેશી સોદો છે.

આ મેગા ડીલ અંતર્ગત સન ફાર્મા ઓર્ગેનનના દરેક શેર દીઠ ૧૪.00 ડોલર ની ચુકવણી રોકડમાં કરશે. આ સંપાદન સાથે જ સન ફાર્મા વિશ્વની ટોચની ૨૫ ફાર્માસ્યુટિકલ કંપનીઓની ક્લબમાં ગૌરવભેર સામેલ થઈ ગઈ છે. નિષ્ણાતો આ ઘટનાને 'વિશ્વની દવા બજારમાં સન ફાર્માના મધ્યાહ્ન' તરીકે જોઈ રહ્યા છે, કારણ કે આ સોદો કંપનીને ગ્લોબલ લીડર તરીકે પ્રસ્થાપિત કરે છે.



ઓર્ગેનન ખાસ કરીને મહિલાઓના સ્વાસ્થ્ય, પ્રજનન ક્ષમતા અને બાયોસિમિલર્સ જેવા ક્ષેત્રોમાં મજબૂત પકડ ધરાવે છે. આ સોદાના પરિણામે સન ફાર્મા હવે મહિલા આરોગ્ય ક્ષેત્રે વિશ્વની ટોચની ત્રણ કંપનીઓમાંની એક બની જશે. આ ઉપરાંત, કંપનીને ચીન, દક્ષિણ કોરિયા, બ્રાઝિલ અને યુરોપ જેવા મોટા બજારોમાં તૈયાર પ્લેટફોર્મ અને વિશાળ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક મળશે. બંને કંપનીઓની સંયુક્ત વાર્ષિક આવક હવે ૧૨.૪ બિલિયન ડોલરને પાર કરી જવાનો અંદાજ છે.

સન ફાર્માના સ્થાપક દિલીપ સંઘવીએ આ સોદાને વ્યૂહાત્મક ગણાવતા કહ્યું હતું કે, આ પગલું વિશ્વભરના દર્દીઓ સુધી પહોંચવાની અમારી ક્ષમતામાં મોટો વધારો કરશે. રેગ્યુલેટરી મંજૂરીઓ અને શેરધારકોની સંમતિ બાદ આ સોદો વર્ષ ૨૦૨૭ ના પ્રારંભિક ગાળામાં પૂર્ણ થવાની ધારણા છે. આ સમાચારને પગલે ભારતીય શેરબજારમાં પણ સન ફાર્માના શેર પ્રત્યે રોકાણકારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# નેશનલ હાઈવેના એન્જિનિયર પર કાદવ ઉછાળવા બદલ મંત્રી નિતેશ રાણેને એક મહિનાની જેલની સજા

## વહીવટીતંત્રનું નૈતિક મનોબળઃ સરકારી અધિકારીઓ પર થતા હુમલા અટકાવવા માટે કોર્ટનો સીમાચિહ્નરૂપ આદેશ

**અબતક મુંબઈ**

આધુનિક લોકશાહીમાં સરકારી અધિકારીઓ એ વહીવટીતંત્રની કરોડરજ્જુ સમાન છે. જ્યારે જનપ્રતિનિધિઓ કે સામાન્ય જનતા દ્વારા કાયદો હાથમાં લઈને ફરજ પરના અધિકારીઓ સાથે ગેરવર્તણૂક કે હિંસા કરવામાં આવે, ત્યારે તે માત્ર એક વ્યક્તિ પરનો હુમલો નથી, પરંતુ સમગ્ર બંધારણીય પ્રણાલી પરનો પ્રહાર છે.

છેલ્લા કેટલાક સમયથી રાજકીય વગ અથવા અંગત રોષને કારણે સરકારી કર્મચારીઓ પર શારીરિક અને માનસિક અત્યાચારના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આવા સમયે, મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણે વિરુદ્ધ સિંધુદુર્ગ કોર્ટનો ચુકાદો એક સીમાચિહ્નરૂપ ઘટના સાબિત થાય છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જનતાના પ્રશ્નો ઉઠાવવા એ લોકશાહીનો હક છે, પરંતુ તેની આડમાં કોઈ જાહેર સેવકનું અપમાન કરવું કે તેમને કાદવથી નવડાવવા એ 'સત્તાનો દુરુપયોગ' છે.



મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી નિતેશ રાણેને વર્ષ ૨૦૧૯માં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એક એન્જિનિયર પર કાદવ ફેંકવાના કેસમાં મોટો ઝટકો લાગ્યો છે. સિંધુદુર્ગની એડિશનલ સેશન્સ કોર્ટે આ મામલે નિતેશ રાણેને દોષિત ઠેરવી એક મહિનાની જેલની સજા ફટકારી છે. જોકે, કોર્ટે આ સજાને હાલ સ્થગિત કરી છે જેથી તેઓ ઉપલી કોર્ટમાં અપીલ કરી શકે.

આ ઘટના ૪ જુલાઈ, ૨૦૧૯ની છે, જ્યારે નિતેશ રાણે કોંગ્રેસમાં હતા. મુંબઈ-ગોવા હાઈવેના નબળા કામ અને ખાડાઓને કારણે થતી હાલાકીનો વિરોધ કરવા માટે રાણે અને તેમના સમર્થકોએ સબ-ડિવિઝનલ એન્જિનિયર પ્રકાશ શેડેકરને કાંકવલી પાસે ગડ નદી પરના બ્રિજ પર બોલાવ્યા હતા.

ત્યાં ઉગ્ર દલીલો દરમિયાન, નિતેશ રાણે અને તેમના કાર્યકરોએ એન્જિનિયર પર કાદવ અને ગંદુ પાણી રેડ્યું હતું અને તેમને જાહેરમાં કાદવમાં ચાલવા માટે મજબૂર કર્યા હતા.

કેસની સુનાવણી દરમિયાન જજ વી. એસ. દેશમુખે નોંધ્યું હતું કેઃભલે રાણેનો હેતુ રસ્તાની નબળી ગુણવત્તા સામે અવાજ ઉઠાવવાનો હતો, પરંતુ કોઈ લોકસેવકનું જાહેરમાં અપમાન કરવાનો તેમને કોઈ અધિકાર નથી.જો આવી ઘટનાઓ ચાલુ રહેશે, તો સરકારી કર્મચારીઓ આત્મસન્માન સાથે તેમની ફરજ બજાવી શકશે નહીં.કોર્ટે રાણેને કલમ ૫૦૪ (જાહેર શાંતિનો ભંગ કરવાના ઈરાદાથી અપમાન) હેઠળ દોષિત ઠેરવ્યા હતા.

આ કેસમાં નિતેશ રાણે સહિત કુલ 30 લોકો સામે રાયોટિંગ અને સરકારી કામમાં અવરોધ ઊભો કરવા જેવી ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. જોકે, પુરાવાના અભાવે કોર્ટે અન્ય ૨૯ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે અને રાણે સામે પણ ગંભીર કલમો હટાવી માત્ર અપમાન કરવાના ગુનામાં સજા ફટકારી છે.

# અલનીનોની સાથે સાથે યુદ્ધ પણ વરસાદનું વેરી બનશે

## એક બાજુ યુદ્ધ અને બીજી બાજુ નબળા વરસાદની અસરથી ગ્રામીણ અર્થતંત્ર પર બેવડા સંકટના વાદળો

નવી દિલ્હીઃ ભારત માટે આગામી નાણાકીય વર્ષ આર્થિક રીતે પડકારજનક સાબિત થઈ શકે તેમ છે. એક તરફ હવામાન વિભાગે આ વર્ષે નબળા ચોમાસાની આગાહી કરી છે, તો બીજી તરફ ઈરાન અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ખેતીના ખર્ચમાં તોતિંગ વધારો થયો છે. અર્થશાસ્ત્રીઓના મતે, 'અલનીનો'ની અસર અને યુદ્ધની પરિસ્થિતિ ભેગી મળીને ભારતના ગ્રામીણ અર્થતંત્રની કસોટી કરશે.

ભારતીય હવામાન વિભાગએ ૨૦૨૬ના વર્ષ માટે સરેરાશના માત્ર ૯૨ ટકા વરસાદની આગાહી કરી છે, જે 'સામાન્ય કરતા ઓછો' ગણાય છે. આ નબળા ચોમાસાની સાથે ઈરાન યુદ્ધને લીધે ક્રૂડ ઓઈલ અને ખાતરના ભાવમાં વધારો થયો છે. એચએસબીસીના મુખ્ય અર્થશાસ્ત્રી પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું કે, "આ એક 'ટ્વીન શોક' એટલે કે બેવડો ફટકો છે - જેમાં ઉર્જા સંકટ અને ખરાબ હવામાન એકસાથે દેશના વિકાસ દરને અસર કરશે."નિષ્ણાતોના મતે નબળું ચોમાસું મોંઘવારી કરતા દેશના વિકાસ દર ને વધુ નુકસાન પહોંચાડી શકે છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલરની સપાટી વટાવે, તો ભારતનો આર્થિક વિકાસ દર ઘટીને ૫.૮ ટકા થી ૬ ટકા ની વચ્ચે આવી શકે છે, જે અગાઉ ૭.૬ ટકા રહેવાનો અંદાજ હતો. એસબીઆઈના અહેવાલ મુજબ, જો અલનીનોની સાથે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાય તો જીડીપીમાં ૦.૬૫ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે.



હાલમાં રવી પાકની સારી લણણી અને જળાશયોમાં પાણીના સારા સંગ્રહને કારણે ગ્રામીણ માંગ મજબૂત દેખાય છે, પરંતુ આ સ્થિતિ લાંબી નહીં ટકે તેવી ભીતિ છે. વર્ષ ૨૦૨૬ના બીજા ભાગમાં જો વરસાદ ખેંચાશે તો ડાંગર, કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે.ખેડૂતોની આવક ઘટતા ટ્રેક્ટર અને ટુ-વ્હીલરના વેચાણ પર માઠી અસર પડી શકે છે.યુદ્ધના કારણે વિદેશમાં કામ કરતા શ્રમિકો પરત ફરે તેવી શક્યતા છે, જેનાથી ગામડાઓમાં મજૂરી દરમાં ઘટાડો અને બેરોજગારી વધી શકે છે.

જોકે, અર્થશાસ્ત્રીઓ એમ પણ કહી રહ્યા છે કે ગભરાવાની જરૂર નથી કારણ કે સરકાર પાસે આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પૂરતો અનાજ ભંડાર (બફર સ્ટોક) ઉપલબ્ધ છે. વળી, જળાશયોમાં પાણીનું સ્તર હાલમાં સરેરાશ કરતા ૧૦ટકા વધુ હોવાથી શરૂઆતના તબક્કે ખેતીને ટેકો મળી રહેશે. તેમ છતાં, ખાદ્ય તેલ અને કઠોળ જેવી વસ્તુઓમાં આયાત ઘટાડવા માટે સપ્લાય-સાઈડમાં મોટા સુધારા કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

હિન્દી-ચીની ભાઈ ભાઈ

# સંઘર્ષ નહીં સમાધાનથી કામ કરવા ભારત-ચીને મન બનાવ્યું

## સીમા વિવાદ અને વર્ષોના તણાવ બાદ હવે ડિપ્લોમેસીના ટેબલ પર બંને દેશો એકઠા થયાઃ બ્રિક્સના મંચ પરથી શાંતિનો નવો અધ્યાય શરૂ કરવા અને એશિયામાં સ્થિરતા સ્થાપવા ભારત-ચીન વચ્ચે ઉચ્ચ સ્તરીય સહમતિના સંકેત

**અબતક નવી દિલ્હી**

ભારત અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા સરહદી અને રાજદ્વારી તણાવ વચ્ચે હવે ફરી એકવાર મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાઈ રહ્યું હોય તેવા સંકેતો મળી રહ્યા છે. બંને દેશોએ હવે સંઘર્ષનો માર્ગ છોડીને 'સમાધાન' અને સહયોગ દ્વારા આગળ વધવાનું મન બનાવ્યું છે. 'હિન્દી ચીની ભાઈ ભાઈ'ની ભાવનાને ફરી જીવંત કરવાના પ્રયાસોના ભાગરૂપે બ્રિક્સ મિકેનિઝમ હેઠળ બંને રાષ્ટ્રો વચ્ચે સંવાદ તેજ બન્યો છે.

તાજેતરના અહેવાલો મુજબ, ભારત અને ચીન બ્રિક્સ જૂથના માળખા હેઠળ પરસ્પર સહયોગ વધારવા માટે સતત સંપર્કમાં છે. ચીને ભારતના બ્રિક્સ અધ્યક્ષપદની પ્રશંસા કરી છે અને તેને પૂરેપૂરું સમર્થન જાહેર કર્યું છે. બદલામાં, ભારત સરકારે પણ બ્રિક્સની વિવિધ પ્રવૃત્તિઓમાં ચીનના સકારાત્મક સહયોગની નોંધ લીધી છે.



ચીનના વિશેષ દૂત ઝાઈ જુને તાજેતરમાં નવી દિલ્હીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ભારતીય વિદેશ મંત્રાલયના સચિવ નીના મલ્હોત્રા સાથે મહત્વપૂર્ણ બેઠક કરી હતી. બેઠકમાં ઝાઈ જુને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત અને ચીન બંને વિશ્વના મોટા વિકાસશીલ દેશો છે અને પ્રાદેશિક શાંતિ તેમજ સ્થિરતા માટે બંને વચ્ચેનો સંવાદ અનિવાર્ય છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે પશ્ચિમ એશિયાના મુદ્દાઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય બાબતો પર ભારત અને ચીન સાથે મળીને એક મજબૂત અવાજ ઉઠાવશે.

ભારત તરફથી પણ સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે તે ચીન સહિતના તમામ બ્રિક્સ ભાગીદાર દેશો સાથે મળીને પ્રાદેશિક તણાવ ઘટાડવા માટે ઉત્સુક છે. નીના મલ્હોત્રાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ચીનની ભૂમિકાને મહત્વની ગણાવી હતી અને બંને દેશો વચ્ચેના સંબંધોમાં 'ડી-એસ્કેલેશન' (તણાવમાં ઘટાડો) કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સૌથી મહત્વના સમાચાર એ છે કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ વર્ષના અંતમાં યોજાનારી બ્રિક્સ સમિટ માટે ભારતની મુલાકાતે આવી શકે છે.

જો આ મુલાકાત સફળ રહેશે, તો વર્ષ ૨૦૨૦ માં ગલવાન ખીણની સૈન્ય અથડામણ બાદ તેમની આ પ્રથમ ભારત યાત્રા હશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવો વળાંક લાવી શકે છે અને દાયકાઓ જૂની મૈત્રીને ફરી પાટા પર લાવી શકે છે.

આમ, એશિયાના બે દિગ્ગજ દેશો હવે સમજી રહ્યા છે કે પ્રગતિનો માર્ગ યુદ્ધ કે સંઘર્ષમાં નહીં, પરંતુ પરસ્પર સમજૂતી અને સમાધાનમાં રહેલો છે.

# રાજસ્થાનથી લઈ હિમાચલ સુધી ગાજવીજ સાથે વરસાદની સંભાવના

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી હીટવેવના પ્રકોપમાંથી મુક્તિઃ તાપમાનમાં ઘટાડાની શક્યતા

**અબતક નવી દિલ્હી**

ઉત્તર ભારતમાં પડી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે હવે કુદરત મહેરબાન થવાના સંકેતો મળી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગ ની આગાહી મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતાને કારણે રાજસ્થાનથી લઈને હિમાચલ પ્રદેશ સુધીના રાજ્યોમાં આગામી દિવસોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. આ ફેરફારને કારણે છેલ્લા ઘણા સમયથી હીટવેવનો સામનો કરી રહેલા લોકો માટે રાહતના સમાચાર આવ્યા છે.

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને કેટલીક જગ્યાએ કરા પડવાની પણ સંભાવના છે. પહાડી રાજ્યોમાં હવામાનમાં આવતા આ પલટાને કારણે પ્રવાસીઓને સાવચેત રહેવા જણાવાયું છે. ખાસ કરીને ભૂસ્ખલન સંભવિત વિસ્તારોમાં મુસાફરી ટાળવા અથવા હવામાનની ચોક્કસ જાણકારી મેળવીને જ આગળ વધવા સલાહ અપાઈ છે.

રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હી-NCR માં હવામાન વિભાગે ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી કરી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં વરસાદ પહેલા તેજ ગતિએ ધૂળની ડમરીઓ ફૂંકાઈ શકે છે, જેની અસર સામાન્ય જનજીવન અને વાહનવ્યવહાર પર જોવા મળી શકે છે. દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે છૂટાછવાયા ઝાપટાં પડવાથી મહત્તમ તાપમાનમાં ૩ થી ૪ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે.

ખરાબ હવામાનને કારણે ફ્લાઈટ અથવા ટ્રેનના સમયમાં ફેરફાર થઈ શકે છે, તેથી સ્ટેશન કે એરપોર્ટ જતાં પહેલાં સ્ટેટસ ચેક કરી લેવું.પહાડી રસ્તાઓ પર વરસાદ દરમિયાન વાહન ચલાવતી વખતે ખાસ સાવધાની રાખવી.

તમારી સાથે જરૂરી દવાઓ અને રેઈનકોટ કે છત્રી જેવી ચીજવસ્તુઓ સાથે રાખવી.

હવામાન વિભાગના મતે, આ પ્રી-મોન્સૂન ગતિવિધિઓ લાંબા સમયથી ચાલી રહેલા ગરમીના પ્રકોપને શાંત કરશે અને વાતાવરણમાં ઠંડક પ્રસરાવશે. જોકે, ગાજવીજ વખતે ખુલ્લા મેદાનમાં કે ઝાડ નીચે ઉભા ન રહેવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# મહાપાલિકામાં ભાજપનો કેસરીયો: વોર્ડ નં. ૫, ૯ અને ૧૩માં આખી પેનલનો વિજય!

## મતગણતરીના પ્રથમ રાઉન્ડમાં જ કેસરીયો લહેરાયો; વિરોધ પક્ષોના સૂપડા સાફ કરી ભાજપે જામનગરમાં મજબૂત પકડ દર્શાવી

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી માટે આજે વહેલી સવારે ઈવીએમ મશીનો રાખવામાં આવેલ સ્ટ્રોંગ રૂમ ખોલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી અધિકારીઓ, ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓની હાજરીમાં કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સ્ટ્રોંગ રૂમનું સીલ ખોલવામાં આવ્યું હતું.

સીલ ખોલ્યા બાદ તમામ ઈવીએમ મશીનોને નિયમિત પ્રક્રિયા મુજબ બહાર કાઢી, અલગ-અલગ ગણતરી વિભાગોમાં પહોંચાડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. સમગ્ર પ્રક્રિયા દરમિયાન સુરક્ષાકર્મીઓની ચુસ્ત વ્યવસ્થા રાખવામાં આવી હતી.

મતગણતરી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે નિરીક્ષકો અને ઉમેદવારોના પ્રતિનિધિઓને પણ અંદર પ્રવેશ આપવામાં આવ્યો હતો, જેથી તેઓ સમગ્ર કામગીરી પર નજર રાખી શકે.



ચૂંટણી તંત્ર દ્વારા તમામ કાર્યવાહી નિર્ધારિત નિયમો અને માર્ગદર્શિકા મુજબ હાથ ધરવામાં આવી રહી છે, અને મતગણતરી શાંતિપૂર્ણ તેમજ વ્યવસ્થિત રીતે પૂર્ણ થાય તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવી છે.

જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીના આજે જાહેર થઈ રહેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. મતગણતરીના પ્રારંભિક તબક્કામાં જ ભાજપે પોતાનો દબદબો કાયમ રાખતા વોર્ડ નંબર ૫ અને વોર્ડ નંબર ૯માં ભવ્ય જીત મેળવી છે. આ બંને વોર્ડમાં ભાજપના તમામ ઉમેદવારો વિજેતા જાહેર થતા 'પેનલ ટુ પેનલ' વિજય સાથે ભાજપે જામનગરમાં વિજયી પ્રારંભ કર્યો છે.

પરિણામોની સત્તાવાર જાહેરાત થતાની સાથે જ જામનગર ભાજપના છાવણીમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. વોર્ડ ૫ અને ૯માં વિરોધ પક્ષોને પછાડીને ભાજપે આખી પેનલ જીતી લેતા કાર્યકરોએ વિજયના નારા લગાવી એકબીજાના મોઢા મીઠા કરાવ્યા હતા.

ચૂંટણી વિશ્લેષકોના મતે, પ્રથમ તબક્કાના આ પરિણામો દર્શાવે છે કે જામનગરના મતદારોએ ફરી એકવાર ભાજપના વિકાસના એજન્ડા પર મહોર મારી છે. વોર્ડ ૫ અને ૯માં મળેલી આ જીત આગામી કલાકોમાં જાહેર થનારા અન્ય વોર્ડના પરિણામો માટે પણ ભાજપનો આત્મવિશ્વાસ



વધારનારી સાબિત થશે. હાલમાં અન્ય વોર્ડની મતગણતરી ચાલુ છે, પરંતુ શરૂઆતના ટ્રેન્ડમાં ભાજપ ઘણું આગળ ચાલી રહ્યું છે.

જામનગર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં આજે ભારતીય જનતા પાર્ટીએ શહેરી વિસ્તારમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. જામનગર મહાનગરપાલિકાની ૬૩ બેઠકો પૈકી ભાજપે ૯ બેઠકો પર કબ્જો મેળવ્યો છે, જેમાં વોર્ડ નંબર ૫, ૯ અને ૧૩માં ભાજપની આખી પેનલ વિજેતા જાહેર થઈ છે. એક પછી એક પેનલની જીત થતા ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને વિજયોત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે, જ્યારે કોંગ્રેસ અને અન્ય પક્ષો હજુ સુધી ખાતું ખોલાવી શક્યા નથી. બીજી તરફ, જામનગર જિલ્લા અને તાલુકા પંચાયતમાં રાજકીય રસાકસીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ૧૧૨ બેઠકો ધરાવતી જામનગર તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીએ ૮ બેઠકો જીતીને મજબૂત હાજરી નોંધાવી છે, જ્યારે ભાજપને ૫ બેઠકો મળી છે. જિલ્લા પંચાયતની ૨૩ બેઠકોમાં પણ ભાજપ અને 'આપ' ૧-૧ બેઠક સાથે રસાકસીમાં છે. શહેરમાં ભાજપનો સિક્કો ચાલ્યો છે, જ્યારે ગ્રામ્ય પંથકમાં 'આપ'ની એન્ટ્રીએ નવા રાજકીય સમીકરણો સર્જ્યા છે.

## જામનગર ગ્રામ્યમાં ભાજપનો અજેય દબદબો, તાલુકા પંચાયતમાં વિજયી શંખનાદ

### જામનગર, ધ્રોલ, જોડિયા અને જામજોધપુરમાં કમળ ખીલ્યું: જાહેર થયેલી તમામ ૫ બેઠકો પર ભાજપનો કબજો

જામનગર જિલ્લાની તાલુકા પંચાયત ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ ગ્રામ્ય વિસ્તારોમાં પોતાનો મજબૂત દબદબો જાળવી રાખ્યો છે. મતગણતરીના પ્રારંભિક તબક્કામાં જ ભાજપે વિજયી શંખનાદ કર્યો છે.

જામનગર તાલુકા પંચાયતની કુલ ૨૬ બેઠકોમાંથી અત્યાર સુધી જાહેર થયેલી ૨ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ ભવ્ય વિજય મેળવ્યો છે. આ ઉપરાંત ધ્રોલ, જોડિયા અને જામજોધપુર તાલુકા પંચાયતમાં પણ ભાજપે ૧-૧ બેઠક પર જીત હાંસલ કરી છે. આમ અત્યાર સુધીમાં જાહેર થયેલી તમામ ૫ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે.

ભાજપના જિલ્લા સંગઠનના જણાવ્યા અનુસાર, આ પરિણામો ગ્રામ્ય વિસ્તારોમાં પાર્ટીની લોકપ્રિયતા અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસના કાર્યોનો પ્રતિબિંબ છે. ગ્રામ્ય જનતાએ ફરી એકવાર ભાજપની નીતિઓ પર વિશ્વાસ મૂક્યો છે.

જિલ્લાની અન્ય તાલુકા પંચાયતોની બેઠકો પર પણ ભાજપના ઉમેદવારો મજબૂત લીડ સાથે આગળ વધી રહ્યા છે. જામનગર તાલુકાની બાકી રહેલી ૨૪ બેઠકો સહિત અન્ય તાલુકાઓના પરિણામો પર સૌની નજર મંડાયેલી છે. ચૂંટણી પરિણામોનો અંતિમ ચિત્ર સ્પષ્ટ થયા બાદ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે વિજયોત્સવ મનાવવામાં

# એકાદશીએ જગત મંદિરે વ્હેલી સવારથી ભાવિકોની ભીડ

## ઠાકોરજીને પુષ્પ શૃંગાર સાથે કુડલા ભોગ મનોરથના દર્શન કરી ભક્તો થયા અભિભૂત





**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

વૈશાખ સુદ એકાદશીના પાવન અવસરે યાત્રાધામ દ્વારકામાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. હાલમાં ગ્રીષ્મ લહેર ચાલી રહી હોય આમ છતાં પણ ભાવિકો શ્રધ્ધાભેર ગોમતી નદીમાં પાવનકારી સ્નાનનો લાભ લીધા બાદ જ છપ્પન સીડી – સ્વર્ગ દ્વારેથી લાંબી કતારોમાં પહોંચી જગતમંદિરમાં ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

જગતમંદિરે શૃંગાર આરતી, રાજભોગ, સંધ્યા આરતીમાં પણ ભાવિકોની ભીડ જોવા મળી હતી. દ્વારકાધીશ જગતમંદિરમાં દ્વારકાધીશ ભગવાનને ઋતુ અનુસાર શૃંગાર, ભોગ ઈત્યાદિ અર્પણ કરવામાં આવી રહ્યા હોય હાલમાં ચાલતી ગ્રીષ્મ ઋતુમાં ઠાકોરજીને ઠંડક અર્પણ કરવાના ભાવ સાથે વિશિષ્ટ પુષ્પ શૃંગાર દર્શન યોજવામાં આવી રહ્યા છે. સાંજના સમયે ઠાકોરજીને ઠંડક આપતાં મનમોહક કુલો તેમજ કળીઓના વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યા હતા. સાથે જ ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી કુંડલા ભોગ મનોરથ પણ યોજવામાં આવ્યો હતો. ગ્રીષ્મ ઋતુ દરમ્યાન સતત બે માસ સુધી ઠાકોરજીને સાંજના સમયે પુષ્પશૃંગાર યોજાનાર છે. આ ઉપરાંત ગ્રીષ્મકાળ દરમ્યાન ઠાકોરજીને ઋતુ અનુસાર ઠંડક આપતાં ભોગ ઈત્યાદિ પણ અર્પણ કરવામાં આવે છે.

### કાળા નાણાને ધોળા કરવાના વિવાદમાં

# બેંક કર્મચારી અને તેના પરિવારનું અપહરણ કરી ગોંધી રાખ્યા

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં બ્લેક નાણાંને વ્હાઈટ કરવા સંબંધિત વ્યવહારમાંથી ઊભા થયેલા વિવાદે અપહરણકાંડનું સ્વરૂપ ધારણ કર્યું છે. રાજકોટના બેંક કર્મચારી અને તેના પરિવારનું અપહરણ કરી આરોપીઓએ જામનગરના બંગલામાં ગેરકાયદે રીતે બંધક બનાવી રાખી, મારકૂટ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી લાખો રૂપિયાની ઉઘરાણી કરી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.


આરોપી ચિરાગ આહિર મારફતે જયદીપસિંહ જાડેજા સાથે વ્હાઈટ નાણાંને બ્લેકમાં રૂપાંતરિત કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વ્યવહારમાં ૨૭.૨૦ લાખ રૂપિયા ટ્રાન્સફર થયા હતા, પરંતુ સમયસર રકમ પરત ન થતા આરોપીઓએ કાવતરું રચ્યું હતું.

ता. ૨૪ એપ્રિલની સાંજે ફરિયાદી પોતાના પરિવાર સાથે રાજકોટથી અમદાવાદ જવા નીકળ્યો હતો, ત્યારે ચોટીલા ટોલ નાકા નજીક સ્કોર્પિયો ગાડી આડી રાખી આરોપીઓએ તેમની કાર રોકાવી હતી. ત્યારબાદ આરોપીઓએ ફરિયાદી, તેની પત્ની, પુત્રી, મિત્ર અને ડ્રાઈવરનું બળજબરીપૂર્વક અપહરણ કર્યું હતું.

આરોપીઓ ફરિયાદીને જામનગર પરત લાવી ગીતામંદિર નજીકના બંગલામાં એક રૂમમાં બંધક બનાવી દીધો હતો. મોબાઈલ ફોન છીનવી લઈ, મારકૂટ કરી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી પૈસા આપવા દબાણ કર્યું હતું.

દબાણમાં આવી ફરિયાદીએ અલગ-અલગ જગ્યાએથી આંગડિયા મારફતે અને રોકડ મળીને કુલ રૂ. ૯.૭૫ લાખ આરોપીઓને આપ્યા હતા. તેમ છતાં વધુ રકમ માટે ફરીયાદીને બંધક રાખી, સતત મારકૂટ અને ધમકીઓ આપતા રહ્યા હતા. આ ઘટનામાં ફરિયાદીની પત્ની અને પરિવારજનોને મુક્ત કર્યા બાદ ફરિયાદીને ફરી અન્ય સ્થળે લઈ જઈ વધુ રકમ માટે દબાણ કરવામાં આવ્યું હતું. આખરે ફરીયાદીએ પત્નીને ફોન કરી સમગ્ર ઘટનાની જાણ કરતા મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.સિટી બી. ડિવિઝન પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીઓના કબજામાંથી ફરિયાદીને મુક્ત કરાવ્યો હતો.

### રૂા.૯.૭૫ લાખ ચુકવ્યા બાદ વધુ રકમ પડાવવા આચર્યું કૃત્ય: પોલીસે તમામને મુક્ત કરાવ્યા



### અપહરણ કેસમાં પાંચ આરોપી ઝડપાયા

જામનગર શહેરના સિટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને બળજબરીથી ઉઘરાણીના ગુનામાં પોલીસે -૫ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે જયદીપસિંહ જાડેજા, ચિરાગ આહિર, એજાજ સાયચા, અક્ષય ચાવડા અને અમિત ચાવડાને પકડી પાડી કોર્ટમાં રજૂ કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

### ચાંદીબજાર ખાતે નેતાઓ– કાર્યકરોનો જમાવડો એકત્ર

# વિજયના વિશ્વાસ સાથે સાંસદ પૂનમબેન માડમ અને ધારાસભ્ય દિવ્યેશ અકબરીના ચહેરા પર દેખાયો ભવ્ય જીતનો આત્મવિશ્વાસ

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરી પૂર્વેની રાત્રે રાજકીય માહોલ ગરમાયો હતો. ચાંદીબજાર વિસ્તારમાં મોટી સંખ્યામાં વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો, કાર્યકરો અને આગેવાનો એકત્રિત થયા હતા, જ્યાં સમગ્ર વિસ્તારમાં રાજકીય ચહલપહલ જોવા મળી હતી.

આ વેળાએ જામનગર જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ તથા ધારાસભ્ય દિવ્યેશ અકબરી પણ ઉપસ્થિત રહ્યા હતા. બંને આગેવાનો કાર્યકરો સાથે મુલાકાત કરી તેમને હિંમત આપી અને આવનારા પરિણામ અંગે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સ્થળ પર હાજર બન્ને નેતાઓના ચહેરા પર સ્પષ્ટપણે વિજયી સ્મિત અને જીતનો વિશ્વાસ દેખાતો હતો. સમગ્ર વાતાવરણમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો માહોલ છવાયો હતો, જે આવનારા પરિણામોમાં પોતાના પક્ષની જીત અંગે મજબૂત સંકેત આપી રહ્યો હતો. મતગણતરી પૂર્વેની આ રાત્રે રાજકીય ગરમાવો અને કાર્યકરોનો ઉમંગ જામનગર જિલ્લામાં વિશેષ ધ્યાન ખેંચી રહ્યો છે.



# દ્વારકા: જાહેર શૌચાલય મુદ્દે ધારાસભ્ય પબુભા માણેક પ્રજાની પડખે

### યાત્રિકો અને સ્થાનિકોની સુવિધા યથાવત રહેશે



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકા શહેરમાં જાહેર શૌચાલયને લઈ છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક સ્તરે ચર્ચા જોવા મળી રહી છે. ગુજરાત સરકાર સ્વચ્છતા અને જાહેર સુવિધાઓ વધારવા પર ભાર મૂકે છે, ત્યારે યાત્રાધામ દ્વારકામાં યાત્રિકો અને સ્થાનિક લોકો માટે ઉપયોગી એવા જાહેર શૌચાલય અંગે વેપારીઓમાં ચિંતા ઉઠી હતી.

મળતી માહિતી મુજબ, નગરપાલિકાના એક સદસ્ય દ્વારા આ શૌચાલય દૂર કરવા બાબતે વિરોધ નોંધાવાયો હોવાની વાત સામે આવ્યા બાદ દ્વારકા વેપારી મંડળે આ મુદ્દે ધારાસભ્ય પબુભા માણેક સમક્ષ રજૂઆત મૂકી હતી. વેપારીઓએ જણાવ્યું કે યાત્રાધામમાં દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો, યાત્રિકો અને સ્થાનિક લોકોની અવરજવર રહે છે, ત્યારે જાહેર શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા જળવાઈ રહેવી ખૂબ જરૂરી છે.

રજૂઆત બાદ ધારાસભ્ય પબુભા માણેકે જનહિતને પ્રાથમિકતા આપતા સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમણે યાત્રિકો અને ગામવાસીઓની પ્રાથમિક સુવિધા પર કોઈ આંચ ન આવે તેવો મક્કમ સંદેશ આપ્યો હતો. સાથે જ હાલની સુવિધા યથાવત રાખી આગામી સમયમાં વધુ સારી અને આધુનિક સુવિધાઓ સાથે વ્યવસ્થા મજબૂત બનાવવા દિશામાં પ્રયાસો કરવાની ખાતરી આપી હતી. ધારાસભ્યના આ વલણ બાદ વેપારીઓ અને સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. યાત્રાધામ દ્વારકામાં જાહેર સુવિધાઓ વધે અને યાત્રિકોને કોઈ હાલાકીનો સામનો ન કરવો પડે, તે બાબતને લઈને આ મુદ્દો હવે સ્થાનિક જનચર્ચાનો વિષય બન્યો છે.

# જામનગરમાં દિગ્જામ સર્કલ પાસે દાદાગીરી કરનાર બન્ને શખ્સના પોલીસે સીન વિખી નાખ્યા

## જાહેરમાં ધારીયુ લઈને ફરજમાં રૂકાવટ કરનાર બેલડીને કાયદાનું ભાન કરાવ્યું: 'સાહેબ ફરી આવી ભૂલ કદી નહિ થાય'

**અબતક, જામનગર**

જામનગરમાં દિગ્જામ સર્કલ પાસે જાહેરમાં ધારિયા જેવુ હથિયાર લઈને પોલીસની સામે બબાલ કરનારા બે શખ્સો નો સોશિયલ મીડિયામાં વીડીઓ વાયરલ થયા બાદ અને એક યુવાનને માર મારી રૂપિયા ૭૦૦ ની લુંટ ચલાવવા અંગેના પ્રકરણમાં પોલીસે બંને માથાભારે ડોન ગણાતા શખ્સો ની અટકાયત કરી લઈ રિમાન્ડ પર લીધા હતા, અને તેઓ પાસેથી રૂપિયા ૭૦૦ ની રોકડ રકમ, બે હથિયાર અને બાઈક કબજે કર્યા હતા. બંનેને લઈને



પોલીસ દ્વારા સ્થળ પર રિકન્સ્ટ્રક્શન કરાવાયું હતું, અને ફરીથી આવું કદી નહીં કરે, તેવી કાકલુદી કરી હતી. જે બંનેની રિમાન્ડ ની મુદત પૂરી થતાં જેલમાં ધકેલી દેવાયા છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં દિગજામ સર્કલ વિસ્તારમાં ત્રણ દિવસ પહેલાં પોલીસની જનરક્ષક વિભાગની ૧૧૨ ની ટીમ સાથે જહાંગીર બાપુ નામના શખ્સ અને તેના સાગરીત સબીર સંધાર દ્વારા જાહેરમાં ધારિયું હાથમાં રાખીને પોલીસ સાથે જીભા જોડી કરી હતી.જે બનાવ સમયનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેના અનુસંધાને ૧૧૨ નંબરની જનરક્ષક પોલીસ ટીમના જીપ ચાલક હીરાભાઈ ભગાભાઈ મુછાળા દ્વારા બંને શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી.

આ ઉપરાંત બંને માથાભારી શખ્સો જહાંગીર અને શબીરે તેના ખિસ્સામાંથી રૂપિયા ૭,૦૦ની લૂંટ ચલાવાઈ હતી. એ અંગે પણ અલગથી ફરિયાદ નોંધાવાઈ હતી બંને આરોપીઓ જહાંગીર અને સબીર ની અટકાયત કરી લઈ અદાલત રજૂ કર્યા હતા, અને બે દિવસ ના રિમાન્ડ મેળવ્યા હતા. જે રિમાન્ડ દરમિયાન પોલીસે એક બાઈક, ધારિયું અને છરી તેમજ રૂપિયા ૭૦૦ ની રોકડ રકમ વગેરે કબજે કરી લીધા છે.

બંને આરોપીઓને સ્થળ પર લઈ જઈ દિગજામ સર્કલ પાસે રી કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું, તે દરમિયાન બંને આરોપીઓ પોલીસ સમક્ષ મુર્ધા બની ગયા હતા અને ફરીથી આવું કદી નહીં કરે તે પ્રકારની કાકલૂદી કરવા લાગી ગયા હતા. બંનેની રિમાન્ડની મુદત પૂરી થતાં જેલમાં મોકલી દેવાયા છે.

# લાલપુર પંથકનો માથાભારે પ્રફુલ ઉર્ફે કાનજી ટોયટા વિરૂધ્ધ પાસા હેઠળ કાર્યવાહી

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ અસામાજિક પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે જામનગર જિલ્લા પોલીસ દ્વારા સખત પગલાં લેવામાં આવી રહ્યા છે. નાયબ પોલીસ મહાનિરિક્ષક નિર્લીપ્ત રાય તથા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની ના માર્ગદર્શન હેઠળ જિલ્લાભરમાં અસામાજિક તત્વો વિરૂદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

તે અન્વયે, અગાઉ શરીર સંબંધિત ગુનાઓમાં સંકળાયેલ અને જાહેર શાંતિ માટે ખતરો સમાન એવા પ્રફુલભાઈ ઉર્ફે કાનજી પુંજાભાઈ ટોયટા (રહે. પીપળી ગામ, તા. લાલપુર) સામે પાસા હેઠળ અટકાયત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંબંધિત ઈસમ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ પી.બી. પંડયા સમક્ષ રજુ કરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટએ દરખાસ્ત મંજૂર કરી પાસા વોરંટ ઈસ્યુ કરતા, પોલીસ ટીમ દ્વારા વોરંટની બજવણી કરી આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર, સુરત ખાતે ખસેડવાની કાર્યવાહી કરવામાં આવી છે.



# રાજકોટમાં જંગલેશ્વર ડીમોલીશન કેસરીયાને નડી ગયું

## વોર્ડ નંબર ૧૬માં કોંગ્રેસના રસીલાબેન ગરૈયા, દિપ્તીબેન સોલંકી, મહિપાલ ચૌહાણ અને ઈબ્રાહિમ સોરાનો ભવ્ય વિજય

**અબતક, રાજકોટ**

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાની ૧૦૦૧ બેઠકોની મતગણતરીનો પ્રારંભ થયો છે. મતગણતરી શરૂ થતા જ ૩૧૪૪ ઉમેદવારોના જીવ તાળવે ચોટ્યા છે.ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૬માં કોંગ્રેસના ચારેય ઉમેદવારોની જીત થઈ છે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૬માં કોંગ્રેસના ચારેય ઉમેદવારોની ભવ્ય જીત થઈ છે. આ પરિણામને સ્થાનિક લોકો અને વિરોધી પક્ષો જંગલેશ્વર વિસ્તારના મેગા ડીમોલેશનને કારણે ભાજપ માટે મોટો ઝટકો માની રહ્યા છે.રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૬ જંગલેશ્વર અને આસપાસના વિસ્તારોને આવરી લે છે. આ વોર્ડમાં કોંગ્રેસે તમામ ચારેય બેઠકો પર ઉમેદવારો ઉભા કર્યા હતા અને તમામે જીત મેળવી છે. આ પરિણામને જંગલેશ્વર ડીમોલીશનની નારાજગીનું સીધું પરિણામ માનવામાં આવી રહ્યું છે.

સ્થાનિક વોટરોમાં ડીમોલીશનથી ઉદ્ભવેલી અસંતોષ, ઘર-આશરાની સમસ્યા

(અનુ. આઠમા પાને)

### વોર્ડ નં.૧માં કેસરિયો લહેરાયો

રાજકોટ મનપાના વોર્ડ નં.૧માં ભાજપના ઉમેદવાર અંજના મોરઝરિયા, સેજલબેન ચૌધરી, જયરાજસિંહ જાડેજા, પરેશ ઠાકરનો ભવ્ય વિજય થયો છે. રાજકોટ મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં વોર્ડ નંબર ૧ માં ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર પોતાનો ગઢ જાળવી રાખ્યો છે. ભાજપના ચારેય ઉમેદવારોએ વિરોધ પક્ષોને કારમી હાર આપી ભવ્ય વિજય મેળવતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.કોંગ્રેસ અને અન્ય પક્ષો મતદારોને મજબૂત વિકલ્પ આપવામાં નિષ્ફળ રહ્યા હોય તેવું પરિણામો પરથી સ્પષ્ટ જણાય છે.

### વોર્ડ નં. ૧૦માં ભાજપનું બુલડોઝર ફરી વળ્યું

રાજકોટની વોર્ડ નંબર ૧૦માં ભાજપની પેનલનો ભવ્ય વિજય થયો છે. અશ્વિન ભોરણીયા, ઘનશ્યામ હેરભા, જ્યોત્સનાબેન ટીલાળા અને નીતાબેન લાલની પેનલે જીત મેળવી છે. વોર્ડ ૧૦માં ભાજપની આ સંપૂર્ણ જીત રાજકોટમાં પાર્ટીના વર્ચસ્વને વધુ મજબૂત કરે છે. જો કે રાજકોટ મનપાની આખી ચૂંટણીમાં ભાજપ મોટા ભાગની બેઠકો જીતી રહ્યું છે, ત્યારે વોર્ડ ૧૬ જેવા અમુક વિસ્તારોમાં કોંગ્રેસની સફળતા સામે આ જીત સંતુલન જાળવી રાખે છે. ભાજપના નેતાઓએ કહ્યું છે કે આ જીત વિકાસ અને સેવાના મુદ્દા પર મળેલી છે અને આગામી પાંચ વર્ષમાં વોર્ડ ૧૦ને વધુ સારી અને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.



### વોર્ડ નં. ૭માં ભાજપ પેનલની જીત

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૭માં ભાજપના ચારેય ઉમેદવારોની સંપૂર્ણ અને ભવ્ય જીત થઈ છે. આ પરિણામે ભાજપ કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ છ્વાઈ ગયો છે અને તેને પાર્ટીના મજબૂત સંગઠન તેમજ વિકાસના કામોની લોકપ્રિયતાનું પરિણામ માનવામાં આવી રહ્યું છે. આ વોર્ડમાં ચૂંટણી પહેલાં ભાજપમાં ઉમેદવારીને લઈને અંતિમ ક્ષણે ફેરફાર થયો હતો. શરૂઆતમાં શૈલેષ જાનીનું નામ જાહેર થયું હતું, પરંતુ પછી નેહલ શુક્લને ટિકિટ આપવામાં આવી હતી. આ ફેરફાર છતાં પાર્ટીના કાર્યકર્તાઓએ એકજૂથ થઈને પ્રચાર કર્યો હતો. પરિણામ જાહેર થતાં પહેલાં જ વોર્ડ ૭, ૮ અને ૯માં ભાજપ કાર્યકર્તાઓએ ઉજવણીનો માહોલ ઊભો કર્યો હતો. ફટાકડા ફોડીને અને નારા લગાવીને તેઓએ વિજયની ઉજવણી કરી હતી. જીત પછી વોર્ડના સ્થાનિક લોકોએ પણ ભાજપના ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા છે.

# શહેર-જિલ્લા પ્રમુખોને ૬ મે સુધી હેડક્વાર્ટર ન છોડવા હાઈ કમાન્ડનો આદેશ

## પરિણામ બાદ યુદ્ધના ધોરણે ભાજપ પદાધિકારીઓની નિમણુંક માટેની પ્રક્રિયા હાથ પર લેશે

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ આજે સવારથી તમામ સ્થળોએ મતગણતરી ચાલી રહી છે. સાંજ સુધીમાં ફાઈનલ પરિણામ આવી જશે. દરમિયાન ગઈકાલે પ્રદેશ ભાજપ હાઈકમાન્ડ દ્વારા રાજ્યભરના શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખોને ૬ મે સુધીમાં હેડક્વાટર ન છોડવા એટલે કે, ચૂંટણીનો થાક ઉતારવા માટે ગુજરાતની બહાર ફરવા ન જવા માટે સુચના આપી દેવામાં આવી છે. વહીવટદાર શાસનના કારણે કેટલાક કામો અટકી પડ્યા છે. કે જેને ધ્યાનમાં રાખી સરકાર અને સંગઠન બન્ને તાકીદે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પદાધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં ઈચ્છી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

રવિવારે મતદાન પૂર્ણ થયા બાદ કેટલાક શહેર અને જિલ્લાના પ્રમુખોએ ભાજપ હાઈ કમાન્ડ પાસે એક સપ્તાહની રજાની માગણી કરી હતી. કારણ કે, છેલ્લા ઘણા સમયથી જિલ્લા અને શહેર ભાજપના સંગઠનના હોદેદારો ચૂંટણી લક્ષી કામગીરીમાં વ્યસ્ત હોવાના કારણે થાકીને લોથપોથ થઈ ગયા છે. હવે જ્યારે મતદાન પૂર્ણ થઈ ગયું છે અને આજે મતગણતરી પણ પુરી થઈ જશે આવામાં એક સપ્તાહ સુધી કોઈ જ અગત્યનું કામ ન હોય ચુંટાયેલા જનપ્રતિનિધિઓના નામ જ્યાં સુધી ગેઝેટમાં પ્રસિદ્ધ ન થઈ જાય અને બોર્ડ બેઠકની તારીખ ન જાહેર થાય ત્યાં સુધીનું મીની વેકેશન આપવાની માગણી કરી હતી. પરંતુ હાઈ કમાન્ડ દ્વારા તમામ શહેર અને જિલ્લા ભાજપના પ્રમુખોને આગામી ૬ મે સુધીમાં હેડ ક્વાટર ન છોડવા માટે તાકીદ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. આગામી એક સપ્તાહમાં સંગઠનના હોદેદારોને ગમે ત્યારે પ્રદેશમાંથી ઓચિંતુ તેડુ મોકલવામાં આવશે. હવે વિધાનસભાની ચૂંટણીના આડે માત્ર દોઢ વર્ષ જેટલો સમય બાકી રહ્યો છે. જયારે તમામ મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતમાં જ્ઞાતિ-જાતિના સમીકરણોને આધારે પદાધિકારીઓની નિમણુંક કરવાની પક્ષની ગણતરી છે. એક બેઠકમાં આ શક્ય નથી. આગામી ૬ મે સુધીમાં બે થી ત્રણવાર જિલ્લા કે શહેર ભાજપ પ્રમુખને હાઈ કમાન્ડનું તેડુ આવી શકે છે. એટલે તમામને પોતાના શહેર કે, જિલ્લામાં જ રહેવાની સુચના આપવામાં આવી છે. ગુજરાત ન છોડવાની કડક સુચના અપાઈ હોવાનું જાણવા મળી રહ્યુ છે.

આવતા સોમવાર સુધીમાં તમામ જનપ્રતિનિધિઓના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરી દેવાયા બાદ મંગળવારથી વહીવટ દાર દ્વારા અલગ અલગ મહાપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં પદાધિકારીઓની નિમણુંક કરવા માટે બોર્ડ બેઠક બોલાવાનો એજન્ડા પ્રસિદ્ધ કરવામાં આવે તેવું લાગી રહ્યું છે. જેને ધ્યાનમાં લઈ આવતા સપ્તાહથી ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક પણ મળી શકે છે. તમામ શક્યતાઓને ધ્યાનમાં રાખી હાલ હાઈ કમાન્ડ દ્વારા શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખ તથા સંકલન સમિતિના સભ્યોને અગત્યનું કે ઈમરજન્સી કામ ન હોય તો ગુજરાતની બહાર ન જવા પણ સુચના આપી દેવામાં આવી છે. વધીને ૧૦ થી ૧૨ દિવસમાં તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલી પાંખને કાર્યરત કરી દેવાની સરકાર અને સંગઠનની ગમતરી હોય તેવું લાગી રહ્યું છે.

# ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના નામ સોમવાર સુધીમાં ગેઝેટમાં થઈ જશે પ્રસિદ્ધ

## મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં પદાધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા ૧૨ મે સુધીમાં આટોપી લેવાની ગણતરી

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ગત રવિવારે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ આજે સવારથી તમામ સ્થળોએ મતગણતરી ચાલી રહી છે. સાંજ સુધીમાં મોટાભાગની બેઠકોના પરિણામ આવી જશે જનપ્રતિનિધિ તરીકે ચુંટાયેલા લોકોના નામ રાજ્ય સરકારના ગેઝેટમાં આગામી સોમવાર સુધીમાં પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. દરમિયાન ૧૨મી મે સુધીમાં ૧૫ મહાનગરપાલિકાઓ અને ૩૪ જિલ્લા પંચાયતોમાં નવા પદાધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા પૂર્ણ કરી લેવાની સરકારની ગણતરી હોય તેવું હાલ લાગી રહ્યું છે. તાલુકા પંચાયત અને નગરપાલિકામાં પદાધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા ૧૫ મે સુધીમાં આટોપી લેવામાં આવશે.

એસઆઈઆરની કામગીરીના કારણે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પાછી ઠેલાઈ હતી. જેના કારણે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં છેલ્લા દોઢ મહિનાથી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે. વિકાસ કામ ઉપર જાણે બ્રેક લાગી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. આજે મતગણતરી પૂર્ણ થયા બાદ તમામ જનપ્રતિનિધિઓના નામ જે ચૂંટણીમાં વિજેતા બન્યા છે તે તમામ નામ જે તે જિલ્લાના ચૂંટણી અધિકારી દ્વારા રાજ્ય ચૂંટણી આયોગને મોકલી દેવામાં આવશે. ત્યાર બાદ તમામના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. સામાન્ય રીતે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓમાં નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની કામગીરી મતગણતરી પૂર્ણ થયા બાદ ચારથી પાંચ દિવસમાં પૂરી થતી હોય છે. આગામી સોમવાર સુધીમાં તમામ જનપ્રતિનિધિઓના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. ત્યાર બાદ શહેરી વિભાગ દ્વારા તમામ સ્થળે વહીવટદારાને પદાધિકારીઓને નિમણુંક કરવા માટે બોર્ડ બેઠક બોલાવાની સુચના આપવામાં આવશે. જેને પગલે વહીવટદાર દ્વારા પાંચ દિવસની મુદતમાં બોર્ડ બેઠક બોલાવામાં આવશે જેમાં પ્રથમ બોર્ડમાં પદાધિકારીઓની નિયુક્તિ કરી દેવામાં આવશે. સુત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગત મુજબ આવતા સોમવાર સુધીમાં જનપ્રતિનિધિઓના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરી વધીને ૧૨મી મે સુધીમાં મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં પદાધિકારીઓની નિમણુંક કરવાની પ્રક્રિયા આટોપી લેવામાં આવશે. ત્યાર બાદ તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પદાધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. આગામી ૧ થી ૫ મે દરમિયાન સુરતમાં વાઈબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સ યોજાવાની છે. આ કોન્ફરન્સ પૂર્ણ થયા બાદ રાજ્ય સરકાર દ્વારા તમામ મહાપાલિકા અને જિલ્લા પંચાયતમાં પદાધિકારીની નિમણુંક કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. દોઢ મહિનાથી વહીવટ દાર શાસન હોવાના કારણે વિકાસ કામો પર થોડાઘણા અંશે અસર ચોક્કસ પડી છે. હવે ઝડપથી તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટાયેલી બોડી કાર્યરત થઈ જાય તેવી ગણતરી સાથે આ કાર્યવાહી હાથ પર લેવામાં આવશે. બની શકે કે આવતા સપ્તાહના અંત સુધીમાં પણ કેટલીક મહાપાલિકાઓમાં પદાધિકારીઓની નિમણુંક કરી દેવામાં આવે.

# રાજકોટમાં હશે જનરલ પુરૂષ મેયર જ્યારે ભાવનગર અને જામનગરમાં મહિલાના શીરે પ્રથમ નાગરિકનો તાજ

## રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખપદ માટે ઓબીસી અનામતઃ મોરબી મહાપાલિકામાં ઓબીસી, સુરેન્દ્રનગર મહાપાલિકામાં એસસી મહિલા, ગાંધીધામમાં જનરલ મહિલા અને પોરબંદર મહાપાલિકામાં જનરલ કેટેગરીને મળશે મેયર પદ

**અબતક, રાજકોટ**

રાજ્યની મુખ્ય છ મહાપાલિકા અને નવરચિત નવ મહાનગરપાલિકા માટે મેયર પદ માટે રોટેશન જાહેર કરી દેવામાં આવ્યું છે. જેમાં રાજકોટ મહાપાલિકામાં પ્રથમ અઢી વર્ષ માટે જનરલ કેટેગરીના પુરુષ કોર્પોટરની મેયર તરીકે નિમણુંક કરવામાં આવશે. જ્યારે ભાવનગર અને જામનગરમાં મેયરનો તાજ પ્રથમ અઢી વર્ષ માટે મહિલાઓના શીરે મુકવામાં આવશે. જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે પણ રોટેશન મહિનાઓ અગાઉ જાહેર કરી દેવામાં આવ્યું છે.

રાજ્યની જૂની છ મહાપાલિકાઓમાં આગામી પાંચ વર્ષ માટે જાહેર કરવામાં આવેલા મેયર રોટેશન જાહેર કરી દેવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ મહાનગરપાલિકામાં પ્રથમ અઢી વર્ષની ટર્મ ઓબીસી કેટેગરી માટેની રહેશે. જ્યારે બીજી અઢી વર્ષની ટર્મ મહિલા નગરસેવિકા માટે અનામત જાહેર કરવામાં આવી છે.

સુરતમાં પ્રથમ અઢી વર્ષની ટર્મ મહિલા મેયર રહેશે જ્યારે બીજા અઢી વર્ષની ટર્મ જનરલ કેટેગરી માટે રાખવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકામાં પ્રથમ અઢી વર્ષની ટર્મ એસસી કેટેગરી માટે અનામત રખાઈ છે. જ્યારે બીજા અઢી વર્ષની ટર્મ ઓબીસી કેટેગરીના મહિલા નગરસેવિકા માટે અનામત જાહેર કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકામાં પ્રથમ અઢી વષની ટર્મ જનરલ કેટેગરી માટે અને બીજા અઢી વર્ષની ટર્મ એસસી કેટેગરીના મહિલા ઉમેદવાર માટે અનામત જાહેર કરાઈ છે.

જ્યારે ભાવનગર મહાનગરપાલિકામાં પ્રથમ અઢી વર્ષની ટર્મ મહિલા માટે અને બીજા અઢી વર્ષની ટર્મ જનરલ કેટેગરીની ટર્મ અનામત રાખવામાં આવી છે. જામનગરમાં પ્રથમ અઢી વર્ષની ટર્મ મહિલા મેયર હશે જ્યારે પાછલી અઢી વર્ષની ટર્મ જનરલ કેટેગરી માટે અનામત રહેશે. સૌરાષ્ટ્ર-કચ્છની નવનિયુકત ચાર મહાપાલિકાઓમાં નજર કરવામાં આવે તો મોરબી મહાનગરપાલિકામાં ઓબીસી કેટેગરી માટે પ્રથમ અઢી વર્ષની ટર્મ અનામત રાખવામાં આવી છે. જ્યારે ગાંધીધામના પ્રથમ મેયર બનવાનું બહુમાન મહિલા નગરસેવિકાને પ્રાપ્ત થશે જ્યારે પોરબંદરમાં જનરલ કેટેગરીમાંથી ચૂંટાયેલા કોર્પોરેટર મેયર બનશે. સુરેન્દ્રનગરમાં એસસી કેટેગરીમાંથી ચૂંટાયેલા મહિલાને મેયર પદનું ઈનામ મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખપદ માટે જાહેર કરવામાં આવેલા રોટેશનમાં દ્વારકા જિલ્લા પંચાયતમાં એસસી મહિલા અનામત કચ્છમાં એસટી અનામત, સુરેન્દ્રનગરમાં ઓબીસી મહિલા, રાજકોટમાં ઓબીસી કેટેગરી, અમરેલી, બોટાદ, જામનગર, જૂનાગઢ અને પોરબંદર જિલ્લા પંચાયતમાં જનરલ કેટેગરીમાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિ માટે પ્રમુખ પદ અનામત રાખવામાં આવ્યું છે.

# રાજયભરમાં ગરમીનો પ્રકોપ યથાવતઃ લોકો ત્રાહિમામ

## ૪૪.૨ ડિગ્રી સાથે અમદાવાદ રાજયનું સૌથી ગરમ શહેર : ૧૧ નગરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ


**અબતક, રાજકોટ**

રાજયભરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. રવિવાર બાદ સોમવારે પણ આકાશમાંથી અગન વર્ષા થવા પામી હતી. ૧૧ શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ રહેવા પામ્યા હતો ૪૪.૨ ડિગ્રી સાથે અમદાવાદ રાજયનુ સૌથી ગરમ શહેર રહ્યું હતુ.

આજે પણ રાજયભરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૩થી ૪૪ ડિગ્રી વચ્ચે રહેશે. અંગ દઝાડતી ગરમીથી જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે.

આગામી દિવસોમાં પણ સૂર્યનારાયણનો તાપ યથાવત રહેશે. રવિવારની સરખામણીએ સોમવારે તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાયો હતો. સવારથી આકરી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

હવામાન વિભાગના રેકોર્ડ પર ગઈ કાલે સોમવારે અમદાવાદનું તાપમાન ૪૪.૨ ડિગ્રી સે. નોંધાયું હતું. જે રાજ્યભરમાં સૌથી વધુ રહેવા પામ્યું હતું. આ ઉપરાંત ડીસાનું તાપમાન ૪૨.૨ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૩.૪ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગર ૪૧.૯ ડિગ્રી, દક્ષિણ ગુજરાતમાં વડોદરાનું તાપમાન ૪૧.૬ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૫.૧ ડિગ્રી, દમણનું તાપમાન



૩૫.૨ ડિગ્રી, કચ્છમાં ભૂજનું તાપમાન ૪૩.૮ ડિગ્રી, નલિયાનું તાપમાન ૩૮.૪ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૯.૩ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૪૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સૌરાષ્ટ્રમાં અમરેલીનું તાપમાન ૪૩.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૨.૩ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૩.૩ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૨.૯ ડિગ્રી, દીવનું તાપમાન ૩૯.૨ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૨.૮ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૭.૬ ડિગ્રી અનેકેશોદનું તાપમાન ૪૦.૯ ડિગ્રી નોંધાયું હતું. આજે પણ રાજ્યભરમાં અમુક સ્થળોએ યલો એલર્ટ અને અમુક સ્થળોએ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આજે રાજકોટનું ન્યુનતમ તાપમાનનો પારો ૨૫.૮ ડિગ્રી નોંધાયો હતો. જે જોતા તેવું લાગી રહ્યું છે કે, આજે પણ આકાશમાંથી અગન વર્ષા યથાવત રહેશે. કાળઝાળ ગરમીના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. મે માસમાં હજી ઉનાળો વધુ આકરો બને તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. મે માસમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચી જાય તેવી દહેશત જણાઈ રહી છે. છેલ્લા ચાર દિવસથી અસહ્ય અને અંગ દઝાડતી ગરમીના કારણે બપોરના સુમારે રાજમાર્ગો પર સ્વયંભૂ સંચારબંધી જેવો માહોલ સર્જાય જતો હોય છે. રાજ્યસરકાર દ્વારા હિટ વેવને લઈને નવી માર્ગદર્શીકા પણ જાહેર કરવામાં આવી છે. કામ સિવાય બપોરના સમયે લોકોને ઘરની બહાર ન નિકળવા પણ અપીલ કરવામાં આવી છે. શાળાના સમયમાં પણ ફેરફાર કરી દેવામાં આવ્યો છે.